Wednesday 12, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૮૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીના વિકાસ માટે મનપાને રૂા. ૫૫ કરોડની ગ્રાન્ટ મળી

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ગ્રાન્ટનો ચેક મેયર દક્ષાબેન પટેલ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ અને દંડક સુનિતાબેન તિવારી ને અર્પણ કરાયો**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી શહેરના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વાપી મહાનગરપાલિકાને રૂ. ૫૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વાપી મનપાના પ્રતિનિધિઓને રૂ. ૫૫ કરોડની ગ્રાન્ટનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા જનકલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી લોકહિતલક્ષી યોજનાઓ તથા વિવિધ વિકાસકાર્યોને સતત વેગ આપવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત વાપી શહેરમાં માળખાકીય સુવિધાઓના વિકાસ તેમજ નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીશભાઈ પટેલ, દંડક સુનિતાબેન તિવારી તથા મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી (IAS) દ્વારા રૂ. ૫૫ કરોડની ગ્રાન્ટનો ચેક સ્વીકારવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ અને શહેરી વિકાસ તથા શહેરી ગૃહનિર્માણ વિભાગના માર્ગદર્શન હેઠળ મળેલી આ ગ્રાન્ટથી વાપી શહેરની માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવા, નાગરિક સુખાકારી વધારવા તેમજ શહેરના સર્વાંગી વિકાસને વેગ આપવાના વિવિધ કામો હાથ ધરવામાં આવશે. આ રૂા. ૫૫ કરોડમાંથી વાપીના અનેક વિસ્તારમાં વિકાસના કામો હાથ ધરવામાં આવશે.

## વાપીના વિકાસ માટે સંયુક્ત બેઠક યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી શહેરી વિકાસ સત્તામંડળની વિકાસ યોજના તૈયાર કરવાની પ્રક્રિયા અંતર્ગત વિવિધ સરકારી અને બિનસરકારી હિતધારકોના સૂચનો અને અભિપ્રાયો મેળવવા માટે આગામી ૧૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે ૧૨ કલાકે વાપીના રોફેલ કોલેજ, નામધા કેમ્પસ પાસે આવેલા પદ્મભૂષણ રજ્જુ શ્રોફ ઓડિટોરિયમ હોલ ખાતે સંયુક્ત બેઠક યોજાશે. ગુજરાત સરકાર દ્વારા તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના જાહેરનામા અંતર્ગત વાપી નગરપાલિકા વિસ્તાર ઉપરાંત વાપી તાલુકાની ૧૧ ગ્રામ પંચાયતો– બલીઠા, સલવાવ, છીરી, છરવાળા, ચણોદ, કરવડ, નામધા, ચંડોર, મોરાઈ, વટાર, કુંતા તથા તરક-પારડી વિસ્તારને આવરી લઈ વાપીને મહાનગરપાલિકા તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા અંતર્ગત વાપી શહેરી વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવી છે. આ સત્તામંડળમાં વાપી મહાનગરપાલિકા વિસ્તાર ઉપરાંત આસપાસના ગામોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. હાલ વાપી મહાનગરપાલિકા દ્વારા નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળના નિયમો મુજબ VUDA માટે વિકાસ યોજના તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. વાપી શહેરી વિકાસ સત્તામંડળ અને વલસાડ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં નગરના વિકાસને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવશે અને લોકો તથા હિતધારકોના અભિપ્રાયો મેળવવામાં આવશે.



### ખેરગામ પાસે વડપાડામાં ૧૨૫ ફૂટ ઉંચો ફુવારો ફૂટયો!

દમણગંગાથી શરૂ થઈને ચીખલી તાલુકાના કલીયારી સુધીમાં સંખ્યાબંધ ગામોને પાણી પૂરું પાડતી દમણ ગંગા મુખ્ય બલ્ક પાઈપ લાઈનમાં ભંગાણ પડતાં ખેરગામ તાલુકાના વડપાડા ગામની હદમાં પાણીનો ફુવારો લગભગ ૧૦૦થી ૧૨૫ ફૂટ જેટલો ફુવારો ઊંચે ઉડતા લોકો કુતુહલવસ થઈને ઘટના સ્થળે ઉમટી પડ્યા હતાં. ઘટનાની જાણ અધિકારીઓને થતા ઘટના સ્થળે દોડી ગયા હતા.

## વશીયરના બ્રિજ અંગે ચીમકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ તાલુકાના વશીયરગામે સરકારી તિજોરીના નાણાંનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર રીતે બ્રિજ અને પ્રોટેક્શન વોલનું નિર્માણ ભાજપના એક નેતાના સંબંધીની અંગત વપરાશની જમીન માટે કરવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો સાથે યુથ કોંગ્રેસ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આગામી ૨૪ કલાકમાં સંતોષકારક જવાબ કે કાર્યવાહી કરવામાં નહીં આવે તો ૧૩ ઓગસ્ટ ૨૦૨૬થી ભૂખ હડતાળ પર બેસવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આ અંગે અગાઉ અનેક રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર પગલાં લેવાયા નથી.

આ બ્રિજ નિર્માણ એસઆઈટી દ્વારા નિષ્પક્ષ તપાસ અને જવાબદારો સામે કડક પગલાની પણ માંગણી કરવામાં આવી છે. તથા કલેક્ટર દ્વારા બ્રિજની માંગણીથી લઈને અત્યાર સુધીની તમામ સ્થિતિ જાહેરપ્રજા સમક્ષ પ્રેસ કોન્ફરન્સ કરીને સ્પષ્ટ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે.



### દમણમાં ઢીંગલા-ઢીંગલી વિસર્જન

દમણમાં માછી સમુદાય દ્વારા પરંપરાગત ઢીંગલા-ઢીંગલી વિસર્જન કાર્યક્રમ ભક્તિ અને ઉત્સાહ સાથે યોજવામાં આવ્યો હતો. સમુદાયના સભ્યોએ પરંપરાગત રીતરિવાજો અનુસાર ઢીંગલા-ઢીંગલીની પૂજા કરી અને શોભાયાત્રાના રૂપમાં વિસર્જન સ્થળ પર પહોંચ્યા. આ કાર્યક્રમમાં સમુદાયની મોટી સંખ્યામાં મહિલાઓ, પુરુષો અને બાળકોએ ભાગ લીધો હતો. પરંપરાગત ગીતો, સંગીત અને ઉલ્લાસ વચ્ચે ઢીંગલા-ઢીંગલીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન સમુદાયના સભ્યોએ પરસ્પર ભાઈચારો અને સામાજિક એકતાનો સંદેશ પણ આપ્યો હતો. ઢીંગલા-ઢીંગલી વિસર્જન એ માછી સમુદાયની પરંપરાગત ધાર્મિક-સાંસ્કૃતિક પરંપરાનો એક ભાગ છે, જેને સમુદાયના સભ્યો ઉત્સાહ અને ભક્તિ સાથે ઉજવે છે (તસવીર : પ્રદિપ ભાવસાર, દમણ)

## વલસાડ છીપવાડ ગરનાળું ફરી ૧૫ દિવસ માટે બંધ


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ જિલ્લા તેમજ ઉપરવાસમાં ગત તારીખ ૨૩ જુલાઈના રોજ આવેલા પૂરના કારણે છીપવાડ રેલવે અંડરપાસને ભારે નુકસાન પહોંચ્યું હતું. પૂરમાં પાણી ઓસર્યા બાદ રસ્તા અને ગરનાળાની મજબૂતીને પહોંચેલા નુકસાનને ધ્યાનમાં રાખીને, રેલવે વિભાગે આગામી ૧૫ દિવસ માટે આ અંડરપાસ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરીને સમારકામ હાથ ધર્યું છે.



વલસાડથી ડુંગર તરફ જતા સ્ટેટ હાઈવેના ૧૦૦ ફૂટ જેટલા રસ્તાની સાઈડની દિવાલ ધસી પડી હતી. જેના કારણે વલસાડના છીપવાડ ગરનાળામાં પાણીનો ભરાવો થયો હતો. જો કે નગરપાલિકા કે માર્ગ મકાન દ્વારા ગરનાળામાંથી કાદવ-કિચડ તેમજ પાણી હટાવી કપચા નાખી રસ્તો પુરવામાં આવ્યો હતો. ૧૫ દિવસ સુધી વલસાડ-ખેરગામ રસ્તો બંધ કરવામાં આવતા વાહન ચાલકોએ ગુંદલાવ-ધરમપુર ચોકડી થઈ વલસાડ જવાની ફરજ પડી હતી. જોકે રસ્તો ખુલ્યા બાદ આ રસ્તા પર ફરીથી ખાડા ખબોચિયાથી વાહન ચાલકો ત્રાસી ગયા હતા. આ છીપવાડ ગરનાળું વલસાડ શહેરને આસપાસના ગ્રામ્ય વિસ્તારો અને વલસાડ સ્ટેટ હાઈવે સાથે જોડતી મુખ્ય કડી સમાન છે. ગરનાળું બંધ થવાથી વલસાડ શહેર સહિત પંચકોશી રોડ પર આવેલા ૪૪ જેટલા ગામોના ગ્રામજનો, નોકરીયાતો અને વિદ્યાર્થીઓની મુશ્કેલીમાં મોટો વધારો થયો છે. દરરોજ હજારોની સંખ્યામાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, અપ-ડાઉન કરતા નોકરીયાત વર્ગ અને વેપારીઓ અહીંથી પસાર થાય છે. ગરનાળું બંધ થતાં હવે લોકોને કિલોમીટરો સુધીનો લાંબો ફેરો ફરીને શહેર તરફ આવવું પડી રહ્યું છે, જેના કારણે ભારે ટ્રાફિક જામની સાથે લોકોના સમય અને ઈંધણનો બગાડ થઈ રહ્યો છે.જોકે રેલવે વિભાગ દ્વારા રીપેરીંગ કરવાની પરવાનગી નગરપાલિકાને આપવામાં આવી હતી રેલવે તંત્ર દ્વારા ચલાવવામાં આવી રહેલી આ સમારકામની કામગીરી આગામી તા. ૮ મી ૨૩ ઓગસ્ટ સુધી રીપેરીંગ કામ ચાલતા ફરીથી વલસાડ-ખેરગામ રોડ બંધ કરાતા વાહન ચાલકોએ ગુંદલાવ ધરમપુર ચોકડી થઈ વલસાડ જવાની ફરજ પડશે.



## બીલીમોરાની જે. જે. મહેતા હાઈસ્કુલમાં દેશભક્તિ ગીત અને ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૧ :** ફ્રેન્ડસ ન્યુ ઈંગ્લીશ સ્કુલ સંચાલિત જે. જે. મહેતા હાઈસ્કુલ, બીલીમોરા ખાતે મંગળવારે વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના પ્રજ્વલિત કરવા તેમજ તેમની સુષુપ્ત શક્તિઓને મંચ પૂરો પાડવાના ઉદ્દેશ્યથી 'દેશભક્તિ ગીત' અને 'ફેન્સી ડ્રેસ' સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રાંગણમાં યોજાયેલા આ રંગારંગ કાર્યક્રમમાં નર્સરીથી ધોરણ-૮ ના વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો.

સૌપ્રથમ યોજાયેલી ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં નાના-નાના બાળકોએ ભારતમાતા, મહાત્મા ગાંધી, શહીદ ભગતસિંહ અને ઝાંસીની રાણી જેવા અમર દેશભક્તોના વેશ પરિધાન કરી વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું. આ ઉપરાંત, સામાજિક જાગૃતિ આપતા સંદેશાઓ, ઐતિહાસિક પાત્રો અને પ્રકૃતિના વિવિધ રૂપો ધારણ કરીને બાળકોએ સ્ટેજ પર પોતાની અનોખી કળા પાથરી હતી.ત્યારબાદ યોજાયેલી દેશભક્તિ ગીત સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વ્યક્તિગત તેમજ સામૂહિક રીતે એકથી ચડિયાતા સુમધુર રાષ્ટ્રપ્રેમના ગીતો રજૂ કર્યા હતા. બાળકોના બુલંદ અવાજ અને ઉત્સાહપૂર્વકની રજૂઆતે ઉપસ્થિત તમામ શિક્ષકો, વાલીઓ અને નિર્ણાયકોના દિલ જીતી લીધા હતા.

સ્પર્ધાના અંતે નિર્ણાયકો દ્વારા બંને સ્પર્ધાના વિજેતા બાળકોના નામોની જાહેરાત કરવામાં આવી હતી. શાળાના આચાર્યા રાઠોડ મયુરીબેને પોતાના પ્રવચનમાં તમામ સ્પર્ધકોની મહેનતને બિરદાવી ઉત્સાહવર્ધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. અંતમાં સમૂહમાં રાષ્ટ્રગીતનું ગાન કરીને કાર્યક્રમનું ભાવસભર સમાપન કરવામાં આવ્યું હતું.

## નવસારીમાં સેવા સેતુ અને સરકારી યોજનાઓ માટે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

**નવસારી, તા.૧૧ :** નવસારી ગ્રામ્ય વિસ્તારના આસુંદર, પ્રાથમિક શાળા, ખાતે સેવા સેતુ અને Government Scheme Saturation અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ નયનભાઈ પટેલ સહિત સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમ અંગે અગાઉથી વ્યાપક પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હોવાથી મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં. વિવિધ સરકારી યોજનાઓના લાભથી કોઈ પાત્ર લાભાર્થી વંચિત ન રહે અને તમામ પાત્ર લાભાર્થીઓ સુધી યોજનાઓનો મહત્તમ લાભ પહોંચે તે માટે નાગરિકોને યોજનાઓ અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ વિવિધ યોજનાઓમાં



સેચ્યુરેશન લેવલ હાંસલ કરવા માટે જનજાગૃતિ અને જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, આગામી તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પિનસાડ ગામે દામોદેશ્વર કોમ્યુનિટી હોલ ખાતે તથા તા.૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કોળી પટેલ સમાજની વાડી, ખડસુપા બૉર્ડિંગ, અષ્ટગામ ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયની ADIP યોજના તથા રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત લાભાર્થીઓને આવકના દાખલા મેળવવામાં સરળતા રહે તે માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં પાત્ર લાભાર્થીઓ ઉપસ્થિત રહી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવી શકે તે માટે તંત્ર દ્વારા વ્યાપક પ્રચાર-પ્રસાર અને જનજાગૃતિ હાથ ધરવામાં આવી રહી છે.

## ખેરગામ રેફરલમાં તબીબી સુવિધા વધી

**ખેરગામ, તા.૧૧ :** ખેરગામ તાલુકા મથકે સામૂહિક આરોગ્ય કેન્દ્ર-રેફરલ હોસ્પિટલ બહેજ માર્ગે આદિવાસી પ્રજાને તબીબી સેવા પૂરી પાડે છે. તબીબી સેવામાં છેલ્લા છ માસથી ડૉ. શુભમ કોલ્હે ફિઝિશિયન તરીકે કાર્યરત છે. ગત માસમાં ડૉ. અર્પિતા ચૌધરી એમએસ ગાયનેકની નિમણૂંક થઈ છે. જેમની પાસે ત્રણ વર્ષનો અનુભવ છે અને સ્ત્રી રોગ - પ્રસુતિમાં નિષ્ણાંત છે. જ્યારે ડૉ. શ્વેતા કા. પટેલ એમએસ સર્જન તરીકે સેવા બજાવી રહી છે જેમણે પણ અહીં સફળ સીઝેરીયન શસ્ત્રક્રિયા પણ કરી છે. દંત ચિકિત્સા, બાળકોના નિષ્ણાતની પણ સેવા ઉપલબ્ધ છે. ડૉ. દિવ્યાંગ પટેલ, વિપુલ પટેલ, ડૉ. કેતનભાઈ પટેલ દંપતી અને એનેસ્થેસીસ્ટ રુજલ પટેલ પણ અધિક્ષક તરીકેની જવાબદારી નિભાવે છે. આ રીતે આદિવાસી પ્રજામાં રેફરલ હોસ્પિટલની સેવાનો લાભ અનેક દર્દીઓ લઈ રહ્યા છે.

## બીલીમોરામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૧ :** વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે રવિવારે બીલીમોરા શહેરમાં આદિવાસી સમાજના આગેવાનો અને યુવાનો દ્વારા ભવ્ય રેલી તથા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે સાંજે રેલ્વે ઓવર બ્રિજ પાસે જે જે મહેતા હાઈસ્કુલથી નીકળેલી વિશાળ રેલી બીલીમોરાના મુખ્ય માર્ગો પર ફરી હતી, જેમાં ઢોલ, તાશા અને પરંપરાગત વાદ્યોના તાલે આદિવાસી સંગીત અને નૃત્યે ભારે આકર્ષણ જમાવ્યું હતું. ઉજવણીમાં મહિલાઓએ રંગબેરંગી પરંપરાગત વસ્ત્રો પહેરીને સંસ્કૃતિની ઝલક રજૂ કરી હતી, જ્યારે યુવાનો અને બાળકો



પણ પરંપરાગત વેશભૂષામાં ઉત્સાહભેર જોડાયા હતા, જેનાથી સમગ્ર શહેર આનંદમય અને જીવંત બની ગયું હતું.

કાર્યક્રમ માત્ર સંસ્કૃતિની ઉજવણી પૂરતો મર્યાદિત ન રહેતા એકતા અને સેવાનો સંદેશ આપતો મહોત્સવ બની રહ્યો હતો. સમાજના અગ્રણીઓ દ્વારા તાજેતરમાં આવેલા પૂર દરમિયાન નિષ્ઠાપૂર્વક સેવા આપનાર સંસ્થાઓ તેમજ રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને પ્રમાણપત્ર આપીને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ તકે સમાજના આગેવાનોએ યુવાનોને પોતાની મૂળ સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવાની સાથે શિક્ષણ અને ખેલકૂદ ક્ષેત્રે આગળ વધવા પ્રેરિત કર્યા હતા. મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ વચ્ચે આયોજિત કાર્યક્રમે બીલીમોરા શહેરમાં એક યાદગાર છાપ છોડી હતી.

## વાંસદાની ખેતીબેન્ક શાખામાં તમામ હોદ્દેદારો બિન હરીફ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૧૧ :** ગુજરાત રાજ્ય ખેતી બેન્કની વાંસદા શાખામાં ઉમેદવારોની નિયત તારીખે જેટલી જગ્યા ભરવાની હતી એટલા જ ઉમેદવારોના ફોર્મ આવતાં આ મુજબના હોદ્દેદારો બિન હરીફ હોદ્દેદારોમાં જિલ્લા પ્રતિનિધિ શંકરભાઈ શામજીભાઈ ગાંવિત (ખાનપુર) તથા શાખા સમિતિનાં સભ્યો (૧) વર્તમાન પ્રમુખ, અનુપસિંહ સોલંકી (૨) નવલુભાઈ બાબજીભાઈ સતિમાળ (૩) સુભદ્રાબેન નવનીતભાઈ ખાનપુર અત્રેએ યાદ અપાવવું જરૂરી છે કે અનુપસિંહ સોલંકી છેલ્લા ૫૬ વર્ષ ખેતી બેન્ક સાથે સંકળાયેલા છે. એકાદ બે અપવાદ બાદ કરતાં કાયમ બિનહરીફ ચુંટાતા રહ્યા એવાં સમયે રાષ્ટ્રીય કૃત બેન્કો ખેડૂતોને ધિરાણ આપવવામાં ઉદાસી થતી અને



ખેડૂતો પાસે લોન માટે બેન્ક સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો એવાં કપરા સંજોગોમાં ખેતી બેન્ક ખેડૂતોને ઉદારતા અને સરળતા પૂર્વક ધિરાણ કરીને ખેડૂતોનાં દિલ જીતી લીધા.

ગુજરાત રાજ્ય ખેતી બેન્ક શાખા સમિતિનું પોતાની બેન્કની માલિકીનું મકાન પહેલું પહેલું વાંસદા શાખાનું બન્યું અને એનું ઉદ્દઘાટન એ સમયનાં ગુજરાત ખેતી બેન્કનાં ચેરમેન કનુભાઈ પટેલનાં હસ્તે કરાયું હતું.

## વાંસદા ચંપાવાડીના પૂરગ્રસ્તોને અનાજની કિટ વિતરણ કરાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૧૧ :** દક્ષિણ ગુજરાતમાં જુલાઈ માસ દરમિયાન વરસેલા ભારે વરસાદને કારણે વાંસદાના ચંપાવાડી વિસ્તારમાં પૂરની ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. પૂરનાં પાણીના કારણે અનેક પરિવારોનાં ઘરો, ઘરવખરી તેમજ જીવનજરૂરિયાતની વસ્તુઓને ભારે નુકસાન થયું હતું. આવી મુશ્કેલ ઘડીએ જરૂરિયાતમંદ પરિવારોની પડખે ઊભા રહેવાના માનવતાભર્યા આશયથી સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, વાંસદા દ્વારા સેવાયજ્ઞ હાથ ધરવામાં આવ્યો હતો. કૉલેજના આચાર્ય ડૉ. વાય. જે. મિસ્ત્રી ના માર્ગદર્શન હેઠળ IQAC કમિટી, સપ્તધારા અંતર્ગત સામુદાયિક સેવા ધારા, રાષ્ટ્રીય સેવા યોજના (NSS) તથા સાંસ્કૃતિક સમિતિના સંયુક્ત ઉપક્રમે પૂરગ્રસ્ત પરિવારો માટે રાહતસહાય એકત્રિત કરવામાં આવી હતી.આ સેવાકાર્યને સફળ બનાવવા કૉલેજના શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં અભ્યાસ કરતા F.Y., S.Y. અને T.Y. B.A., B.Com. તથા F.Y. B.Sc.ના વિદ્યાર્થીઓએ 'એક મુઠ્ઠી અનાજ' પહેલ અંતર્ગત પોતાના ઘરેથી ચોખા તથા દાળનું સ્વૈચ્છિક દાન આપ્યું હતું. વિદ્યાર્થીઓ ઉપરાંત કૉલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ પણ આ સેવાકાર્યમાં યથાશક્તિ સહયોગ આપ્યો હતો. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કર્મચારીઓના સહિયારા પ્રયાસોથી એકત્રિત થયેલી સહાયમાંથી ચંપાવાડી વિસ્તારના આશરે ૩૫ જરૂરિયાતમંદ પૂરગ્રસ્ત પરિવારોને રાશન તથા કિચન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સહાયનું વિતરણ કૉલેજના આચાર્ય ડૉ. વાય. જે. મિસ્ત્રી સહિત અધ્યાપકો અને વિદ્યાર્થીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ.વાય.જે. મિસ્ત્રીનું માનવું છે કે, આપત્તિના સમયમાં જરૂરિયાતમંદ લોકોની પડખે ઊભા રહેવું એ માનવતાનું સર્વોચ્ચ કર્તવ્ય છે. વિદ્યાર્થીઓ માત્ર પુસ્તકી જ્ઞાન મેળવે એટલું જ નહીં, પરંતુ તેમનામાં સેવાભાવ, સંવેદનશીલતા અને સામાજિક જવાબદારીની ભાવના વિકસે તે પણ શિક્ષણનું મહત્વનું ધ્યેય છે. કૉલેજ પરિવારના આ સેવાકાર્ય દ્વારા 'સેવા પરમો ધર્મ:'ની ભાવનાને સાકાર કરવામાં આવી હતી. 'એક મુઠ્ઠી અનાજ' જેવી નાની પહેલને સામૂહિક સહયોગથી જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચાડીને વિદ્યાર્થીઓએ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આપત્તિગ્રસ્ત પરિવારો માટે હાથ ધરવામાં આવેલ આ માનવતાસભર પહેલ કૉલેજના 'સમાજ સાથે, સમાજ માટે'ના સેવાભાવને પ્રતિબિંબિત કરે છે.

## નવસારીથી સુરત તરફ જતા મિંઢોળા નદીના જૂના બ્રીજ પરથી ભારે વાહનો પર પ્રતિબંધ

**નવસારી, તા.૧૧ :** માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવસારીથી સુરત તરફના રસ્તાની ડાબી બાજુ આવેલા મિંઢોળા નદી પર આવેલા જૂના બ્રીજને તોડી તેની જગ્યાએ નવા બ્રીજના નિર્માણ માટેનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે. જેનું ખાતમુહૂર્ત થયા બાદ કામગીરી શરૂ કરવામાં આવશે. જેને ધ્યાને લઈને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. એન. લિખિયાએ એક જાહેરનામા દ્વારા મિંઢોળા નદી પર આવેલા જૂના બ્રીજ પરથી હેવી લોડેડ વ્હીકલોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

નવસારીથી સુરત તરફ જતા ભારે વાહનો માટે વૈકલ્પિક માર્ગ તરીકે જૂના બ્રીજની બાજુમાં આવેલા નવા બ્રીજનો ઉપયોગ કરવાનો રહેશે. વાહનચાલકોને બ્રીજ પર ચાલી રહેલી કામગીરીને ધ્યાનમાં રાખી વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com


## ડાંગ શામગહાનની જ્ઞાનદીપ શાળામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૧ :** ડાંગ જિલ્લાના શામગહાન ગામે ચૌહાણ ફળિયામાં આવેલી જ્ઞાનદીપ શાળા ખાતે શુક્રવારે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટી જગદીશભાઈ ગામીત, આચાર્ય રંજીતાબેન ગાવિત, કિરણભાઈ તથા સમગ્ર શાળા પરિવારના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં આદિવાસી સંસ્કૃતિ, પરંપરા, અસ્મિતા અને સમાજ જાગૃતિના સંસ્કારોનું સિંચન થાય તેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.આ કાર્યક્રમ અંતર્ગત વ્યસનમુક્તિ અને આજનો યુવાન કઈ દિશામાં જઈ રહ્યો છે તે અંગે સંદેશ આપતું નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આદિવાસી સમાજની સંસ્કૃતિ, અસ્મિતા અને તેના જતન અંગે વક્તૃત્વ સ્પર્ધા, ઢોલ-વાજિંત્ર વાદક સ્પર્ધા તેમજ વેશભૂષા સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. અહી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાની કળા અને પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગે આદિવાસી જનજાગૃતિ યુવા મંચ (SOI)ના યુથ લીડર નીતિનભાઈ રાઉત તથા અજયભાઈ ગાવિતે વિદ્યાર્થીઓને આદિવાસી સમાજ સામેના પડકારો, આદિવાસી સંસ્કૃતિના જતન અને આધુનિક યુગમાં પોતાની પરંપરા તથા ઓળખ જાળવી રાખવા અંગે માર્ગદર્શન આપ્યું હતુ.આજની પેઢીએ આધુનિકતા સાથે કદમ મિલાવવાની સાથે પોતાના સમાજના રીતિ-રિવાજો, પરંપરા, સંસ્કૃતિ અને અસ્મિતાને જાળવી રાખવા માટે વ્યક્તિગત સ્તરે પ્રયાસો કરવા જોઈએ તેવો સમાજ જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## વઘઈ તા. પં.માં ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટના કામો અંગે ટીડીઓને આવેદનપત્ર

**સાપુતારા, તા.૧૧ :** ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકા પંચાયત ક્ષેત્રમાં ૧૫મા નાણાંપંચની બચત ગ્રાન્ટ અંતર્ગત વિકાસ કામોના આયોજન અને મંજૂરી બાબતે વિપક્ષી સભ્યો સાથે અન્યાય અને પક્ષપાત થતો હોવાના ગંભીર આક્ષેપો સાથે ઉપપ્રમુખ સહીત સભ્યો દ્વારા તાલુકા વિકાસ અધિકારી (TDO)ને લેખિત આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, વઘઈ તાલુકા પંચાયતમાં ૧૫મા નાણાપંચની બચત ગ્રાન્ટમાંથી વિકાસના કામોનું આયોજન કરી તાલુકા પંચાયત કચેરી ખાતે સાદર કરવા માટે તાલુકા પંચાયતના તમામ સભ્યોને સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના



અનુસંધાનમાં તમામ સભ્યો દ્વારા પોતપોતાના વિસ્તારના કામોનું આયોજન તૈયાર કરીને કચેરીએ સાદર પણ કરવામાં આવ્યું હતું.જોકે, તાલુકા પંચાયતના વિપક્ષી સભ્યોએ આરોપ લગાવ્યો છે કે ઉપલી કક્ષાએથી કામોની વહીવટી મંજૂરી માટે જે યાદી નક્કી કરવામાં આવી હતી, તેમાં વિપક્ષના સભ્યોના ખૂબ જ નહિવત (ઓછા) પ્રમાણમાં કામો ફાઈનલ કરવામાં આવ્યા છે. તેની સરખામણીએ શાસક પક્ષના સભ્યોના મોટાભાગના કામોને ફાઈનલ કરી મંજૂરી માટે આગળ ધપાવવામાં આવ્યા છે, જે સીધો પક્ષપાત અને અન્યાય દર્શાવે છે.આ ઉપરાંત, ૧૫મા નાણાંપંચના કામોના આયોજન માટે શાસક પક્ષના સભ્યો પાસેથી લેખિતમાં માંગણી કરવામાં આવી હતી, જ્યારે વિપક્ષના તાલુકા સભ્યોને હજુ સુધી આ અંગે કોઈ જ અધિકૃત સૂચના આપવામાં આવી નથી.વિપક્ષી સભ્યોએ આ સમગ્ર બાબતે ભારે વિરોધ દર્શાવી કચેરી અને વહીવટી તંત્ર પાસે યોગ્ય સ્પષ્ટતા કરવાની માંગ કરી છે.આ આવેદનપત્રમાં કામોના આયોજન અંગેની ક્રોસિંગ નકલ પણ જોડાણ તરીકે રજૂ કરવામાં આવી છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૨-૦૮-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** અષાઢ, અમાસ, **સૂર્યોદય** : ૦૬ : ૧૮ **સૂર્યાસ્ત** ૦૭ :૧૦, **ચંદ્રોદય** - ૦૫:૩૨ **ચંદ્રાસ્ત** - ૦૭:૦૫ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - પુષ્ય

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** માનસિક શાંતિ રહેશે. કાર્યસ્થળ પર -શંસા મળશે. આર્થિક લાભના સારા યોગ છે.

**વૃષભ(બ.વ.ઉ) :** નવા કાર્યની શરૂઆત માટે શુભ દિવસ. પરિવાર તરફથી પૂરો સહયોગ મળશે.

**મિથુન(ક.છ.ઘ) :** વાણીમાં સંયમ રાખવો જરૂરી. અટકેલા કામ પૂરા થશે. સ્વાસ્થ્ય સારું રહેશે. કામમાં પ્રગતિ જોવા મળશે.સામાજિક જીવન સક્રિય રહેશે.

**કર્ક(ડ.હ) :** દિવસ દરમિયાન ભાગદોડ રહેશે, પરંતુ અંતે સફળતા મળશે. ખર્ચ ઉપર નિયંત્રણ રાખવું. આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ વધશે, જે તમને આંતરિક શાંતિ આપશે.

**સિંહ(મ.ટ.) :** નોકરીમાં પ્રમોશન અથવા નવા અવસર મળી શકે. ગુસ્સા પર નિયંત્રણ રાખવું જરૂરી. સર્જનાત્મક કાર્યમાં સફળતા મળશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** ધનલાભના યોગ છે. ભાગ્ય સાથ આપશે. લાંબા ગાળાના રોકાણ માટે સારો દિવસ.ખર્ચા પર નિયંત્રણ રાખશો તો દિવસ સરળ રહેશે.

**તુલા (ર.ત.) :** સ્વાસ્થ્ય પ્રત્યે સાવધાન રહેવું. નજીકના વ્યક્તિ સાથે વિવાદ ટાળવો. ટૂંકી મુસાફરીનો યોગ બની શકે છે. કામમાં ઉત્સાહ રહેશે.

**વૃશ્ચિક(ન.ય.) :** દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે. વ્યવસાયમાં ભાગીદારીથી લાભ થશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળી શકે. શત્રુઓ પર વિજય મળશે.

**મકર(જ.ખ) :** રચનાત્મક કાર્યોમાં રસ વધશે. સંતાન તરફથી ખુશખબર મળી શકે. પરિવાર સાથે આનંદભર્યો સમય પસાર થશે.

**કુંભ(ગ.શ.સ.) :** ભૌતિક સુખ-સુવિધાઓમાં વધારો થશે. માતા તરફથી લાભ શક્ય છે. વાહન ચલાવતી વખતે ખાસ સાવચેતી રાખવી.

**મીન(દ.ચ.ઝ.થ.) :** સાહસ અને પરાક્રમમાં વધારો થશે. ટૂંકી મુસાફરીના યોગ છે. ભાઈ-બહેનોનો સંપૂર્ણ સહયોગ મળશે.

## દમણ રેડિયો 102.3 FM

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૫૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | 2 | | | 5 | | 4 |
| | 7 | | | | | | | |
| | | 9 | | 5 | 6 | | 1 | 2 |
| | | | 3 | 1 | 5 | | | 7 |
| | | | | 8 | | | | |
| 9 | | | 6 | 2 | 4 | | | |
| 4 | 3 | | 9 | 6 | | 8 | | |
| | | | | | | | 4 | |
| 5 | | 6 | | | 2 | | 9 | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૫૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 2 | 7 | 9 | 4 | 1 | 8 | 5 | 6 |
| 4 | 1 | 9 | 5 | 6 | 8 | 3 | 7 | 2 |
| 6 | 8 | 5 | 2 | 3 | 7 | 4 | 1 | 9 |
| 2 | 6 | 1 | 7 | 5 | 4 | 9 | 3 | 8 |
| 9 | 7 | 4 | 6 | 8 | 3 | 1 | 2 | 5 |
| 5 | 3 | 8 | 1 | 9 | 2 | 6 | 4 | 7 |
| 8 | 5 | 2 | 3 | 1 | 9 | 7 | 6 | 4 |
| 7 | 4 | 3 | 8 | 2 | 6 | 5 | 9 | 1 |
| 1 | 9 | 6 | 4 | 7 | 5 | 2 | 8 | 3 |

# સ્થાનિક સમાચારો



## આજે ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં ડો. વિક્રમ સારાભાઈની જન્મજયંતિ ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૧ :** જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧.૦૦થી બપોરે ૨:૦૦ વાગ્યા દરમિયાન ડૉ. વિક્રમ સારાભાઈની ૧૦૭મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે.આ અવસર નિમિત્તે વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓમાં વિજ્ઞાન તથા અંતરિક્ષ વિજ્ઞાન પ્રત્યે રસ અને જિજ્ઞાસા વધે તે હેતુથી વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત “Dr. Vikram Sarabhai – The Visionary Behind India's Space Programme” વિષય પર લોકપ્રિય વિજ્ઞાન વ્યાખ્યાન આપવામાં આવશે. આ વ્યાખ્યાન દ્વારા ડૉ. વિક્રમ સારાભાઈના પ્રેરણાદાયક જીવન પ્રસંગો, ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના વિકાસમાં તેમનું યોગદાન તેમજ સમાજના વિકાસ માટે વિજ્ઞાન અને અંતરિક્ષ ટેકનોલોજીના ઉપયોગ અંગે માહિતી આપવામાં આવશે. આ ઉપરાંત ડૉ. વિક્રમ સારાભાઈના ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના યોગદાનને દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મનું સ્ક્રીનિંગ પણ કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન Hands on Activity અંતર્ગત વોટર રોકેટ બનાવવાની તથા તેના પ્રક્ષેપણની પ્રવૃત્તિ યોજાશે, જેમાં ભાગ લેનાર પ્રતિભાગીઓને રોકેટના કાર્યસિદ્ધાંત અને પ્રક્ષેપણ પાછળ રહેલા વૈજ્ઞાનિક સિદ્ધાંતોને પ્રાયોગિક રીતે સમજવાની તક મળશે. સાથે જ વિજ્ઞાન ડૉ. વિક્રમ સારાભાઈના જીવન આધારિત ક્વિઝનું આયોજન કરવામાં આવેલ છે, જેના દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક જ્ઞાન અને વિજ્ઞાન પ્રત્યેની જિજ્ઞાસાને પ્રોત્સાહન મળશે. અનુકૂળ હવામાનની સ્થિતિને આધિન આકાશદર્શન (Sky Observation Programme)નું આયોજન કરવામાં આવશે. આ દરમિયાન મુલાકાતીઓ ને ટેલિસ્કોપ દ્વારા સૂર્યકલંકો (Sunspots)નું નિરીક્ષણ કરવાની અનોખી તક પ્રાપ્ત થશે. આ પ્રવૃત્તિ દ્વારા નિરીક્ષકોને સૂર્યની સપાટી પર જોવા મળતા સૂર્યકલંકો અને સૂર્યના અવલોકન અંગે પ્રત્યક્ષ અનુભવ મળશે. જે તેમને સુર્યના અભ્યાસ અને સૂર્યની સપાટી ઉપર થતાં પરિવર્તનો વિશે જાણવાની ઉત્સુકતામાં વધારો કરશે.

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વિજ્ઞાનપ્રેમીઓ, તેમજ સામાન્ય નાગરિકોને આ કાર્યક્રમમાં ઉત્સાહભેર સહભાગી બનવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે. સૌએ પરિવાર અને મિત્રો સાથે ઉપસ્થિત રહી આ અનોખા વૈજ્ઞાનિક કાર્યક્રમનો લાભ લેવા વિનંતી છે.

## ડુંગરા દેસાઈવાડથી કોલોનીનો માર્ગ બિસ્માર



**રસ્તા પર મોટા ખાડાઓથી વાહનચાલકો અને રાહદારીઓ પરેશાન, આ વોર્ડના ચૂંટાયેલા સભ્યો ને રજૂઆત છતાં રિપેરિંગ નહીં થતાં લોકોમાં રોષ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી મહાનગરપાલિકાના વોર્ડ નંબર-૪માં દેસાઈવાડથી ડુંગરા કોલોની તરફ જતો મુખ્ય માર્ગ છેલ્લા એક મહિનાથી અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. રસ્તા પર ઠેર-ઠેર મોટા ખાડા પડી જતાં વાહનચાલકો, રાહદારીઓ તેમજ સ્થાનિક રહીશો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

વાપીથી સેલવાસ તરફ જતા મુખ્ય માર્ગ પરથી દેસાઈવાડ થઈ પાણીની ટાંકી, બુલેટ ટ્રેનના સર્વિસ રોડ થઈ ડુંગરા કોલોની સુધી પહોંચતા દેસાઈવાડનો આ માર્ગ ઉપર હાલત દયનીય બની છે. રસ્તા પર પડેલા મોટા ખાડાઓને કારણે વાહનચાલકોને વાહન ચલાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે, જ્યારે રાહદારીઓ માટે પણ પસાર થવું જોખમી બન્યું છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ અંગે વાપી મહાનગરપાલિકાના વોર્ડ નંબર - ૪ના ચૂંટાયેલા ચાર સભ્યો પૈકી બે આજ માર્ગ ઉપર રહે છે અને અન્ય એક સભ્યો વાપી મહાનગરપાલિકાના પ્રથમ મેયર પણ છે. જેઓની સમક્ષ અનેક વખત રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજુ સુધી રસ્તાના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી નથી. જોકે ડુંગરા દેસાઈવાડથી ડુંગરા કોલોની તરફનો માર્ગ પરથી ડુંગરા ઈન્ડસ્ટ્રીયલ ઝોન તેમજ વસાહત વિસ્તાર આવેલો છે. જેને લઇ તાત્કાલિક આ માર્ગ રીપેર કરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.

## ભીલાડ ‘માં શકિત ગરબા કલાસીસ’ દ્વારા વિદ્યાર્થીઓને નોટબુક-પેન્સિલનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૧ :** આજરોજ એકલારા ગામે માં શક્તિ ગરબા ક્લાસ ભીલાડ દ્વારા એકલારા મુખ્ય પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા માતા ફળિયા તથા શ્રી સાર્વજનિક વિદ્યાલય આ ત્રણ શાળાના કુલ ૧૨૭ વિદ્યાર્થીઓને નોટબુક પેન્સિલ સેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ વિતરણ કાર્યક્રમમાં માં શક્તિ ગરબા ક્લાસના ક્લાગુરુ જીગરભાઈ ચૌહાણ, હેમાલી શાહ, હેમાની મલ્હા, કેયુર પટેલ તથા માનસી જાડેજાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો. વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય સાથે તેમની પ્રતિભાને પ્રોત્સાહિત આપવાનો આ સુંદર પ્રયાસ ખરેખર અભિનંદનીય છે. આ પ્રસંગે શ્રી સાર્વજનિક વિદ્યાલય એકલારામાં અભ્યાસ કરતા અનિલભાઈ ચૌરા અને સ્મિતભાઈ ગામીત જેઓ નિલોશી કપરાડા ગામના વતની છે, તેમણે વિજ્ઞાન, ગણિત, પર્યાવરણ પ્રદર્શનમાં રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદગી મેળવી છે. હવે બંને બાળકો નેશનલ કક્ષાએ પસંદગી પામ્યા છે, આ બંને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પિયુષભાઈ શાહ, જિલ્લા ઉપપ્રમુખ અંકિતભાઈ શાહ, એકલારા સરપંચ અમૃતભાઈ પટેલ પ્રખંડ સહમંત્રી હિતેશભાઈ પૂનમિયા દ્વારા વિશેષ સ્કૂલબેગ સાથે બહુમાન કરી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

## વલસાડ જી.પં. સભ્યએ જન્મદિવસ આશ્રમશાળાના બાળકો સાથે ઉજવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ તાલુકાનાં ખજુરડી ગામના વતની તથા વલસાડ જિલ્લા પંચાયતના સભ્ય સ્નેહલકુમાર દિલીપભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે આજે એક અનોખી અને સેવાભાવી રીતે જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

સ્નેહલભાઈ પટેલ દ્વારા છેલ્લા છ મહિનાથી વિચારવામાં આવ્યું હતું કે જન્મદિવસની ઉજવણી કોઈ ભવ્ય પ્રસંગ કરતાં સમાજના જરૂરિયાતમંદ અને નાના બાળકો સાથે કરવામાં આવે, જેથી બાળકોમાં ઉત્સાહ, પ્રોત્સાહન અને ખુશીનો સંચાર થાય.

આ વિચારને સાકાર કરતાં આજે ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારમાં આવેલી ભેંસધરા આશ્રમશાળામાં નાના-મોટા વિદ્યાર્થીઓ સાથે જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સ્નેહલભાઈ પટેલ તરફથી આશ્રમશાળાના તમામ વિદ્યાર્થીઓ માટે બેસવા તથા ઉપયોગી આસનની ભેટ તેમજ વિદ્યાર્થીઓને કેક, રમતગમત તથા યોગ શિબિર માટે ટી-શર્ટ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી અને તમામ વિદ્યાર્થીઓને તેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્નેહલકુમાર દિલીપભાઈ પટેલના પરિવારજનો તથા ખજુરડી ગામના મિત્રામંડળ ઉપરાંત ધરમપુર વિધાનસભાના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, તેમના પરિવારજનો, વલસાડ તાલુકા ભાજપ પ્રમુખ તેજશભાઈ પટેલ, વલસાડ જિલ્લા યુવા મોરચાના પ્રમુખ પ્રભાકરભાઈ તથા મહામંત્રી કેવિનભાઈ પટેલ સહિતના આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આમ, સ્નેહલકુમાર દિલીપભાઈ પટેલનો જન્મદિવસ આશ્રમશાળાના બાળકો સાથે સેવા, સંસ્કૃતિ અને આનંદના સંગમરૂપે અનોખી રીતે ઉજવાયો હતો.

## વલસાડ જિલ્લા ભાજપની સમીક્ષા બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલયમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રત્યેક મહિનાના છેલ્લા રવિવારે પ્રસારિત થતા લોકપ્રિય કાર્યક્રમ મન કી બાતના સફળ આયોજન અર્થે એક મહત્વની બેઠક યોજાઈ હતી.

આ બેઠક વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાની અધ્યક્ષતામાં તથા પ્રદેશ દક્ષિણ ઝોન મન કી બાત કાર્યક્રમના ઈન્ચાર્જ નિરવભાઈ શાહના ખાસ માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી. જેમાં તમામ મંડળના પ્રમુખઓ, મહામંત્રીઓ તેમજ મંડળના ઈન્ચાર્જ અને સહ-ઈન્ચાર્જશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. બેઠક દરમિયાન જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા તેમજ દક્ષિણ ઝોન ઈન્ચાર્જ નિરવભાઈ શાહ દ્વારા ઉપસ્થિત કાર્યકરો અને હોદ્દેદારોને માર્ગદર્શન આપતા જણાવવામાં આવ્યું હતું કે, જિલ્લાના પ્રત્યેક બૂથ પર મન કી બાત કાર્યક્રમનું સુચારુ આયોજન થાય અને વધુમાં વધુ નાગરિકો તેમાં જોડાવા અપીલ કરી હતી. કાર્યક્રમ બાદ ડિજિટલ માધ્યમથી પારદર્શિતા અને ચોકસાઈ જળવાઈ રહે તે માટે સરલ એપ પર ૧૦૦ ડેટા અપલોડિંગનું કામ સમયસર પૂર્ણ થાય.

## ધરમપુરના પ્રદીપ પટેલની વીર નર્મદ દ.ગુ. યુનિ.ના બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં નિમણૂંક

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૧ :** ધરમપુર તાલુકાના ભાંભા ગામના યુવા શિક્ષણપ્રેમી અને વિદ્યાર્થી નેતા પ્રદીપભાઈ પટેલની ગુજરાત સરકાર દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે.

પ્રદીપભાઈ પટેલે વર્ષ ૨૦૧૫થી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)માં કાર્યકર તરીકે કાર્ય શરૂ કરી વિદ્યાર્થી હિતના અનેક પ્રશ્નો માટે સક્રિય કામગીરી કરી છે. તેમણે પ્રદેશ જનજાતિ સંયોજક સહિત વિવિધ જવાબદારીઓ નિભાવી હતી અને વર્ષ ૨૦૨૧માં દિલ્હી ખાતે યોજાયેલા જનજાતિ સંમેલનમાં આદિવાસી વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ પણ કર્યું હતું.

ધરમપુરમાં વિદ્યાર્થી હોસ્ટેલની સ્થાપના તેમજ ધરમપુર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ગ્રુપ મારફતે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નિઃશુલ્ક માર્ગદર્શન અને ક્લાસિસ શરૂ કરવામાં પણ તેમનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે.

તેમની આ નિમણૂંકને લઈ ધરમપુર, વલસાડ જિલ્લો તથા સમગ્ર દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીવર્ગમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વિવિધ શૈક્ષણિક, સામાજિક અને વિદ્યાર્થી સંગઠનો દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

## વાપીની આર. કે. દેસાઈ કોલેજમાં વર્ષાગીત - છત્રી ડેકોરેશન સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપીની આર.કે. દેસાઈ કોલેજમાં આજ ના સ્પર્ધાત્મક યુગમાં શિક્ષકની તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓ પાસે બધીજ આવડત જરૂરી છે. માત્ર પુસ્તકનું જ્ઞાનથી કશું જ થવાનું નથી. તાલીમાર્થીઓ માં પણ શિક્ષણની સાથે સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ જરૂરી છે. તેથી તાલીમાર્થીઓમાં પડેલી સુસુપ્ત શકિતનો વિકાસ થાય અને તેના ભાગ રૂપે આજે વર્ષાગીત અને છત્રી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ખૂબ સરસ વરસાદ આધારિત ગીતો તેમજ છત્રી ડેકોરેશન એજ્યુકેશન થીમ પર તેમજ સર્જનાત્મક શૈલી દ્વારા રજૂ કરવામાં આવ્યા હતાં. વર્ષાગીતમાં પ્રથમ ક્રમે વૈશાલી ગ્રુપ અને બીજા ક્રમે માનસી ગ્રુપ આવ્યા હતાં. તેમજ છત્રી ડેકોરેશન જેમાં પ્રથમ ક્રમે પ્રેયસી ગ્રુપ બીજા ક્રમે સ્નેહલ ગ્રુપ અને ત્રીજા ક્રમે નિધિ પટેલ આવ્યા હતાં. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પી. ટી. સી. કોલેજના અધ્યાપકો પ્રા. દિપ પટેલ અને પ્રા. કુંજલ ટંડેલએ ભૂમિકા અદા કરી હતી અને અંતે આચાર્ય ડો.પ્રીતિ ચૌહાણે આભાર વિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. સારિકા પટેલ, ડૉ. વિમુખ પટેલ અને પ્રા. સાહીલ કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું.સુંદર કાર્યક્રમ કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ, આચાર્ય ડો. પ્રીતિ ચૌહાણ તેમજ કોલેજના સર્વ અધ્યાપકોએ શુભેચ્છા પાઠવી હતી.

## વાપીની કેબીએસ કોલેજમાં મેહંદી સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમારીયા વાણિજ્ય એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપીમાં વિદ્યાર્થી પ્રતિભા વિકાસ અને સાંસ્કૃતિક અભિવ્યક્તિ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા હેઠળ કોલેજ ખાતે મેહંદી સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ અને પરંપરાગત કળાઓ પ્રત્યેનો રસ વધારવાનો હતો. સ્પર્ધાનું ઉદ્ઘાટન કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી. ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે વિદ્યાર્થીઓને પરંપરા અને આધુનિકતાના સંયોજન દ્વારા પોતાની પ્રતિભા રજૂ કરવા પ્રોત્સાહિત કર્યા. વિવિધ વિભાગોના ૬૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ થીમ્સ પર સુંદર ડિઝાઈન્સ રજૂ કર્યા જેમાં પરંપરાગત ભારતીય પેટર્ન્સ, આધુનિક આર્ટ ફ્યુઝન અને તહેવારોને અનુલક્ષીને રચનાઓનો સમાવેશ થતો હતો. સ્પર્ધાનું મૂલ્યાંકન નિષ્ણાત જજ પેનલ મીસ. દિવ્યા પૂજારી અને મિસ્ટર. શિવમ અરોરા દ્વારા કરવામાં આવ્યું, જેમાં સર્જનાત્મકતા, સ્વચ્છતા, ડિઝાઈનની જટિલતા અને પ્રસ્તુતિને આધારે વિજેતાઓ પસંદ કરવામાં આવ્યા. આ આયોજનનું સંચાલન ડૉ. ભરત દીક્ષિત, શિવાલી ગજરે અને કુમારી મમતા યાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દમણથી પરત ફરતા કામદારોને ગુજરાત બોર્ડર પર દંડ અને કેસની કાર્યવાહી!

**ડ્રિંક એન્ડ ડ્રાઈવ ઉપરાંત રાહદારીઓ અને સાયકલ સવારો સામે પણ કાર્યવાહી થતી હોવાનો આક્ષેપ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** દમણના કચ્છી ગામ, સોમનાથ અને ડાભેલ વિસ્તારમાં આવેલી ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરી વાપી સહિત આસપાસના વિસ્તારોમાં રહેતા એવા પરત ફરતા કામદારોને ગુજરાત બોર્ડર પર તૈનાત પોલીસની કાર્યવાહીથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હોવાના આક્ષેપો ઉઠ્યા છે.

સ્થાનિક કામદારોના જણાવ્યા મુજબ, ગુજરાત બોર્ડર પર પોલીસ દ્વારા ડ્રિંક એન્ડ ડ્રાઈવની કાર્યવાહી કરવામાં આવે છે. તે ખૂબ જ સારી કામગીરી ગુજરાત પોલીસની છે. પરંતુ આ ઉપરાંત રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને સાયકલ સવારોને પણ રોકી તેમની સામે કેસ તથા દંડની કાર્યવાહી કરવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જેના કારણે રોજિંદી મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા કામદારોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ખાસ કરીને દમણની ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા ઉત્તર ભારતીય મહારાષ્ટ્રીયન તેમજ મધ્યપ્રદેશ અને રાજસ્થાન ના રહેવાસીઓ અને ખાસ કરીને હેલ્પર તેમજ મશીન ઉપર કામ કરતા કામદારો ગરીબ અને શ્રમજીવી વર્ગના લોકો, જે ચાલીઓ તથા શ્રમિક વિસ્તારોમાં રહે છે, તેઓને કચ્છી ગામ ચેકપોસ્ટ ડાભેલ ચેકપોસ્ટ બલીઠા ચેકપોસ્ટ પર વધુ પરેશાનીનો સામનો કરવો પડતો હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે.

કામદારોનું કહેવું છે કે, જો કોઈ વ્યક્તિ ખરેખર દારૂના નશામાં વાહન ચલાવતી હોય તો કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ, પરંતુ નિર્દોષ રાહદારીઓ અને ધરમપુર કપરાડા વિસ્તારમાંથી કડિયા કામ તેમજ હેલ્પરનું કામ કરવા આવતા અને પોતાની મોટરસાયકલ ઉપર કામ કરી પરત ફરતા મજૂરો જેવો ખાસ કરીને ત્રિપલ સવારી હોય છે તેવાને ગાડીના કાગળ અને હેલ્મેટ તેમજ કાયદાનું પાલન ન કર્યું હોવાનું જણાવીને સાયકલ સવારોને રોકી દંડ અથવા કેસ કરવાની કાર્યવાહી યોગ્ય નથી. આ અંગે ગુજરાત પોલીસ વિભાગના જિલ્લા કક્ષાના ઉચ્ચ અધિકારીઓ તેમજ જવાબદાર પોલીસ અધિકારીઓ દ્વારા ચેકપોસ્ટ પર તાત્કાલિક તપાસ કરવામાં આવે અને જો કોઈ ગેરકાયદેસર કે નિયમવિરુદ્ધ હેરાનગતિ થતી હોય તો તેને દૂર કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. સ્થાનિક શ્રમજીવી પરિવારોનું કહેવું છે કે, તેઓ રોજગારી માટે દમણમાં આવેલા ઉદ્યોગોમાં તેમજ બાંધકામ ક્ષેત્રની ચાલતી કામગીરી ના સ્થળે કામ કરવા જાય છે અને સાંજે પરત ફરતી વખતે બોર્ડર પરની કાર્યવાહીથી માનસિક તેમજ આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેથી પોલીસ દ્વારા કાયદાનું પાલન કરાવવાની સાથે સામાન્ય અને નિર્દોષ નાગરિકોને બિનજરૂરી હેરાનગતિ ન થાય તે માટે ઉચ્ચ અધિકારીઓ યોગ્ય પગલાં ભરે તેવી માંગ કરવામાં આવી છે.

## દમણમાં યોગ તાલીમનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૧ :** પ્રદેશ ભાજપ મંત્રી તથા સમાજસેવિકા ઉર્વશીબેન જયેશભાઈ પટેલ દ્વારા આશરે ૨૫ જેટલી મહિલાઓ માટે નિયમિત યોગ તાલીમનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના કરો યોગ, રહો નિરોગના સંદેશને જનજન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે મહિલાઓને યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનની નિયમિત તાલીમ આપવામાં આવી રહી છે. પ્રશાસક પ્રફુલભાઈ પટેલના સ્વસ્થ અને સશક્ત પ્રદેશના સંકલ્પને આગળ ધપાવતા મહિલાઓને યોગ સાથે જોડીને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રેરિત કરવાનો આ પ્રયાસ સતત ચાલુ રાખવામાં આવશે. ઉર્વશીબેન પટેલે જણાવ્યું હતું કે, સ્વસ્થ મહિલા એટલે સ્વસ્થ પરિવાર અને સ્વસ્થ પરિવાર એટલે સશક્ત સમાજ. વધુમાં વધુ મહિલાઓ યોગ સાથે જોડાય અને યોગને પોતાના દૈનિક જીવનનો હિસ્સો બનાવે તે માટે આ યોગ અભિયાનને આગળ વધારવામાં આવશે.

## ધરમપુરની વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એમ.કોમ. સેન્ટરની શરૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૧ :** ધરમપુરના એમ.એસ.વી.એસ. કેળવણી મંડળ સંચાલિત વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં હવે કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ માટે વધુ એક મહત્વપૂર્ણ શૈક્ષણિક સુવિધાનો ઉમેરો થયો છે. કોલેજમાં એમ.કોમ. (માસ્ટર ઓફ કોમર્સ) સેન્ટરની શરૂઆત કરવામાં આવતા ધરમપુર અને કપરાડા તાલુકાના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન મણિલાલ ગાવિત ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારમાં જ ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ મળે તે સમયની જરૂરિયાત છે. એમ.કોમ. સેન્ટરની શરૂઆતથી અનેક વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારમાં જ અભ્યાસ કરવાની તક મળશે.

આ પ્રસંગે એમ.એસ.વી.એસ. કેળવણી મંડળના સહમંત્રી મેહુલભાઈ આહીરે જણાવ્યું હતું કે એમ.કોમ. સેન્ટર શરૂ કરવા માટે વારંવાર સંબંધિત વિભાગમાં રજૂઆતો કરવામાં આવી હતી. છેવટે મંજૂરી મળતાં સમગ્ર વિસ્તારમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.કાર્યક્રમમાં એમ.એસ.વી.એસ. કેળવણી મંડળના મંત્રી જયેશભાઈ સોલંકી, સહમંત્રી મેહુલભાઈ આહીર, ટ્રસ્ટી ગણેશભાઈ બિરારી, કનુભાઈ, પ્રોફેસર નવીનભાઈ ઢીમર, કોલેજના ઈન્ચાર્જ આચાર્ય તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અને વ્યવસાયિક કૌશલ્ય વિકસાવવા પ્રેરણા આપી હતી.

એમ.કોમ. સેન્ટરની શરૂઆતથી ધરમપુર અને કપરાડા જેવા આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે નવી દિશા મળી છે.

## વાપી પોદારમાં ફાઉન્ડેશનલ લિટરસી એન્ડ ન્યુમરસી મેળો યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** પોદાર પ્રેપ વાપી દ્વારા ૮મી ઓગસ્ટના રોજ ‘ફાઉન્ડેશનલ લિટરસી એન્ડ ન્યુમરસી મેળા ૨૦૨૬’નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં બાળકો સાથે વાલીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આનંદ સાથે શિક્ષણ મેળવવાનો અનુભવ કર્યો હતો.

મેળાનો મુખ્ય હેતુ બાળકોમાં પ્રારંભિક વાંચન, લેખન, ભાષા અને ગણિતના કૌશલ્યોનો મજબૂત પાયો કેવી રીતે તૈયાર થાય છે તે અંગે વાલીઓને માહિતગાર કરવાનો હતો. આ પ્રસંગે પોદાર પ્રેપના સાક્ષરતા અને ગણિત આધારિત બે મુખ્ય કાર્યક્રમો ‘સિમ્ફોનિક્સ’ અને ‘નંબર મેજિક’ રજૂ કરવામાં આવ્યા હતા. ‘સિમ્ફોનિક્સ’ અંતર્ગત બાળકોમાં સાંભળવા, બોલવા, શબ્દભંડોળ, અક્ષર-અવાજની ઓળખ, વાંચન, લેખન અને સમજણ જેવી કુશળતાઓ વિકસાવવામાં આવે છે. જ્યારે ‘નંબર મેજિક’ દ્વારા નંબર પેટર્ન ટાઈલ્સ, વિવિધ રમતો, હલનચલન, સૉર્ટિંગ, પેટર્ન નિર્માણ તેમજ સમસ્યા ઉકેલવાની પ્રવૃત્તિઓના માધ્યમથી બાળકોને ગણિતના મૂળભૂત ખ્યાલો સરળતાથી સમજાવવામાં આવે છે.મેળા દરમિયાન વાલીઓએ બાળકો સાથે વિવિધ ઈન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.




‘જય વણઝારા મામા દેવ સેવા સમિતિ ટ્રસ્ટ’ના ચેરમેન અને આદિવાસી સમાજના યુવા આગેવાન અજય ચીમનભાઈ ધોડીએ તા.૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ પોતાની પુત્રી કુમારી એનાના જન્મદિવસની ઉજવણી કાલઈ ખાતે આવેલી આદિવાસી આશ્રમ શાળાના બાળકો સાથે કરી હતી. આ પ્રસંગે કુમારી એનાએ આશ્રમ શાળાના આદિવાસી બાળકો વચ્ચે કેક કાપીને જન્મદિવસની ઉજવણી કરી હતી. ત્યારબાદ સાંજે ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા આશરે ૨૬૫ જેટલા બાળકો માટે વિશેષ તિથિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# જયારે સિંહોનું નિવાસસ્થાન સતત સંકોચાતું રહેતુ હોય ત્યારે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણીની ફળશ્રુતિ શું ?!

**સિંહોના અભયારણ્યને સ્થાપિતહિતોએ વેપારનો વિસ્તાર બનાવી દીધો : સિંહોને પોતાનું ઘર છોડવાની નોબત આવી : વડી અદાલતે શાસનનો કાન આમળતાં જીલ્લા કલેકટરો દોડતાં થયાં : શાસન સિંહની સલામતી નહીં, વેપલો માંડનાર ખોળામાં : સિંહની સલામતી જોખમમાં મુકે એવી ખનન પ્રવૃત્તિને મંજુરી : સિંહોનો ખોરાક ન રહેતાં માનવીઓને ફાડી ખાવા માંડયા : વાસોણા સફારી પાર્કમાં સિંહ-સિંહણની જોડી કયારે ? : બિહાર રાજયમાંથી દારુબંધી હઠાવવાની ભલામણ : ગુજરાત વ્યવહારિક કયારે બનશે ? અત્યારસુધી વ્હીસ્કી રમના નામે સ્પીરીટ જ ઢિચ્ચે રાખ્યો !**

દમણગંગાના તીરેથી
- પ્રવિણસિંહ પરમાર
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯



તા. ૧૦ મી ઓગસ્ટ 'વિશ્વ સિંહ દિવસ' તરીકે ઉજવાય છે. અમારો હંમેશા એવો મત રહ્યો છે કે આ ખાસ દિવસની ઉજવણીથી કોઈ ફરક પડતો નથી. ખરેખર તો આ ઉજવણીઓ આત્મા સાથેની છેતરપિંડી જ છે. શા માટે આપણે વિશ્વ સિંહ દિવસ કે વિશ્વ પર્યાવરણ દિવસ દરરોજ નથી ઉજવતાં ?

એસિયાટિક સિંહો એકમાત્ર ગુજરાતમાં જ જોવા મળે છે. સાસણગીર અભ્યારણ્ય એસિયાટિક સિંહોનું નિવાસસ્થાન છે પરંતુ કમનસીબી એ છે કે સિંહોના આ નિવાસસ્થાન ઉપર સ્વાર્થી માનવીઓએ અતિક્રમણ કર્યુ છે. સિંહોના નિવાસસ્થાન સાસણગીરમાં કાયદેસર અને ગેરકાયદેસર સંખ્યાબંધ રિસોર્ટસ અને હોટલોની હારમાળા ઊભી કરી દેવામાં આવેલી છે પરિણામે સિંહોએ પોતાના મૂળ નિવાસસ્થાન સામે સિંહોએ પોતાના મૂળ નિવાસસ્થાન સાસણગીરથી સ્થળાંતર કરવા માંડેલું છે. એક સમયે સિંહો ફક્ત સાસણગીરમાં જ દેખાતા હતાં. પરંતુ હવે તો ગુજરાતના ૧૧ જિલ્લાઓમાં ઘુમી રહ્યા છે.

આજથી ૨૬ વર્ષ ઉપર ગુજરાતમાં ૩૨૭ સિંહો હતાં. વર્ષ ૨૦૧૦માં આ સંખ્યા ૪૧૧ની થઈ વર્ષ ૨૦૨૦માં ૬૭૪ સિંહો ગુજરાતની ભૂમિને ખુદતા થયા હતાં. એ પછી છેલ્લી વસતી ગણતરી વર્ષ ૨૦૨૫માં થયેલી ત્યારે સિંહોની સંખ્યા વધીને ૮૯૧ થઈ ગઈ છે. જે દર્શાવે છે કે વન વિભાગની કાળજીને કારણે સિંહોની આબાદી વધતી જ રહી છે. ટકાવારીમાં જોઈએ તો છેલ્લા પાંચ વર્ષમાં સિંહોની વસતીએ ૩૨.૨ ટકાનો કુદકો માર્યો છે.

સૌરાષ્ટ્રના સિંહો માટે જોખમી ગણાતા ખુલ્લા એવા હજારો કુવાઓને રક્ષિત કરવામાં આવ્યા છે. સિંહોના નિવાસસ્થાનમાંથી પસાર થતી રેલ્વે ટ્રેઈનો સિંહોને કચડી ન નાંખે એ માટે ખાસ ઉપકરણો ગોઠવવામાં આવ્યા છે. અને રેલ્વે ટ્રેક પર સિંહ બેઠા હોય ત્યારે લોકોપાલોટ તત્કાળ ટ્રેન થોભાવી દે છે.

સિંહોની સલામતી માટે આ બધા પગલાઓ ખુબ આવકાર્ય બની રહે છે. આમ છતં સિંહોના અભયારણ્યમા રાજકારણીઓ અને શાસનકર્તાઓની અમીનજર દ્વારા સંખ્યાબંધ રિસોર્ટસ અને હોટલો તાણી બાંધવામાં આવેલી છે. સ્થાપિતહિતોની સિંહોના જીવનને ભોગે નાણા ઉસેટવાની દોડ અટકે એમ હતી જ નહી. પરંતુ ગુજરાતની વડી અદાલતે સરકારનો કાન આમળતાં તંત્ર દોડતું થઈ ગયું છે.

અને ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય આસપાસના ઈકો સેન્સીટીવ ઝોનમાં ધમધમતા ગેરકાયદે રિસોર્ટસ, હોટલો અને ફાર્મ હાઉસો સામે પ્રશાસને લાલ આંખ કરવી પડી છે.વડી અલદાતના સખત વલણ બાદ રેવન્યુ વિભાગ દ્વારા હવે જુનાગઢ જીલ્લા પછી ગીર સોમનાથ જીલ્લામાં વ્યાપક તપાસ શરુ કરી છે. જાણવા પ્રમાણે ગીર સોમનાથ જીલ્લાના ગામોમાં આવેલી ૩૦૮ જેટલી મિલ્કતો અને વ્યવસાયિક એકમોની ખાસ ટીમ દ્વારા સ્થળ અને શરતોના ભંગ બદલ ૨૦ મોટા રિસોર્ટ અને ફાર્મ હાઉસોને સીલ કરી દેવામાં આવ્યા હતાં. ખેતીની જમીનોમાં બિન અધિકૃત વાણિજય પ્રવૃત્તિ બંધ કરવાનો હુકમ કરાયો છે. જમીન હેતુફેર અને શરતભંગના ગુના માટે ૨૨૧ એકમો મિલકતો સામે સખત કાર્યવાહી કરાઇ છે. ૧૯૧ એકમધારકોને કારણદર્શક નોટીસો ફટકારી રુબરુ સનુાવણી કરવાની પ્રક્રિયા શરુ કરાઈ છે થીર અભયારણ્યની ૧૦ કી.મી. ની ત્રિજયામાં રાજકીય વગવશીલા અને તંત્રની મીઠી નજર નીચે રિસોર્ટસ અને હોમસ્ટેનો રાફડો ફાટયો હતો. પરંતુ વડી અદલાતે આ સર્દભમાં પ્રગતિ હેવાલ રજુ કરવાનો આદેશ આપતા, ઈકો સેન્સીટીવ ઝોનના નિયમોના ધજાગરા ઉડાવી વેપલો ચલાવનારા સામે આકરા પગલા લેવાની ગીર સોમનાથ, જુનાગઢ અને અમરેલી જીલ્લા કલેકટરને નોબત આવી છે. આ તત્વો દ્વારા રાજકીય ઓથ નીચે ગીરના શાંત વાતારવણમાં રાત્રી દરમિયાન ધમધમતી અધિકૃત પ્રવૃત્તિઓ અને ડી જે લાઈટીંગથી વન્યજીવો ઉપર વિપરિત અસર પડતી હતી. તે બંધ કરાવી છે.

જીલ્લા પ્રશાસને ગીરના સંવેદન વિસ્તાર સાથે ખીલવાડ કરનારા તત્વોને સખત ચેતવણી આપતા જણાવ્યું છે કે સિંહોના વિસ્તારમાં વેપારની હાટડીઓ માંડનારની હવે ખેર નથી.

હાલમાં જ પૂર્વ ગીરના ફોરેસ્ટ ઓફિસરે સંરક્ષિત વિસ્તારમાં સિંહોને પરેશાન કરનારા ૧૦ જેટલાં શખ્તોને તુરંગભેગા કરી દીધા છે. વન વિભાગે આ અંગેના ફરતા થયેલાં એક વિડીયોના આધારે ૧૦ જણાને અંદર કરી દીધા છે. આ વિડીયોમાં સિંહોને હેરાન કરનારા શખ્સોને બતાવાયા હતાં.

સિંહ અભયારણ્ય અંગે એક ચોંકાવનારી વાત એવી બહાર આવી છે કે, અમરેલી જીલ્લાના બાબરકોટ જેવા સિંહના નિવાસ્થાન જેવી જંગલની જમીન સરકારે માઈનીંગ માટે આપી દીધી છે. સમૃદ્ધિ વન વિસ્તારની જમીન માઈનીંગ માટે ફાળવનાર વન અધિકારીને ઘરભેગો કરવાનો પણ અવાજ ઉઠયો છે. વનોચ્છાદિત અને અને સિંહોની વસ્તીવાળા આ વિસ્તારની ૭૫.૯૪ હેકટર જમીન સિમેન્ટ કંપનીને ખેરાત કરાતા સરકારના શીવવાના અને બતાવવના દાંત જુદા હોવાનું ફલિત થયાનું લોકો માને છે.

થોડા સમય પહેલાં ગીરના જંગલમાં રહેતા સિંહોને પ્રાણઘાતક રોગ લાગુ પડતાં આઠ જેટલા સિંહોના મોત થયા હતાં.

સરકારે આ મોતને ટીક, ડિસ્ટેમ્પરને બદલે ગરમીને કારણે થયાનું જણાવી હકીકત પર પડતો પાડી દેવાની ચેષ્ટા કરી હતી.

વિશ્વ સિંહ દિવસ સંદર્ભમાં રાજયસભાના સાંસદ અને સિંહપ્રેમી પરિમલ નથવાણીને જણાવ્યું કે સિંહો સાથેના મારો સંબંધ ૪૦ વર્ષ ઉપરાંતથી છે. ગીર અને સિંહ મારી સમગર ચેતનાનો એક હિસ્સો બની ગયા છે. ૧૯૮૭માં ગીરમાં સિંહોની સંખ્યા ૨૦૦મી હતી. આજે સંખ્યા ૮૯૧ ની થઈ છે તેનો યશ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપવો ઘટે. લગભગ ૨૮ - ૨૮ ખુલ્લા કુવાઓ ઉપર પેરાપેટની વ્યવસ્થા કરી છે. ગીરમાં વધી રહેલા રિસોર્ટસ હોમસ્ટે બાબત પણ સરકારમાં રજુઆત કરી છે. એમ નથવાણીનું કહેવું છે.

હમણા હમણા સિંહોના માનવીઓ પરના હુમલાઓએ પણ ચિંતા જગાવી છે. સિંહ સામાન્યતઃ વાઘ- દિપડાની જેમ માનવી પર હુમલો નથી કરતાં પણ હમણા હમણા સિંહોની પ્રકૃતિથી ઉલટુ માનવીઓ પર હુમલો વધવા માંડયા છે. આ અંગે પણ એમ મનાય છે. કે સિંહોના નિવાસસ્થાનોની જગ્યાઓ માનવીઅખોએ પોતાના અંગત સ્વાર્થ માટે પચાવી પાડતા સિંહોના ખોરાક ઉપર તેની ગંભીર અસર પહોંચી છે. અને આવા સંજોગોમાં તેણે માનવીઓનો શિકાર કરવા માંડયો છે. નિષ્ણાંતોએ સિંહોના વલણમાં થયેલા ફેરફાર અંગે ઊંડો અભ્યમસ કરી નિવારક પગલા સુચવવા જોઈએ.એક હેવાલ મુજબ, ગુજરાત સરકારે અમરેલી જીલ્લાના ધારીના આંબારડીમાં ૧૦૦ હેકટર જમીનમાં સિંહોને વસાવવાની યોજના કાર્યરત કરી છે. આ વિસ્તાર કુલ ૩૬૫ હેકટર છે. અહીં સિંહ, દિપડા, ચિતલ, નીરગાય અને વિવિધ પક્ષીઓનું પણ કુદરતી ધામ છે.

સમગ્ર એસિયામાં એસિયાટિક સિંહો ફકત ગુજરાતના સાસણગીરમાં જ છે. એક સમયે ભારતના રાષ્ટ્રીય પ્રાણી તરીકે સિંહને જાહેર કરવામાં આવેલ પરંતુ ગુજરાત પર પૂર્વગ્રહ રાખનારા શાસકોએ પાછળથી વાઘને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કર્યુ હતું.સમગ્રે એક વાત ચોક્કસ છે કે ગુજરાત સરકારે સિંહોની વસતીવાળા વિસ્તારોમાંથી હોટલો રિસોર્ટસ હોમસ્ટે કે ફાર્મ હાઉસોનો ખાતમો બોલાવી નાખવો પડશે. એક વાત નક્કી કરવી પડશે કે તમને સિંહની સલામતી જોઈએ છે કે સ્થાપિતહિતોની ગેરકાયદે કમાણીની સલામતીની ?

## નેશનલ કાઉન્સિલ ફોર એપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચ બિહારમાંથી દારૂબંધી નાબુદ કરવાની ભલામણ કરી!

ગુજરાતની નિષ્ફળ દારૂબંધી અંગે અમે અત્યારસુધીમાં સંખ્યાબંધ લેખો લખેલા છે. એટલે આજે તેનો પુનરુચાર નહી કરીએ પણ બિહારના મુખ્યમંત્રી નિતિષ કુમારે મહિલાઓના ભલા માટે રાજયમાં દારૂબંધી લાદી એ પછી બિહારમાં લઠ્ઠાકાંડ કેટલાયના જીવ લીધા હતાં. બિહારના ચિભડાના ચોરને ફાસીની સજા જેવા દારૂબંધીના કાનુનમાંથી ગુજરાત સરકારે પણ પ્રેરણા લીધી હોય એમ ગુજરાતના દારૂબંધીના કાયદાને ખુબ સખત બનાવી દીધો. કહો જાણે બિહાર સામે હરીફાઈ કરવા માંડી હતી. ગુજરાતે દારૂબંધી કાયદાને સખત બનાવ્યા પછીય ગુજરાતમાં દારૂની તસ્કરી ઘટી નથી પરંતુ વધી છે નિષ્ફળ દારૂબંધીને સફળ બતાવવા ગુજરાત સરકારે પોલીની તમામ શકિતને દારૂ પકડવા પાછળ લગાવી દીધેલ છે. દારૂબંધીના અમલથી બાય પ્રોડકટ ભ્રષ્ટાચાર પણ હોય છે. કેમ કે હાથ લીસા ન કરાય ત્યા સુધી શરાબ તસ્કરી થઈ જ ન શકે. ગુજરાત સરકાર દારૂબંધીના કારણે વર્ષે દહાડે નહી નહી તોય લગભગ ૪૦ હજાર કરોડ રૂપિયા ગુમાવતી હશે પરંતુ વાઘને કોણ કહે તારુ મો ગંધાય?!

એક મત એવો પણ છે કે દારૂબંધીના કારણે ગુજરાત માદક પદાર્થોનો ઘોરી માર્ગ બની રહેલ છે. અબજો રૂપિયાનો માદક પદાર્થ અત્યારસુધીમાં પકડાયો છે. અજબ જેવું તો એ છે કે કબજે કરેલા માદક પદાર્થમાં ભારે ઘટ આવતા અડિયુદડિયુ ઉંદર પર ઢોળવામાં આવ્યું. કહે, ઉંદર ખાઈ ગયા. ગુજરાતના શાસકોને દારૂબંધી બાબત ડહાપણની દાઢ ફુટે એવી આશા સાથે બિહારની દારૂબંધી સંદર્ભના હેવાલ ઉપર નજર નાખી દઈએ. જાણીતા અર્થશાસ્ત્રીઓએ રત્ના સહાય નામના અર્થશાસ્ત્રીના વડપણ હેઠળ પેશ કરેલા એક અભ્યાસ મુજબ, બિહારમાં દારૂબંધીના કારણે મહિલાઓ પર આચરાતા ગુના પર કોઈ અસર થઈ નથી. દારૂબંધીના કારણે ગેરકાયદે ઝેરી દારૂ અને માદક પદાર્થ પાછળ પ્રજા પડી ગઈ છે. અહેવાલ કહે છે કે દારૂબંધીનું પુછડુ પકડવાના કારણે બિહારે મોટી આવક ગુમાવી છે. અને વિકાસ માટે આજે ફાફા પડે છે.બિહારમાં દારૂબંધીને કારણે ગેરકાદે દારૂના ધંધામાં તેજી આવી છે. દારૂબંધીના ભ્રષ્ટાચારનો ભોરિંગ પણ ફેણ માંડતો થયો છે.

બિહારમાં ઘણા માને છે કે અગાઉના મુખ્યમંત્રી નિષિતકુમારે બિહારમાં જે દારૂબંધીનો કાયદો બનાવ્યો તે આખા દેશમાં સખતમાં સખત છે. રાજકારણીઓની પોતાની વિચારો પ્રજા પર ઠોકી બેસાડવાની આદત હોય છે. આશા રાખીએ બિહારાન અર્થશાસ્તરીઓના આ હેવાલ અંગે ગુજરાત સરકાર પણ વિચારશે અને રાજયની અર્થવ્યવસ્થાને ખોખલી બનાવનાર દારૂબંધીના પાગલપણા બાબત વ્યવહારિક વલણ અપનાવશે.

## વિરેન્દ્રસિંહ સોલંકીની સિંહ પ્રત્યેની લાગણી

અને છેલ્લે વિશ્વ સિંહ દિવસ અવસરે દાદરા નગર હવેલીના વરિષ્ઠ પત્રકાર અને કાર્યકર વિરેન્દ્રસિંહ સોલંકીએ સોશ્યલ મિડીયા પર વાસોણા લાયન સફારી પાર્કમાં હાલમાં જ મોતને વરેલા સિંહ અશોક અને હવે એકલી અટુલી પડી ગયેલી સિંહ ગિરિજા અંગે ખુબ લાગણીભરી પોસ્ટ મુકી છે. અને પોતાના દિલની વાત કહી છે. તેમણે સફારી પર્કાને ફરી પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર બનાવવા જુનાગઢથી સિંહ સિંહણની જોડી લાવવાનું સુચન પણ કર્યુ છે.

## લો, દારૂની જાણીતી બ્રન્ડસ વ્હિસ્કી નહીં, કેવળ સ્પીરીટ!

દારૂના રસિયાઓ ભારતમાં વ્હીસ્કી અને રમ શરાબ વર્ષોથી ઢિચ્ચે રાખતા હતાં પણ હાલના જ એક ચોંકાવનારા અભ્યાસ મુજબ, ભારતમાં વ્હીસ્કી અને રમ ઓરિજીનલ પ્રક્રિયાથી બનાવાતો જ નહોતો. આ શરાબ કેવળ સ્પીરીટ જ છે અને તેમાં કલર અને વ્હીસ્કીનું એસેન્સ ભેળવી વ્હીસ્કી તરીકે વેચી મારવામાં આવતી હતી. આશ્ચર્ય એ વાતનું કે વર્ષોથી સરકાર પણ આ બાબત અંધારામાં રહી !!

# આધ્યાત્મિક સુખ જેવું કોઈ સુખ હોતું નથી

વાસ્તવિકતા
સ્વામી સચ્ચિદાનંદ



(ગતાંકથી શરુ)

બીજે ક્યાંય નહિ. અપેક્ષા વિનાનો માણસ લોકહિતમાં જીવન જીવે તો તેના માટે ચારે તરફ સાર જ સાર છે. અપેક્ષાવાળો અને માત્ર સ્વહિત માટે જ જીવનારા માટે આ સંસાર અસાર થઈ જતો હોય છે. કારણ કે તેનું કોઈ સગું થતું નથી. કારણ કે તે કોઈનો થયો નથી. ઘર છોડી શકાય, પત્ની-પરિવાર છોડી શકાય પણ સંસાર છોડી શકાતો નથી. ગૃહત્યાગીઓ અને પત્નીત્યાગીઓને પણ ન ઈચ્છવા છતાં સંસાર રચાઈ જાય છે. આ માનવ-કૃતિ છે. તે સંસાર વિના રહી શકતો નથી. ડૂબવાની અને તરવાની બન્ને જગ્યા સંસાર જ છે. જે તરે છે તે ધન્ય છે. જે ડૂબે છે તે ઘૃણાને પાત્ર નહિ પણ દયાને પાત્ર છે. કારણ કે બધા ડૂબી રહ્યા છે. સંસારત્યાગી કરતાં કુકર્મત્યાગી વધુ મહાન છે. સંસારત્યાગીને પણ જે કુકર્મ ત્યાગી શકતો નથી તેનો ત્યાગ વ્યર્થ છે. લક્ષ્મીનો ત્યાગ કરીને પણ લક્ષ્મીનો સંગ્રહ કરવો કે લક્ષ્મી માટે ફંડફાળા કરવા તે પાખંડ છે. તે ત્યાગ ભ્રમ છે. જેમાં લોકો છેતરાય છે. જગત્ મિથ્યાની સતત ફુટ લગાવનારા, ભવ્ય આશ્રમો, મઠો બાંધે અને વૈભવ ભોગવે તો પેલી રટ સાથે મેળ ખાતો નથી. સંસારમાં રહેવું એ પાપ નથી. બીજે જાય તો ક્યાં જાય? બધે જ સંસાર છે. સંસારમાં રહીને પ્રભુભજન જનસેવા, રાષ્ટ્રસેવા વગેરે થઈ શકે છે. તે જરૂર કરવાં. કેટલાક સંસારને વળગે છે. તો કેટલાકને સંસાર વળગે છે. સંસારથી છૂટવા કરતાં સંસારનો સદુપયોગ કરવો હિતાવહ છે. સંસારમાં સોએ સો ટકા કોઈ સુખી નથી હોતો. કેટલાંક સુખો હોય તો કેટલાંક દુઃખો પણ હોય છે. આધ્યાત્મિક સુખ જેવું કોઈ સુખ હોતું નથી. આધ્યાત્મિકતા તો અવસ્થા છે. જે સુખ-દુઃખમાં જીવનનું બૅલેન્સ રાખે છે. ખરાં સુખો તો ભૌતિક સગવડોમાં, સાંસારિક અનુકૂળ સંબંધોમાં, આર્થિક, રાજકીય, શારીરિક અને માનસિક અનુકૂળતામાં રહ્યાં છે. પ્રભુભજન અને સાચી સમજણમાં પણ અદ્ભુત સુખ રહે છે. આ બધાંની ઉપેક્ષા ન કરાય, યથાસંભવ પ્રાપ્ત કરાય અને ભોગવાય. અતિભોગવાદ જેવો જ અતિ-અભોગવાદ પણ હાનિકારક છે. જીવન તો મધ્યમાં છે. ન અતિભોગ ન અતિઅભોગ વચ્ચે યથાયોગ્ય સંયમમાં જીવન છે. દર્શનોના ત્રણ માર્ગો છે. ૧. જિજીવિષુ, ૨. વિજિગીષુ અને ૩. મુમૂર્ષુ ૨. સારી રીતે જીવવાના વિચારો આપે તે જિજીવિષુ દર્શન હોય છે. વિજય ઉપર વિજય કરવાની પ્રેરણા અને વિચારો આપે તે વિજિંગીષુ દર્શન હોય છે. સતત મૃત્યુનો જ ભય બતાવીને મરી જવાના વિચારો આપે તે મુમૂર્ષુ દર્શન કહેવાય. જ્યાં સુધી હિન્દુ પ્રજા ઉપર ઋષિચિંતનનો પ્રભાવ હતો ત્યાં સુધી તે જિજીવિષુ અથવા વિજિગીષુ રહી. ઋષિચિંતનની જગ્યાએ શ્રમણચિંતન આવ્યું એટલે મુમૂષુવાદ વધ્યો. તેની અસર હિન્દુ આચાર્યો, સાધુસંતો વગેરે બધા ઉપર પડી. એટલે હિન્દુઓ પણ મુમૂર્ણવાદી બન્યા. કાં મુમૂર્ણવાદ આવતાં જ મહત્ત્વાકાંક્ષા, સાહસ-શૌર્ય, આક્રમણ, પ્રત્યાક્રમણ, સુખસમૃદ્ધિનું લક્ષ્ય રાજસત્તા વગેરે કાં તો સમાપ્ત થઈ ગયાં પછી મંદ થઈ ગયાં જેના કારણે હિન્દપ્રજા પોચી -જા થઈ ગઈ, પછાત થઈ ગઈ. મુમૂર્હુવાદનાં થોડાં લક્ષણો જોઈએ. વારંવાર કાલ મરી જવાનું છે. કાંઈ સાથે આવવાનું નથી. બધું અહીંનું અહીં રહી જશે. આવો ઉપદેશ આપીને લોકોને મૃત્યુનો ભય બતાવવો અને જીવન પ્રત્યે વૈરાગ્ય જગાડવો. આથી સાધુ-સંતો તો કરી શકાય પણ યોદ્ધાઓ, સેનાપતિઓ, વૈજ્ઞાનિકો વગેરે ન બનાવી શકાય. બધું નશ્વર છે, ક્ષણભંગુર છે, આજ છે ને કાલે નથી. અનિત્ય છે. તેની પાછળ ન પડો. તેમાં સુખ નથી. સુખ તો નિત્ય શુદ્ધ બુદ્ધ આત્મામાં છે. તેને જાણો અને પામો. બસ.

બધું નશ્વર, ક્ષણભંગુર, અનિત્ય છે તે જ સારું છે. જો બધું નિત્ય શાશ્વત થઈ જાય તો સંસાર દુંખી થઈ જાય. જરા વિચારો કે ભોજ્ય પદાર્થો નિત્ય થઈ ગયા. હવે ચવાશે નહિ, પચશે નહિ, રક્તાદિ પરિણામ નહિ આવે. શું થશે? દૂધપાક વગેરે ભોજનપદાર્થોને ટગર-ટગર જોયા કરશો. તેમને ભોગવી નહિ શકો, કારણ કે તે નિત્ય થઈ ગયા છે. શરીર એક નરક છે. મળ-મૂત્ર, કફ-થૂંક, રક્ત, માંસ, હાડકાં વગેરેનો ઉકરડો છે. હું શરીર નથી. શરીરનું આકર્ષણ ન હોય. જેમ ઉકરડાથી લોકો દૂર ભાગે છે તેમ શરીરના ભોગોથી દૂર ભાગો. શરીર નરક નહિ, સ્વર્ગ પણ છે. મળ-મૂત્ર જરૂરી છે. હિતાવહ છે. માનો કે તમે આરોગેલાં અન્નપાણી મળ-મૂત્ર ન થાય અને એવાં ને એવાં પેટમાં પડ્યાં રહે તો શું થાય? ખરેખર તો ત્યારે શરીર નરક બની જાય માત્ર શરીર જ નહિ જીવન પણ નરક બની જાય. ખાધેલું પચે છે એટલે તો જીવન મળે છે. એટલે તો શક્તિ મળે છે. જેની જેટલી પાચનશક્તિ વધારે તે તેટલો જ વધુ સુખી થતો હોય છે. મળ-મૂત્ર તો સૌથી ઉત્તમ ખાતર છે. તેનાથી અન્નાદિની વૃદ્ધિ થાય છે. ગેસ થાય છે. સકારાત્મક દૃષ્ટિથી ઉપયોગ કરો તો જીવન ધન્યધન્ય થઈ જાય. મૂત્ર તો મહા ઔષધ છે. એન્ટિસેપ્ટિક છે. ઘણા રોગો મટાડે છે. તેને નરક ન કહો. કફ, લીંટ, થૂંક, રક્ત, માંસ વગેરે તત્ત્વો પણ જીવન માટે જરૂરી છે. લીંટથી નાક સ્મૂધ રહે છે. સુકાવેલું નાક મહા મહા દુઃખદાવી થઈ જાય છે. (વધુ આવતા અંકે)


# એક પુસ્તકાલય, અનેક દુનિયા

## 'વાંચનની ટેવથી વિચારની સફર સુધી'

**૧૨ ઑગસ્ટ રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ**

ભાગ્યેન્દ્ર પટેલ
ભિનાર
(હાલ ને.બુ.ટ્ર., દિલ્હી)



ડો. એસ. આર. રંગનાથન ભારતમાં પુસ્તકાલય - વિજ્ઞાનના પિતા

પુસ્તકાલય એટલે શું? કોઈ માટે પુસ્તકો રાખવાની જગ્યા, કોઈ માટે પરીક્ષાની તૈયારીનું સ્થળ, તો કોઈ માટે જ્ઞાન મેળવવાનું કેન્દ્ર. પરંતુ પુસ્તકાલય એટલે તો વાસ્તવમાં એક નવી દુનિયાના ખુલેલા દરવાજા. કોઈપણ સમાજની પ્રગતિનો પાયાનો માપદંડ પુસ્તકોને કેટલું મહત્ત્વ અપાય છે તેના પર પણ રહેલો છે. અને એ માટે એ પણ વધારે મહત્ત્વનું એ છે કે લોકો સુધી પુસ્તકો કેટલે સુધી પહોંચી રહ્યાં છે અને પુસ્તકો સુધી લોકો કેટલા પહોંચી રહ્યા છે. કેમકે ગ્રંથાલય સ્થપાય પણ છે તો તે માત્ર પુસ્તકો રાખવાની જગ્યા નથી; તે સમાજની સ્મૃતિ, જ્ઞાનનું ભંડાર અને વિચારશક્તિનું જીવંત કેન્દ્ર છે. આ જ વિચારને સમાજજીવનમાં મજબૂત રીતે સ્થાપિત કરનાર મહાન ભારતીય વિદ્વાન ડૉ. એસ. આર. રંગનાથન હતા કે જેમનો જન્મદિવસ ૧૨ ઑગસ્ટ રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ ઉજવાય છે.

ગ્રંથાલય એટલે કે કેવળ પુસ્તકો સંઘરી રાખવાં એ નહીં અને ગ્રંથપાલ હોવું એટલે પુસ્તકોનું રખોપું કરવું એટલું માત્ર જ નહીં પરંતુ તે પુસ્તકોનું વ્યવસ્થાપન અને વર્ગીકરણ પણ જાળવે જેને ગ્રંથાલય-વિજ્ઞાન કહેવાય અને જેથી વાચકો કે જેને ગ્રંથાલય-વિજ્ઞાનની ભાષામાં 'વપરાશકર્તા' કહેવાય તેમને યોગ્ય રીતે પુસ્તકો સુલભ થાય. ગ્રંથાલય વિજ્ઞાનના 'પાંચ નિયમો' છે પુસ્તકો ઉપયોગ માટે છે. દરેક વાચકને તેનું પુસ્તક મળે. દરેક પુસ્તકને તેનો વાચક મળે. વાચકનો સમય બચાવો. ગ્રંથાલય એક વિકસતું જીવંત સજીવ છે. આ નિયમો ગ્રંથાલયના યોગ્ય કાર્યવહન માટે ડૉ. રંગનાથનને ૧૯૩૧માં વિકસાવ્યા હતા. આથી તેઓ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના પિતા તરીકે જાણીતા છે. તેઓ મૂળમાં તો ગણિતશાસ્ત્રી અને શિક્ષક હતા પણ તેમણે ભારતમાં ગ્રંથાલય વિજ્ઞાનના વિકાસ માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું. તેમણે ગ્રંથાલય વિજ્ઞાનને માત્ર એક વ્યવસાય તરીકે જ નહીં પરંતુ એક સામાજિક સેવા અને જ્ઞાનપ્રસારના આંદોલન તરીકે જોવામાં મોટો ફાળો આપ્યો. તેમનું માનવું હતું કે પુસ્તક ત્યારે જ સાર્થક બને છે જ્યારે તે યોગ્ય વાચક સુધી પહોંચે અને વાચકના જ્ઞાનને સમૃદ્ધ કરે. તેમનો સમગ્ર અભિગમ વાચકકેન્દ્રિત હતો—ગ્રંથાલયનું કેન્દ્ર પુસ્તક નહીં, પરંતુ વાચક અને તેની જ્ઞાનજિજ્ઞાસા હોવી જોઈએ. તેમણે જાહેર ગ્રંથાલયોની સ્થાપના, સર્વજન માટે જ્ઞાનની ઉપલબ્ધતા, ગ્રંથાલયોમાં મુક્ત પ્રવેશ અને ગ્રંથાલય શિક્ષણના વિસ્તરણ માટે પણ મહત્ત્વનું કામ કર્યું. ભારત સરકારે ૧૯૫૭માં તેમને 'પદ્મશ્રી' સન્માનિત કર્યા હતા.

આજે ટેકનોલોજીએ કાગળિયાં-પુસ્તકો છીનવી જ લીધાં છે કેમકે મોબાઈલ ફોન અને ટેબલેટ-ગેજેટ્સ માધ્યમે દુનિયાનું કોઈપણ પુસ્તક કે અખબાર મુઠીમાં લઈ વાંચી શકાય. આવા સમયમાં પુસ્તકની પહોંચનો વિચાર સાવ જુનવાણી લાગે છે પરંતુ પુસ્તકની મહત્તા સમજનારા માટે તો નિર્જીવ ગણાતું પુસ્તક આજે પણ સ્પંદન જગાડતું એક સબળ જીવંત જ્ઞાન-માધ્યમ છે. આજે દેશ અને રાજ્યો સમેત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પુસ્તકાલયોની એક નવી અને આનંદદાયક પરંપરા પણ ઊભી થઈ રહી છે. આદિવાસી સંઘર્ષ અને બલિદાનના પ્રતીક ભગવાન બિરસા મુંડાના નામે અનેક ગામોમાં પુસ્તકાલયોની સ્થાપના થઈ રહી છે. યુવાનો અને વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરે છે—આ ખરેખર ખૂબ જ આશાજનક બાબત છે. જોકે દક્ષિણ ગુજરાતમાં પુસ્તકાલયોની પરંપરા નવી નથી. સયાજીરાવ ગાયકવાડ જેવા દૃષ્ટા શાસકોએ જ્ઞાનને લોકસુલભ બનાવવા ગ્રંથાલયોને નેત્સાહન આપ્યું હતું. આજે સૂરત, નવસારી, ભરૂચ, બારડોલી, વલસાડ, વાંસદા, ધરમપુર સહિત અનેક સ્થળોએ વિવિધ પ્રકારનાં ગ્રંથાલયો કાર્યરત છે. કિલ્લા-પારડી જેવાં કેટલાંક નાના-નગરોમાં ય પુસ્તકાલયનું જાણે અભિયાન જ ચાલે છે. અમારા ગામ ભીનારમાં પણ સરસ પુસ્તકાલયે આકાર લીધો છે અને અ ે નાથી યુવાજાગૃતિ અને અભ્યાસ ક્ષેત્રે ઘણી પ્રગતિ થઈ રહી છે.

આ બધું છતાં એક વાત વિચારવા જેવી છે. આજે ઘણાં સ્થળે આવી 'લાઈબ્રેરી'નો અર્થ એક 'અભ્યાસખંડ' જેવો બની રહ્યો છે. વિદ્યાર્થીઓ અને યુવાનો ત્યાં બેસીને પરીક્ષાની તૈયારી કરે છે—આ ખૂબ સારી બાબત છે. પરંતુ પુસ્તકાલયની દુનિયા માત્ર પરીક્ષાના અભ્યાસ સુધી મર્યાદિત નથી હોતી અને પુસ્તકાલયનો અર્થ જ સર્વસામાન્ય વાચકો માટે હોવો ઘટે. પુસ્તકાલયમાં વાર્તા, નવલકથા, કવિતા, જીવનચરિત્ર, ઈતિહાસ, સામયિકો અને અખબારો માટે પણ જગ્યા હોવી જોઈએ. વાચક માત્ર પરીક્ષા માટે નહીં, જીવન માટે પણ વાંચે—એવી સંસ્કૃતિ ઊભી થવી જોઈએ. જોકે એ માટે લોકોમાં રસરુચિ, સામે કાઢવાની નીયત સાથે ભાગીદારી હોય એ જરૂરી છે જે આજના ઉતાવળિયા જીવનમાં ગૂંચવાઈ ગયેલી ભાસે છે. એવામાં મને આજે પણ ચાલીસેક વરસ અગાઉ વાંસદાના એક જૂના પુસ્તકાલયનું દૃશ્ય યાદ આવે છે. દક્ષિણમાં બસ સ્ટેન્ડ પાસે એક રાજવી જૂની ઈમારતમાં ઉપલા માળે એક ધમધમતું પુસ્તકાલય ચાલતું હતું. લોકો શાંતિથી અખબારો વાંચતા, આપલે કરતા, સામયિકો ને પુસ્તકોમાં કલાકો સુધી ખૂંપેલા રહેતા. એ પુસ્તકાલય એક જીવંત વાંચનસમાજ હતું. હું પોતે હાઈસ્કૂલથી છૂટ્યા પછી સાંજે એકાદ-બે કલાક ત્યાં ગાળતો. ત્યાં એ વખતનાં 'રંગતરંગ', 'ચાંદની', 'ધર્મયુગ', 'ચાંદામામા' જેવાં સામયિકો અને અનેક સમાચારપત્રો વાંચવા મળતાં. અંગત રીતે આભારી થઈને કહું તો મારા જીવનમાં વાંસદાનું એ પુસ્તકાલય એવું જ એક દ્વાર બન્યું હતું જે દ્વારેથી હું પુસ્તકોની દુનિયામાં પ્રવેશ્યો હતો અને ત્રણ દાયકાથી પુસ્તકો અને સાહિત્યની દુનિયામાં સક્રિય છું. આજે ડિજિટલ યુગમાં એક ક્લિક પર જોઈતી તમામ માહિતી ઉપલબ્ધ છે. પરંતુ એ જ માહિતી એક જ વસ્તુ નથી. પુસ્તકાલય માણસને માત્ર માહિતી નહીં, વાંચવાની ટેવ, વિચારવાની શક્તિ અને પ્રશ્ન પૂછવાની હિંમત આપે છે. એટલે પુસ્તકાલયની જરૂરિયાત આજે ઓછી નથી થઈ; કદાચ વધી છે.

આજે 'ગ્રંથપાલ દિવસ' ઉજવતી વખતે આપણે ગ્રંથપાલોને અભિનંદન તો આપીએ જ અને એ વિચારને પણ ઉજવીએ કે દરેક ગામમાં, દરેક શાળામાં અને દરેક સમાજમાં એવું પુસ્તકાલય હોવું જોઈએ જ્યાં કોઈ બાળક પહેલી વાર પુસ્તક હાથમાં લઈને પોતાની દુનિયાની બહારની દુનિયા શોધી શકે.

કદાચ આ જ પુસ્તકાલયની સાચી શક્તિ છે—તે માત્ર પુસ્તકો સાચવતું નથી; તે માણસની અંદર એક નવી દુનિયા ઊભી કરે છે.

આપનું અખબાર : આપનો અવાજ
DGT

# પારડી તાલુકા વિશેષ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

- પારડી
- ઉદવાડા
- વાઘછીપા
- પરીયા

## પારડીમાં સંકલન સમિતિની બેઠક મળી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧ :** પારડી નગર પાલિકા માં સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજયના શહેરી વિસ્તારોના નાગરિકોની સુવિધાઓમાં વધારો કરવા આંતરમાળકીય વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત નગરપાલિકાઓ દ્વારા વિકાસ કાર્યોનું આયોજનના કામે ચીફ ઓફિસર વર્ગ૧ સીની સ્કેલ પ્રાદેશિકકમિશ્નર નગરપાલિકાઓની કચેરી સાઉથ ઝોન સુરતના અધ્યક્ષતા હેઠળ આજ તા.૦૭ ૦૮ ૨૦૨૬ ના રોજ સંકલન સમિતિની મીટીંગ રાખવામાં આવેલ છે. જેમાં પ્રાદેશિક કમિશ્નર સુરત ઝોન ખાતેથી પ્રાદેશિક કમિ'ર સુરત ઝોન, કાર્યપાલક ઈજનેર સુરત ઝોન, ઈજનેર GUDC તથા વલસાડ જિલ્લા હેઠળની પારડી, વલસાડ, ધરમપુર, ઉમરગામ તથા નવસારી જિલ્લા હેઠળની ગણદેવી અને બિલીમોરા નગરપાલિકાના ચીફ ઓફીસર પ્રમુખ કારોબારી અધ્યક્ષ મ્યુનિસિપલ ઈજનેર, સેનેટરી ઈનસ્પેકટર અને એકાઉન્ટન્ટઓ હાજર રહ્યા હતા. સૌપ્રથમ પ્રાદેશિક કમિ'ર, સુરત ઝોન અને ચીફ ઓફિસર વર્ગ-૧ સીની સ્કેલ પ્રાદેશિક કમિ'ર દ્વારા તા.૨૩/૦૭/૨૦૨૬ ના રોજ થયેલ ભારેથી અતિ ભારે વરસાદની સ્થિતિએ તમામ અધિકારીપદાધિકારી તથા કર્મચારીએ સારી કામગીરી કરવામાં આવી તેની પ્રશસા કરી હતી ત્યાર બાદ એજન્ડા મુજબ વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી હતી જેમાં નગરપાલિકાઓ ખાતેથી વિવિધ વિકાસના કામો તથા વિકાસના કામો માટે આવનારા દશ વર્ષોનું આગવુ આયોજન કરવાની સુચના આપી હતી.

આ સભામાં વેરા વસુલાત માટે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો અને તો જ પાલિકાઓને ગ્રાન્ટ મળશે.

નગરપાલિકામાં ભૂગર્ભ ગટર કામગીરીની સ્થિતિ અને ઝડપી કાર્ય કરવા માટેની ચર્ચા કરવામાં આવી હતી જેવા અન્ય પેન્ડિંગ વિકાસના કામો અને પેન્ટિંગ ગ્રાન્ટ અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

## ટુકવાડામાં કોલક નદી બ્રિજ પર મોટા ખાડાઓથી વાહન ચાલકો પરેશાન





પારડી તાલુકાના ટુકવાડા ગામ પાસે આવેલ નેશનલ હાઈવે નંબર ૪૮ ના કોલક નદીના જુના અને નવા બંને બ્રિજ ઉપર ભારે વરસાદના કારણે મોટા ખાડા પડી ગયા છે જેના લીધે પ્રસાર થતા વાહન ચાલકોને હેરાનગતિ થાય છે અને અકસ્માત થવાની સંભાવના પણ રહેતી હોય છે જેથી હાલમાં વાતાવરણ ખુલ્લું થયું હોય ત્યારે બ્રિજમાં તાત્કાલિક રસ્તા નો રિપેર કામ થાય અને બંને તરફના બ્રિજ ના ખાળા પુરાય એ વાહન ચાલકોના હિતમાં ખૂબ જ જરૂરી બન્યું છે વાપી તરફના વાહનચાલકો ખાસ કરીને સ્થાનિક વાહન ચાલકો આ રસ્તા અને બ્રિજનો ખાસ ઉપયોગ કરે છે સવાર સાંજ નોકરીએ જાય ત્યારે ખાડાના લીધે ટ્રાફિક જામ પણ થતો હોય છે જેના લીધે લોકોને હેરાનગતિ થાય છે તો વાહન ચાલકોના હિતમાં ઝડપી રિપેર કામગીરી ના ભાગરૂપે બંને બ્રિજના ખાડા પૂરવામાં આવે અને રિપેર કરવામાં આવે એ ખૂબ જ જરૂરી છે કારણ કે જો વરસાદ આવ્યો હતો તો ખાડાવાડી પરિસ્થિતિમાં વધુ રસ્તા ખરાબ થશે.

## પારડીના ડો. કુરેશી અને ટીમે સુરતની ડોક્ટરપ્રેન્યોર કોન્ફરન્સમાં ભાગ લીધો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧ :** સુરતમાં યોજાયેલી ડૉક્ટરપ્રેન્યોર ૨૦૨૬ કોન્ફરન્સને અભૂતપૂર્વ સફળતા મળી હતી. આ અનોખા કાર્યક્રમમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિત વિવિધ રાજયોમાંથી આશરે ૩૦૦ જેટલા ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઓડિટોરિયમ ખચાખચ ભરાયેલું રહ્યું અને તમામ ડેલિગેટ્સે શરૂઆતથી અંત સુધી સતત છ કલાક સુધી ચાલેલા વિચારમંથનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો ખાસ બાબત તો આરતી કે પારડીના જાણીતા ડોક્ટર એમ એમ કુરેશી અને એમની ટીમે આ કોન્ફરન્સમાં ભાગ લઈને ચોક્કસ સારવાર લક્ષી માર્ગદર્શન આપ્યું હતું અને આપણા પારડી નું ગૌરવ વધાર્યું હતું. કોન્ફરન્સમાં ભારતના વિવિધ રાજયોમાંથી આવેલા આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતા ફેકલ્ટી સભ્યો ડૉ. પરવીન ભાટિયા, ડૉ. આદર્શ ચૌધરી, ડૉ. રોય પટણકર, ડૉ. શૈલેષ પુન્ટામ્બેકર, ડૉ. રાજ નાગરકર, ડૉ. ભીખુભાઈ પટેલ, શ્રી રાજેશ યાદવ તથા ઓનલાઈન ફેકલ્ટી તરીકે ડૉ. પ્રવીણ રાજ એ ડૉક્ટરો કેવી રીતે સફળ ઉદ્યોગસાહસિ Entrepreneur બની શકે, તે માટે જરૂરી દૃષ્ટિકોણ, તકો, પડકારો, જોખમો અને તેના ઉકેલો અંગે અત્યંત રસપ્રદ અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું કોન્ફરન્સના ચેરમેન ડૉ. એમ. એમ. કુરેશીએ જણાવ્યું હતું કે ઓડિટોરિયમમાં ડેલિગેટ્સની સો ટકા હાજરી અને સતત છ કલાક સુધી એકાગ્રતાપૂર્વક થયેલો વિચારવિનિમય એ સ્પષ્ટ દર્શાવે છે કે ડૉક્ટરો માટે ઉદ્યોગસાહસિકતા વિષયની જરૂરિયાત આજે એટલી જ મહત્વપૂર્ણ બની ગઈ છે. જેટલી આધુનિક મેડિકલ ટેક્નોલોજીની છે તેમણે વધુમાં જણાવ્યું કે, આજના સમયમાં કોર્પોરેટ આરોગ્ય ક્ષેત્રમાં નફાકીય આંકડાઓને વધુ મહત્વ આપવામાં આવે છે અને ઘણી વખત ડૉક્ટરોને માત્ર એક સાધન તરીકે જોવામાં આવે છે. જ્યારે ડૉક્ટર પોતે સફળ ઉદ્યોગસાહસિક બને છે ત્યારે તેનું કેન્દ્રબિંદુ દર્દીઓના આરોગ્યમાં ગુણવત્તાસભર સુધારો લાવવાનું હોય છે, માત્ર નફો કમાવવાનું નહીં. આ જ સંદેશ સમગ્ર કોન્ફરન્સનો મુખ્ય આધાર રહ્યો હતો કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. કેયુર ભટ્ટ, ડૉ. વિક્રમ લોટવાલા, ડૉ. ધવલ માંગુકિયા, ડૉ. તેજસ પટેલ, ધર્મેન્દ્ર ધનાણી, ડૉ. રામ રક્ષપાલ, ડૉ. મનીષ મહેતા, ડૉ. જીતેન્દ્ર નવડિયા સહિત સમગ્ર આયોજન ટીમે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું અસરકારક સંચાલન ડૉ. કેયુર ભટ્ટએ કર્યું હતું, જ્યારે આભારવિધિ ડૉ. વિક્રમ લોટવાલાએ વ્યક્ત કરી હતી અંતમાં ડૉ. કુરેશીએ આશા વ્યક્ત કરી હતી કે ડૉક્ટરપ્રેન્યોર જેવી પ્રેરણાદાયી કોન્ફરન્સો દેશના તમામ રાજ્યોમાં યોજાય, જેથી વધુને વધુ ડૉક્ટરો સફળ ઉદ્યોગસાહસિક બની આરોગ્યસેવાને વધુ સશક્ત અને દર્દીકેન્દ્રિત બનાવી શકે એવા માર્ગદર્શન આપ્યા હતા.

## પારડીની જે.પી. પારડીવાલા સ્કુલમાં દેશભકિત ગીત સ્પર્ધા યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧ :** જે. પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા પારડી ખાતે સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાની ભાવના વિકસે તે હેતુથી દેશભક્તિ ગીત સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજના ૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ દેશભક્તિ ગીતોની સુંદર રજૂઆત કરી હતી. વિદ્યાર્થીઓની ભાવસભર અને ઉત્સાહપૂર્ણ રજૂઆતથી સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

ગીતો દ્વારા ભારતની એકતા, અખંડિતતા, શૌર્ય, બલિદાન અને રાષ્ટ્રપ્રેમનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. રશ્મિ પરમાર હાજર રહ્યા હતા અને સ્પર્ધાના અંતે તેમણે શર્મા ખુશીને તૃતિય ક્રમ, પટેલ પાયલને દ્વિતીય ક્રમ અને નાયકા પ્રિયાને પ્રથમ ક્રમ આપી નિર્ણય જાહેર કર્યો હતો કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુનીબેન જી. દેસાઈના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. બિંદુ ત્રિવેદી, ઉપાધ્યક્ષ ડૉ. હેતલ રાઠોડ એ સમગ્ર કાર્યક્રમ આયોજિત કર્યો હતો. ડૉ. સત્વિન્દર કૌર ધંજલ સવિશેષ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

વિદ્યાર્થીઓની ઉત્સાહભરી ભાગીદારીથી કાર્યક્રમ સફળ અને યાદગાર બન્યો હતો દેશપ્રેમ માત્ર શબ્દોમાં નહીં પરંતુ આપણા કાર્ય અને કર્તવ્યમાં પણ પ્રતિબિંબિત થવો જોઈએ આ ભાવના સાથે કાર્યક્રમનું સમાપન રાર્ષ્ટ્ર ગાન દ્વારા કરવામાં આવ્યું હતું.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## પારડીમાં અખિલ ભારતીય બ્રહ્મ સમાજની સભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧ :** કિલ્લાપારડી બાલાખાડીમાં અખિલ ભારતીય બ્રહ્મ સમાજના ગુજરાત પ્રમુખ પ્રિ, બીએન જોષીના નિવાસે કથાકાર પ્રફુલભાઇ શુક્લના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બ્રહ્મ સમાજ ની સભામાં દિલ્હીમાં પપ્પુ યાદવ, સનાતન ધર્મ વિરોધી ઓને ખુલ્લો પડકાર આપતાં પ્રિ, બી, એન, જોષી એ કહ્યું હતું કે હિન્દુ સઁસ્કૃતિ, શાસ્ત્રો અને સઁતોનું અપમાન હવે સહન કરવામાં નહીં આવે, એની સામે એફ, આર, આઈ, કરીને કેસ કરવાની અમારી તૈયારી છે, અધ્યક્ષ સ્થાને થી કથાકાર પ્રફુલભાઇ શુક્લ એ કહ્યું હતું કે હિન્દુ થઇ ને હિન્દુનો વિરોધ કરે એના ડી, એન, એ, ટેસ્ટની ખાસ જરૂર છે,ભારત આલી, મવાલી નો દેશ નથી સંતો, શૂરવીરો નો દેશ છે

એટલે આવા ખાટ સ્વાદિયાઓ એ બકવાસ કરવાનું બન્ધ કરવું જોઈએ, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી સનાતન ધર્મ, સંતો ને અને તીર્થ સ્થાનો ને સન્માનિત કરી રહ્યા છે ત્યારે પપ્પુ,યાદવ જેવા મૂર્ખ માણસો ખોટે રસ્તે ચાલીની શાંત પાણી માં પથરો નાખી રહ્યા છે.

એનું પરિણામ ભોગવા તૈયાર રેહવું પડશે,આજની સભામાં કેતનભાઈ ભટ્ટ, રાજેશભાઈ પુરોહિત, અશ્વિભાઈ ભટ્ટ, હિમાંશુ પંડિયા,પુનિત મહારાજ,ઉપસ્થિત રહ્યા હતા આ સાથે બ્રહ્મ સમાજ નો પ્રચંડ વિરોધ વ્યક્ત થયો હતો.

## લાયન્સ કલબ ઓફ પારડી દ્વારા રાહત સામગ્રીનું વિતરણ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**પારડી, તા. ૧૧ :** લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લના આયોજન હેઠળ, લાયન્સ ક્લબ ઓફ મુલુંડ મુંબઈ ના પ્રેસિડેન્ટ લાયન રાજેશ ઠક્કર અને એમની ટીમ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓના સહયોગથી કપરાડા તાલુકાના અંતરિયાળ અને છેવાડાના ગામોમાં જરૂરિયાતમંદ પરિવારોને રેલ રાહત કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું

લાયન્સ ક્લબ પારડી પર્લ ના પ્રેસિડેન્ટ લાયન પ્રેમલ ચૌહાણ, લાયન ભરત દેસાઈ, લાયન શાંતિલાલ પટેલ અને લાયન કેજર મુસાની સાથે નીતિન પટેલ પણ જોડાયા હતા.આ સેવા કાર્ય દ્વારા અનેક જરૂરિયાતમંદ પરિવારોને જીવનજરૂરિયાતની સામગ્રી પહોંચાડીને મુશ્કેલીના સમયમાં સહાયરૂપ બનવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો આ પ્રસંગે IPDG લાયન મોનાબેન દેસાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રાહત વિતરણના સેવા કાર્યમાં સક્રિય રીતે જોડાઈ સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું અને ઉપસ્થિત મેમ્બરોને ને પ્રેરણા આપી હતી.

## પારડીની કોલેજમાં વિશ્વ આદિવાસી દિવસ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧ :** જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી, વલસાડ ખાતે એસ.સી, એસ ટી સેલ અને ચર્ચા સભા સમિતિના સંયુક્ત ઉપક્રમે વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આદિવાસી સમાજની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરા, લોકજીવન, કલા અને પ્રકૃતિ સાથેના તેમના અતૂટ સંબંધ વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો હતો.



કાર્યક્રમ દરમિયાન આદિવાસી સમાજના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક યોગદાન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કોલેજના અધ્યાપકો અને વિધાર્થીઓ દ્વારા આદિવાસી સમુદાયના પરંપરાગત જ્ઞાન, કુદરતી સંસાધનોના સંરક્ષણમાં તેમની ભૂમિકા તથા આધુનિક સમયમાં આદિવાસી સમાજ સમક્ષ રહેલા પડકારો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ સાથે વિશ્વ આદિવાસી દિનની ઉજવણીનું સમાપન કરવામાં આવ્યું હતું.

આદિવાસી સંસ્કૃતિનું જતન એ ભારતની વૈવિધ્યસભર સાંસ્કૃતિક ધરોહરનું જતન છે આ કાર્યક્રમનું સફળ આયોજન આચાર્ય ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ ના માર્ગદર્શન હેઠળ સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## ધગડમાળમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧ :** પારડી તાલુકામાં આવેલી શ્રી ડી.જે. પટેલ ઉ.પં. સાર્વજનિક હાઈસ્કૂલ ધગડમાળખાતે પૂર અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ માટે સુરતના એક ઉદાર દાનવીર દ્વારા શૈક્ષણિક સાધન-સામગ્રી વિતરણનો એક સરાહનીય કાર્યક્રમ યોજાયો હતો છેલ્લા સપ્તાહ દરમિયાન વિસ્તારમાં સર્જાયેલી પૂરની પરિસ્થિતિને કારણે અનેક વિદ્યાર્થીઓના અભ્યાસ માટેના પુસ્તકો અને સામગ્રીને નુકસાન પહોંચ્યું હતું. આ પરિસ્થિતિને ધ્યાને રાખી સુરતના ઉદાર દાનવીર જયસુખભાઈ ચિત્રોડા દ્વારા શાળાના ૩૦થી પણ વધુ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ આપવામા આવી હતી. આ કિટમાં સ્કૂલ બેગ, નોટબુક, બોલપેન અને પેડ જેવી શિક્ષણ માટે ઉપયોગી તમામ સામગ્રી આપવામાં આવી હતી.



આ પ્રસંગે દાતા જયસુખભાઈ ચિત્રોડાએ જણાવ્યું હતું કે, બાળકોના શિક્ષણ માટે જ્યારે પણ આવી જરૂરિયાત ઊભી થાય ત્યારે મદદ કરવી એ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.

અગાઉ ધરમપુર વિસ્તારની વિવિધ શાળાઓમાં મદદ કર્યા બાદ, આ વિસ્તારની શાળામાં પણ જરૂરિયાત જણાતા બાળકોને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શાળાના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ રાકેશભાઈ પટેલ તથા શાળા પરિવાર અને મંડળ તરફથી આ આપત્તિના સમયે ત્વરિત મદદ પહોંચાડવા બદલ દાનવીરનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો તથા સ્ટાફ સભ્યો હેમલતાબેન પત્રેકર, કાશ્મીરાબેન એન્જીનીઅર, જીગર પટેલ, ફિલિષાબેન ગામિત, પ્રફુલભાઈ પટેલ, ભાવનાબેન પટેલ, નિલેશભાઈ પરમાર અને અજીતભાઈ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમયસર મળેલી આ શૈક્ષણિક સહાયથી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી.

## પારડીની હનુમાન ડુંગરી પ્રા. શાળામાં વિદ્યાર્થીઓને યુનિયોર્મ વિતરણ કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧ :** પારડી સ્થિત હનુમાન ડુંગરી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે યુનિફોર્મ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૪-૫ વર્ષથી સતત ચાલતી આ સામાજિક સેવાની પરંપરાને જાળવી રાખીને આ વર્ષે પણ ધોરણ ૧ થી ૫ ના જરૂરિયાતમંદ બાળકોને નિઃશુલ્ક ગણવેશ આપવામાં આવ્યા હતા હનુમાન ડુંગરી પ્રાથમિક શાળા, જેની સ્થાપના પ્રવીણભાઈ ટંડેલના પિતાજી દ્વારા કરવામાં આવી હતી, જે શાળા આજે ઉત્તરોત્તર પ્રગતિના પંથે આગળ વધી રહી છે. હાલમાં શાળાના નવા મકાનનું નિર્માણ કાર્ય ચાલુ હોવાથી શિક્ષણ કાર્ય આંગણવાડીના સ્થળે ચલાવવામાં આવી રહ્યું છે. સુવિધાઓની અછત વચ્ચે પણ શાળા પરિવાર અને દાતાઓના સહયોગથી શિક્ષણનો દીપક પ્રજ્વલિત રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં દાતા




અનવરભાઈ મણિયાર પરિવારના રિયાઝભાઈ બદરુભાઈ મણિયાર અને સાબીર અનવરહુસૈન મણિયારના આર્થિક સહયોગથી આશરે ૩૫ થી ૩૬ બાળકોને ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું હતું. અગાઉ પણ શાળામાં બાળકોની હાજરી અને સંખ્યા વધારવાના ઉદ્દેશ્યથી રેઈનકોટ અને સ્કૂલ બેગ જેવી જરૂરી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. અનવરભાઈ એ જણાવ્યું કે છેલ્લા ૪-૫ વર્ષથી અમે અહીં બાળકોને ગણવેશ આપીએ છીએ. પૂર્વ આચાર્ય વિદ્યાબેનના પ્રસ્તાવથી શરૂ થયેલી આ સત્કાર્ય આજે પણ ચાલુ છે.

ગણવેશ મળવાથી બાળકો ખુશ થાય છે અને શાળામાં બાળકોની સંખ્યા પણ વધી રહી છે આ પ્રસંગે SMC સભ્ય પ્રવીણભાઈ ટંડેલ, સૈયદ ઈલ્મુદ્દીનભાઈ, ઈદ્રીસભાઈ શેખ, પૂર્વ આચાર્ય વિદ્યાબેન, કલ્પનાબેન તેમજ શિક્ષિકા તેજલબેન સહિતના મહાનુભાવો, ગ્રામજનો અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

## પારડીની સરસ્વતી વિદ્યામંદિરમાં માર્ગદર્શન સેમિનાર યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧ :** શ્રી સરસ્વતી વિદ્યા મંદિર, કિલ્લા પારડી ખાતે આજરોજ બાલિકા પ્રશિક્ષણ અંતર્ગત ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે કિશોરાવસ્થા દરમિયાન ઉદ્ભવતા વિવિધ પ્રશ્નો અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન વિદ્યાલયના ટ્રસ્ટી ડૉ. કાર્તિકભાઈ ભદ્રાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નાટકની હોસ્પિટલના ગાયનેકોલોજિસ્ટ તથા IVF કન્સલ્ટન્ટ ડૉ. જીજ્ઞાબેન ગરાસીયા દ્વારા કિશોરાવસ્થા દરમિયાન થતા શારીરિક તથા માનસિક ફેરફારો, આરોગ્ય, સ્વચ્છતા તેમજ વિદ્યાર્થીઓને મૂંઝવતા વિવિધ પ્રશ્નો અંગે સરળ અને સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ નિઃસંકોચપણે પોતાના પ્રશ્નો રજૂ કર્યા




હતા અને ડૉ. જીજ્ઞાબેને યોગ્ય તથા વૈજ્ઞાનિક અભિગમ સાથે તેમના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા. જેના પરિણામે વિદ્યાર્થીઓને કિશોરાવસ્થા અંગે જરૂરી સમજ, જાગૃતિ અને આત્મવિશ્વાસ પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગે વિદ્યાલયના ટ્રસ્ટી રાજેશભાઈ રાણા તથા ડૉ. કાર્તિકભાઈ ભદ્રા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાન ડૉ. જીજ્ઞાબેન ગરાસીયાનું પુષ્પગુચ્છ અને પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન વિદ્યાર્થીની ખુશી યાદવ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આભારવિધિ આસ્થા પટેલે કરી હતી. કિશોરાવસ્થાના વિદ્યાર્થીઓને યોગ્ય સમયે યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી યોજાયેલ આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી અને પ્રેરણાદાયી બની રહ્યો હતો.

# અન્ય સમાચારો

Wednesday 12, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 12, August 2026

## સંબંધોની પેલે પાર

બદલાતી સામાજિક વાસ્તવિકતાઓ વચ્ચે દેશની સર્વોચ્ચ અદાલતે લિવ-ઈન-રિલેશનશિપમાંની સ્ત્રીઓને ઘરેલુ હિંસા બાબતે મળતું સંરક્ષણ આપી -ગતિશીલ પગલું લીધું છે. જો કે, આ સંરક્ષણ એવા લિવ-ઈન કપલ્સને જ લાગુ પડશે, જેઓ લગ્ન કરવાનો ઈરાદો ધરાવે છે. આઈપીએસની કલમ ૪૯૮એ જે હવે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૫ છે, તેના હેઠળ પતિ અથવા પરિવારના સભ્યો પત્ની પ્રત્યે ક્રૂરતા દાખવે તો તેમની સામે ફોજદારી મામલો ચાલી શકે છે. અદાલતે સ્વીકાર્યું છે કે, ઘરેલુ હિંસા માત્ર લગ્ન કે કાયદેસર જોડાણ હોય એવા કેસમાં જ લાગુ પડે છે, એવું નથી. આ સાથે જ એ વાત પણ નોંધવી રહી કે, લગ્ન ઔપચારિક રીતે થયાં ન હોય, માત્ર એ આધાર પર ઘરેલુ હિંસામાં ફોજદારી કાયદાથી રક્ષણ ન મળી શકે એવું નથી. ભારતમાં કમનસીબે નોંધવું પડે છે કે, નિકટના સંબંધોમાં હિંસાના બનાવો સૌથી વધુ છે અને પોલીસના ચોપડે તે સૌથી ઓછા નોંધાય છે, એ પણ એટલી જ કડવી વાસ્તવિકતા છે. હાલમાં જ પ્રકાશિત થયેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (એનએફએચએસ)ના આંકડા અનુસાર, પરિણીત હોય એવી સ્ત્રીઓમાંથી બાવીસ ટકાએ પોતાના સાથી દ્વારા શારીરિક, માનસિક કે જાતીય હિંસાનો અનુભવ કર્યો છે. આમ છતાં, આર્થિક આધિનતા કે સામાજિક બંધારણને પગલે નગણ્ય પ્રમાણમાં મહિલાઓએ આ બાબતમાં ફરિયાદ નોંધાવી છે. લિવ-ઈન-રિલેશનશિપ ભલે ભારતીય સંસ્કૃતિથી વિરુદ્ધ છે અને તેને નવા કાળની બદી ગણાવનારો વર્ગ પણ મોટો છે. જો કે, શહેરોમાં, ઉચ્ચ-શિક્ષિત વર્ગમાં તથા પુખ્ત વયનાં પગભર સ્ત્રી-પુરુષોમાં આ ચલણ વધી રહ્યું છે. આવામાં, આ પ્રકારના સંબંધમાં હિંસાચાર થતો હોય તો સ્ત્રીના ભાગે વધારાનો કાયદાકીય બોજ તથા સામાજિક અંતરાયો આવે છે, જે કેસના કારણે આ ચર્ચા અદાલત સુધી પહોંચી એમાં પોતે પહેલાંથી પરિણીત છે, એ વાત છુપાવી બીજી સ્ત્રી સાથે લગ્ન કરી તેની સાથે રહેનારા પુરુષ સામે આ સ્ત્રીએ છ વર્ષ બાદ ક્રૂરતાની ફરિયાદ નોંધાવી. જેના જવાબમાં આરોપીએ દલીલ કરી કે, તેઓ કાયદેસર પરણેલા ન હોવાથી કાયદાની આ જોગવાઈ તેને લાગુ પડતી નથી, કેમ કે, હિન્દુ મેરેજ એક્ટમાં દ્વિ-પત્નીત્વને માન્યતા નથી.

## ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગ પર સરકારે બ્રેક માર્યો

### હાલમાં દેશમાં ૨૦ કરોડથી વધુ ટૂ-વ્હીલર્સ અને ૩ કરોડથી વધુ પેટ્રોલ કારો ઈથેનોલ-બ્લેન્ડેડ ઈંધણ પર ચાલી રહી છે




(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧

જે ઈથેનોલને પેટ્રોલમાં ભેળવીને ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવા અને પ્રદૂષણ ઓછું કરવા માટે મોટું કદમ માનવામાં આવતું હતું, તે જ ઈથેનોલ ડીઝલમાં ભળતા જ સુરક્ષા સામે સવાલો ઊભા થઈ ગયા છે. E20 પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે કેન્દ્ર સરકારે ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગને લઈને મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. સરકારના જણાવ્યા અનુસાર, હાલમાં ડીઝલમાં ઈથેનોલ ભેળવવામાં નહીં આવે. ડીઝલમાં ઈથેનોલના ટેસ્ટિંગ બાદ સુરક્ષાના કારણોસર આ યોજનાને હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે.પેટ્રોલિયમ અને નૈસર્ગિક ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ રાજ્યસભામાં માહિતી આપતા જણાવ્યું હતું કે સરકારી ઓઈલ કંપનીઓએ પોતાના રિસર્ચ સેન્ટરો, ઓટોમોબાઈલ કંપનીઓ અને સર્ટિફાઈડ લેબ્સ સાથે મળીને ડીઝલમાં ઈથેનોલ બ્લેન્ડિંગનું પરીક્ષણ કર્યું હતું. આ તપાસમાં સામે આવ્યું કે ઈથેનોલ ભેળવવાથી ડીઝલનો 'ફ્લેશ પોઈન્ટ' (Flash Point) નોંધપાત્ર રીતે નીચો જતો રહે છે, જેના કારણે ઈથેનોલ-બ્લેન્ડેડ ડીઝલ નક્કી કરેલા સુરક્ષા ધોરણો પર ખરું ઊતરી શક્યું નથી.ફ્લેશ પોઈન્ટ એ કોઈપણ બળતણની સુરક્ષા સાથે જોડાયેલો એક અત્યંત મહત્ત્વનો પેરામીટર છે. સરળ ભાષામાં કહીએ તો, ફ્લેશ પોઈન્ટ એ લઘુત્તમ તાપમાન છે જેના પર ઈંધણમાંથી નીકળતી વરાળ હવામાં ભળીને બહારના કોઈ તણખા કે આગના સંપર્કમાં આવતા જ સળગી શકે છે. ફ્લેશ પોઈન્ટ જેટલો નીચો હશે, ઈંધણ એટલી જ ઝડપથી આગ પકડી લેશે. ડીઝલના સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટેશન અને ટેન્કરોમાંથી હેન્ડલિંગ દરમિયાન આનાથી આગ લાગવાનું મોટું જોખમ ઊભું થઈ શકે છે

.પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધારવા અંગે સ્પષ્ટતા કરતા સરકારે કહ્યું કે, હાલમાં પેટ્રોલમાં 20%થી વધુ ઈથેનોલ (E20) ભેળવવાનો કોઈ નિર્ણય લેવાયો નથી. ભવિષ્યમાં જો ઈથેનોલનું પ્રમાણ વધારવામાં આવશે, તો તે પહેલા વૈજ્ઞાનિક અને ટેકનિકલ સ્તરે ઊંડો અભ્યાસ કરવામાં આવશે તેમજ તમામ સંબંધિત પક્ષો સાથે ચર્ચા કરાશે. સરકારે E20 પેટ્રોલને સંપૂર્ણપણે સુરક્ષિત ગણાવ્યું છે. ARAI, SIAM અને ઈન્ડિયન ઓઈલ જેવી સંસ્થાઓ દ્વારા કરાયેલા લેબ ટેસ્ટ અને ફીલ્ડ ટ્રાયલમાં એન્જિન લાઈફ, પરફોર્મન્સ અને ફ્યુઅલ એફિશિયન્સી જેવા તમામ પાસાઓ પર E20 યોગ્ય સાબિત થયું છે.સરકારના ડેટા અનુસાર, હાલમાં દેશમાં 20 કરોડથી વધુ ટૂ-વ્હીલર્સ અને 3 કરોડથી વધુ પેટ્રોલ કારો ઈથેનોલ-બ્લેન્ડેડ ઈંધણ પર ચાલી રહી છે. છેલ્લા 3 વર્ષથી વધુ સમયથી E15+ અને 2.5 વર્ષથી વધુ સમયથી E19-E20 ફ્યુઅલનો ઉપયોગ થઈ રહ્યો છે. અત્યાર સુધી એવા કોઈ પ્રમાણિત પુરાવા મળ્યા નથી જેનાથી મોટા પાયે એન્જિન ખરાબ થવાને ઈથેનોલ બ્લેન્ડિંગ સાથે સીધું જોડી શકાય. આમ, સરકારે ડીઝલમાં ઈથેનોલ ભેળવવાનો રસ્તો હાલ બંધ કરી દીધો છે, જ્યારે પેટ્રોલમાં E20 જાળવી રાખ્યું છે.

## કોલસા કેસમાં મનમોહન સિંહને રાહત



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧ : કોલસા બ્લોક ફાળવણી કેસમાં પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી કાનૂની રાહત મળી છે. ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ સુપ્રીમ કોર્ટે આ કેસમાં CBI દ્વારા દાખલ કરવામાં આવેલી ક્લોઝર રિપોર્ટ સ્વીકારીને તેમની સામેની કાર્યવાહી બંધ કરી હતી. કોર્ટે નીચલી અદાલત દ્વારા ૨૦૧૫માં મનમોહન સિંહને આરોપી તરીકે સમન્સ પાઠવવાના આદેશને પણ રદ કર્યો હતો.

આ કેસ ઓડિશાના તલબીરા-II કોલ બ્લોકની ફાળવણી સાથે જોડાયેલો હતો. CBIએ અગાઉ તપાસ બાદ મનમોહન સિંહ સામે કાર્યવાહી આગળ ન વધારવાની ભલામણ કરતી ક્લોઝર રિપોર્ટ રજૂ કરી હતી. જોકે, ટ્રાયલ કોર્ટે આ રિપોર્ટ સ્વીકારવાને બદલે તેમને સમન્સ પાઠવ્યા હતા. સુપ્રીમ કોર્ટે હવે સ્પષ્ટ કર્યું કે CBIની ક્લોઝર રિપોર્ટને ફગાવીને કેસ આગળ વધારવા માટે ટ્રાયલ કોર્ટ પાસે પૂરતું કારણ નહોતું. મનમોહન સિંહનું ડિસેમ્બર ૨૦૨૪માં અવસાન થઈ ચૂક્યું હોવા છતાં સુપ્રીમ કોર્ટે તેમની સામેના આક્ષેપો અને નીચલી અદાલતના આદેશની કાયદેસરતા પર વિચાર કર્યો હતો. કોર્ટે ઝ્મ્ના બંને ક્લોઝર રિપોર્ટને ધ્યાનમાં લઈને તેમની સામેની કાર્યવાહી બંધ કરવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય બાદ કોંગ્રેસે તેને મનમોહન સિંહની પ્રામાણિકતા અને રાજકીય વારસાની પુષ્ટિ તરીકે રજૂ કર્યો છે.

સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ મનમોહન સિંહની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે ઈતિહાસ મનમોહન સિંહને શાંત, સરળ અને અત્યંત પ્રભાવશાળી વડાપ્રધાન તરીકે યાદ રાખશે. તેમણે તેમના આર્થિક અને સામાજિક ક્ષેત્રના કામોને પણ યાદ કર્યા હતા. સોનિયા ગાંધીએ આ મુદ્દાને લઈને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર પણ રાજકીય પ્રહાર કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર ED અને CBI જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓનો રાજકીય હેતુઓ માટે દુરુપયોગ કરે છે. તેમના આ નિવેદનથી આ મામલો ફરી એકવાર રાજકીય ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

## રાષ્ટ્રપતિએ વંદે માતરમ બિલને મંજૂરી આપી



(જી.એન.એસ) તા. ૧૧

નવી દિલ્હી,રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મંગળવારે વંદે માતરમ બિલને મંજૂરી આપી, જેનાથી રાષ્ટ્રગીતને રાષ્ટ્રગીત જેટલું જ કાનૂની રક્ષણ મળ્યું.

સંસદે ગયા મહિને રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ, ૨૦૨૬ પસાર કર્યું, જેમાં રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧ માં સુધારો કરવામાં આવ્યો. આ કાયદો વંદે માતરમને રાષ્ટ્રગીત, જન ગણ મન જેટલું જ કાનૂની રક્ષણ આપવાનો પ્રયાસ કરે છે.રાષ્ટ્રપતિની સંમતિ સાથે, બિલ કાયદો બની ગયો છે. હવે, આવા ગુનાઓ માટે ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે.

અગાઉ, રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમમાં રાષ્ટ્રગીત (જન ગણ મન) ગાવાથી ઈરાદાપૂર્વક અટકાવવા અથવા આવા ગાનમાં રોકાયેલા કોઈપણ સભામાં ખલેલ પહોંચાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

આ ગુનાઓ માટે ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે, જ્યારે બીજા અને પછીના દરેક દોષિત ઠરવા પર ઓછામાં ઓછી એક વર્ષની કેદની સજા થતી હતી. અગાઉના કાયદામાં રાષ્ટ્રગીતને સમાન રક્ષણ આપવામાં આવ્યું ન હતું.

૨૮ જાન્યુઆરીના રોજ એક આદેશમાં, ગૃહ મંત્રાલયે રાષ્ટ્રગીત ગાવા માટે પ્રોટોકોલનો પ્રથમ સેટ આપ્યો હતો, જેમાં નિર્દેશ આપવામાં આવ્યો હતો કે રાષ્ટ્રપતિના આગમન, રાષ્ટ્રધ્વજ ફરકાવવા અને રાજ્યપાલોના ભાષણો જેવા સત્તાવાર કાર્યક્રમોમાં ૩ મિનિટ અને ૧૦ સેકન્ડના છ શ્લોકો ગાવામાં આવશે.

"જ્યારે રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગીત ગાવામાં આવે છે અથવા વગાડવામાં આવે છે, ત્યારે રાષ્ટ્રગીત પહેલા ગવાશે અથવા વગાડવામાં આવશે," આદેશમાં કહેવામાં આવ્યું હતું.

જે સભામાં રાષ્ટ્રગીત ગવાશે તે ધ્યાન કેન્દ્રિત રહેશે, એમ તેમાં કહેવામાં આવ્યું છે.

અનેક નિર્દેશો ધરાવતા આ આદેશમાં કહેવામાં આવ્યું હતું કે બધી શાળાઓમાં, દિવસનું કાર્ય રાષ્ટ્રગીતના સામુદાયિક ગાનથી શરૂ થશે.

## રાજ્યસભામાં કરવેરા બિલને મંજૂરી મળી

(જી.એન.એસ) તા. ૧૧

નવી દિલ્હી,

રાજ્યસભાએ ચર્ચા બાદ નાણાં બિલ લોકસભામાં પરત કર્યા પછી, સંસદે સોમવારે કરવેરા અને અન્ય કાયદા (સુધારા) બિલ, ૨૦૨૬ પસાર કર્યું, જેમાં નાણામંત્રી નિર્મલા સીતારમણે ખાતરી આપી હતી કે ગ્રાહકો અને નાના વેપારીઓએ UPI વ્યવહારો પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (સ્હ્રઇ) ચાર્જ ચૂકવવા પડશે નહીં.લોકસભાએ અગાઉ બિલ પસાર કર્યું હતું. કારણ કે તે એક નાણાં બિલ છે, રાજ્યસભા ફક્ત તેની જોગવાઈઓ પર ભલામણો કરી શકે છે અને તેને લોકસભામાં પરત કરી શકે છે, જે તે ભલામણોને સ્વીકારી અથવા નકારી શકે છે.રાજ્યસભામાં ચર્ચાનો જવાબ આપતા, સીતારમણે કહ્યું કે UPI -સંબંધિત સુધારો ફક્ત એક સક્ષમ જોગવાઈ છે અને તે પોતે વપરાશકર્તાઓ પર કોઈ કર અથવા વ્યવહાર ચાર્જ લાદતો નથી."આજે અમે જે સક્ષમ જોગવાઈ લાવી રહ્યા છીએ તે UPI વપરાશકર્તાઓ પર કોઈ કર અથવા વ્યવહાર ચાર્જ લાદતી નથી," સીતારમણે કહ્યું, ઉમેર્યું કે તે સરકારને સૂચના દ્વારા ઈલેક્ટ્રોનિક ચુકવણી મોડ્સ સ્પષ્ટ કરવાની મંજૂરી આપે છે જે ચાર્જ સામે વૈધાનિક રક્ષણ મેળવતા રહેશે.

તેણીએ એમ પણ કહ્યું કે કોઈ સ્હ્રઇ ફ્રેમવર્ક હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી."તેથી, કોઈ સ્હ્રઇ ફ્રેમવર્ક હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી," તેણીએ કહ્યું.નાના વ્યવસાયો અંગેની સ્થિતિ સ્પષ્ટ કરતા, સીતારમણે કહ્યું, "નાના વેપારીઓ UPI ના સમાવેશી વિકાસમાં કેન્દ્ર સ્થાને રહે છે. અમે તેમના પર કોઈ સ્હ્રઇ લાદવાના નથી. અમારો કોઈ ઈરાદો નથી."તેમણે વધુમાં કહ્યું હતું કે, ગ્રાહકો ટ્રાન્ઝેક્શન ચાર્જ ચૂકવ્યા વિના UPI ચુકવણી કરવાનું ચાલુ રાખશે.

બિલમાં વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરવા અને રોકાણ આકર્ષવા માટે કર અને રોકાણ સંબંધિત ફેરફારોનો વ્યાપક સમૂહ પણ શામેલ છે. આમાં ભારતમાં ચોક્કસ ડેટા-સેન્ટર

સેવાઓ સાથે જોડાયેલ કર મુક્તિ, વૈશ્વિક હીરા-વેપાર પ્રવૃત્તિ માટે પ્રોત્સાહનો, ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને ટેકો આપતા પગલાં અને પાત્ર રોકાણ ભંડોળ માટે શરતોમાં છૂટછાટનો સમાવેશ થાય છે.

## અમેરિકાએ ૨૦ યુદ્ધજહાજો ગોઠવી હોર્મુઝની ઘેરાબંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન , તા.૧૧

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે તેઓએ મધ્યપૂર્વમાં ૨૦થી વધુ યુદ્ધજહાજ ગોઠવ્યા છે. આ પગલું વોશિંગ્ટન દ્વારા ઈરાન પર ઘેરાબંધી વધુ આકરી બનાવવાના ભાગરૂપે ઉઠાવવામાં આવ્યું છે. આ ગોઠવણી હોર્મુઝની આસપાસ વધતા તણાવને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. ઈરાનની સ્પષ્ટ માંગ છે કે હોર્મુઝ ખોલવી હોય તો અમારી માંગો માનો.સેન્ટકોમ મુજબ અમેરિકન નૌકાદળના વિધ્વંસક યુએસએસ રોસ પર સવાર ખલાસીઓ પણ આ વિસ્તારમાં ગોઠવાયેલા દળોનો હિસ્સો છે. કમાન્ડે જણાવ્યું હતું કે આ યુદ્ધજહાજ લશ્કરી મિશનોનું સમર્થન કરી રહ્યા છે. તેમા ઈરાન સામે અમેરિકાની ઘેરાબંધી વધુ ચુસ્ત રીતે કરવાનો સમાવેશ થાય છે. અમેરિકન લશ્કરી કમાન્ડે જણાવ્યું હતું કે નવ ઓગસ્ટ સુધી સેંટકોમે ૫૫ વેપારી જહાજોને બીજા માર્ગ તરફ વાળી દીધા છે. બે જહાજને રોક્યા છે અને બાકીના બેને રોકીને તેની પાસેથી નિયમપાલન સુનિશ્ચિત કરાવ્યું છે. આ ગોઠવણી તેવા સમયે થઈ છે જ્યારે ઈરાન અને ઓમાન એક સમજૂતી નજીક પહોંચી ગયા છે. તેમા હોર્મુઝમાંથી પસાર થતી નવી શિપિંગ લેન બની શકે છે. ઈરાનના વિદેશપ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે હોર્મુઝ પર ઓમાન સાથે સમજૂતી અંતિમ તબક્કામાં છે. જો કે ઈરાને સ્પષ્ટ કરી દીધું છે કે હોર્મુઝને સંપૂર્ણપણે ખોલવી ત અમેરિકા ઈરાનની માંગોને પૂરી કરે તેના પર નિર્ભર રહેશે. ઈરાનને અમેરિકન હુમલામાં થયેલા નુકસાનનું વળતર, પ્રતિબંધો અને લશ્કરી ધમકીઓ આપવાનું ખતમ કરવું અને ખાડીમાં અમેરિકન લશ્કરની ઘેરાબધી ખતમ કરવાનો સમાવશ થાય છે.તેની સામે અમેરિકન અધિકારીએ જણાવ્યું હતું કે અમેરિકાની કોઈપણ કાર્યવાહી ઈરાન પોતે આપેલું વચન પાળે તે સાથે જોડાયેલી હશે. ઉલ્લેખનીય છે કે અમેરિકા-ઈરાન વચ્ચે સીધી વાતચીત થઈ રહી નથી, મધ્યસ્થીઓની મદદથી વાતચીત થઈ રહી છે.

### ચોક્કસ પ્લાસ્ટિક પેકેજિંગ પર પ્રતિબંધ

## FSSAIના નવા નિયમો લાગુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧ : પાન મસાલા ખરીદનારા ગ્રાહકોને આગામી દિવસોમાં તેના પેકેટના સ્વરૂપમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. ભારતીય ખાદ્ય સુરક્ષા અને ધોરણ પ્રાધિકરણ (FSSAI) દ્વારા પાન મસાલાના પેકેજિંગને લઈને નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. આ નવા નિયમો ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬થી અમલમાં આવ્યા છે. નવા નિયમો હેઠળ પાન મસાલાના પેકેજિંગમાં ચોક્કસ પ્રકારના પ્લાસ્ટિક અને સિન્થેટિક સામગ્રીના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

નવા નિયમો અનુસાર પાન મસાલાના પેકેજિંગ માટે પોલિઅથિલીન, પોલિપ્રોપિલીન, પોલિએસ્ટર, PVC સહિતના સિન્થેટિક પોલિમર અને કો-પોલિમરનો ઉપયોગ કરી શકાશે નહીં. આ ઉપરાંત લેમિનેટ, એલ્યુમિનિયમ ફોઈલ અને મેટલાઈઝ્ડ લેયર ધરાવતા ચોક્કસ પ્રકારના પેકેજિંગ પર પણ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે. આ નિર્ણય બાદ પાન મસાલા ઉત્પાદક કંપનીઓએ પોતાની હાલની પેકેજિંગ સિસ્ટમમાં ફેરફાર કરવો પડી શકે છે. ખાસ કરીને નાના પાઉચ અને સેચેટમાં પેક થતા ઉત્પાદનો માટે નવી પેકેજિંગ સામગ્રી વિકસાવવી કંપનીઓ માટે મોટો પડકાર બની શકે છે.નવા નિયમો હેઠળ પાન મસાલાના પેકેજિંગ માટે કાગળ, પેપર બોર્ડ, સેલ્યુલોઝ અને કુદરતી સ્ત્રોતોમાંથી મેળવેલી અન્ય યોગ્ય સામગ્રીનો ઉપયોગ કરી શકાશે. આ ઉપરાંત ટિન અને કાચના કન્ટેનરમાં પણ પાન મસાલાનું પેકિંગ કરવાની મંજૂરી છે.કંપનીઓએ નવી પેકેજિંગ સામગ્રી માટે કાચા માલની વ્યવસ્થા કરવાની સાથે પેકેજિંગ મશીનરી અને ઉત્પાદન પ્રક્રિયામાં પણ જરૂરી ફેરફાર કરવા પડી શકે છે. આના કારણે ઉત્પાદન ખર્ચ વધવાની શક્યતા છે. જો વૈકલ્પિક પેકેજિંગ સામગ્રી મોંઘી પડે તો તેનો કેટલોક બોજ અંતે ગ્રાહકો પર પણ પડી શકે છે.

## દમાસ્કસની કોર્ટે પૂર્વ સીરિયન રાષ્ટ્રપતિ અસદને મૃત્યુદંડ ફટકાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

દમાસ્કસ , તા.૧૧

સીરિયાના પૂર્વ રાષ્ટ્રપતિ બશર અલ-અસદને દમાસ્કસની એક અદાલતે મૃત્યુદંડની સજા ફટકારી છે. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ આવેલા આ ચુકાદામાં અસદને પૂર્વઆયોજિત હત્યા, ટોર્ચર, મનસ્વી ધરપકડ અને માનવતા વિરુદ્ધના ગુનાઓ સાથે જોડાયેલા કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ કાર્યવાહી સીરિયાના લગભગ ૧૪ વર્ષ લાંબા ગૃહયુદ્ધ દરમિયાન થયેલા ગંભીર ગુનાઓ સાથે સંબંધિત છે. અસદ ડિસેમ્બર ૨૦૨૪માં સત્તા પરથી હટ્યા બાદ પરિવાર સાથે રશિયા ભાગી ગયા હતા અને હાલમાં મોસ્કોમાં રહે છે. તેથી તેમની સામેની કાર્યવાહી તેમની ગેરહાજરીમાં કરવામાં આવી હતી. આ ચુકાદો સીરિયાની નવી અંતરિમ સત્તા દ્વારા પૂર્વ શાસનના ઉચ્ચ અધિકારીઓ સામે ચાલી રહેલી ટ્રાન્ઝિશનલ જસ્ટિસ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. કોર્ટના ચુકાદામાં અસદના ભાઈ મહેર અલ-અસદ અને પિતરાઈ ભાઈ અતેફ નજીબને પણ મૃત્યુદંડ આપવામાં આવ્યો છે. અતેફ નજીબ સીરિયાના ડેરા પ્રાંતમાં રાજકીય સુરક્ષા વિભાગના પૂર્વ વડા હતા અને ૨૦૧૧માં સરકાર વિરોધી આંદોલનના શરૂઆતના તબક્કામાં થયેલા દમન સાથે તેમનું નામ જોડાયેલું હતું. નજીબની સુનાવણી કોર્ટમાં હાજરી સાથે થઈ હતી, જ્યારે અસદ અને મહેર સામે કાર્યવાહી ગેરહાજરીમાં કરવામાં આવી હતી. બશર અલ-અસદે વર્ષ ૨૦૦૦માં તેમના પિતા હાફેઝ અલ-અસદ બાદ સીરિયાની સત્તા સંભાળી હતી. ૨૦૧૧માં ડેરાથી શરૂ થયેલા સરકાર વિરોધી પ્રદર્શનોને સુરક્ષા દળો દ્વારા દબાવવાના પ્રયાસો બાદ દેશમાં વ્યાપક સંઘર્ષ ફાટી નીકળ્યો હતો. લગભગ ૧૪ વર્ષ ચાલેલા આ યુદ્ધમાં લાખો લોકોના મોત થયા અને મોટી સંખ્યામાં લોકો વિસ્થાપિત થયા.

## પૂરનો કહેર: ૫ રાજ્યોમાં હાહાકાર

(સંપૂર્ણ સમાચાર સેવા) આસમ, તા.૧૧ : દેશના અનેક ભાગોમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિએ જનજીવનને ગંભીર રીતે અસર કરી છે. આસામથી લઈને બિહાર અને રાજસ્થાન સુધી અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. બીજી તરફ નેપાળમાં સતત પડી રહેલા વરસાદની અસર પણ બિહારના નીચાણવાળા વિસ્તારોમાં જોવા મળી રહી છે. અનેક ગામો અને વિસ્તારોનો સંપર્ક તૂટ્યો છે, જ્યારે લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી ચાલી રહી છે.આસામમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિ વધુ ગંભીર બની છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૯૯થી વધુ લોકોનાં મોત થયાનું સામે આવ્યું છે. ગુવાહાટીમાં અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં રસ્તાઓ પર વાહનવ્યવહારને ભારે અસર થઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકો માટે મુશ્કેલી વધી છે અને રાહત તથા બચાવ કામગીરી તેજ કરવામાં આવી છે.

પૂરના કારણે અનેક વિસ્તારોમાં ઘર, રસ્તા અને અન્ય માળખાકીય સુવિધાઓને નુકસાન પહોંચ્યું છે. સતત વરસાદને કારણે નદી-નાળાના જળસ્તરમાં વધારો થતાં સ્થિતિ વધુ વિકટ બનવાની આશંકા છે.

બિહારમાં પણ પૂરની સ્થિતિ ગંભીર બની રહી છે. ભાગલપુરમાં ગંગા નદી બે કાંઠે વહેતી થઈ છે. બીજી તરફ નેપાળમાં સતત વરસાદના કારણે ગંડક નદીના જળસ્તરમાં વધારો થયો છે. ગોપાલગંજના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઝડપથી ફરી વળતાં સ્થાનિક લોકોમાં ચિંતા વધી છે.

નદીના વધતા જળસ્તરને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સંવેદનશીલ વિસ્તારો પર નજર રાખવામાં આવી રહી છે. નીચાણવાળા વિસ્તારોમાં લોકોને સાવચેતી રાખવા અને જરૂરી હોય તો સુરક્ષિત સ્થળે ખસી જવાની સલાહ આપવામાં આવી રહી છે.

## હિમાચલ પ્રદેશમાં વરસાદ, પૂર અને ભૂસ્ખલનથી ૧૫૭ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

હિમાચલપ્રદેશ, તા.૧૧ :હિમાચલ પ્રદેશમાં ચોમાસું આફત બનીને તૂટી પડ્યું છે. ભારે વરસાદ, પૂર, ભૂસ્ખલન અને વાદળ ફાટવાની ઘટનાઓને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વિનાશ સર્જાયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન્સ સેન્ટરના અહેવાલ મુજબ, ૩૦ જૂનથી ૯ ઓગસ્ટ દરમિયાન રાજ્યમાં વરસાદ સંબંધિત વિવિધ ઘટનાઓમાં ૧૫૭ લોકોનાં મોત થયા છે, જ્યારે ૨૫૭ લોકો હજુ લાપતા છે.

કુદરતી આફતના કારણે સરકારી અને ખાનગી મિલકતો તેમજ જાહેર માળખાને પણ મોટું નુકસાન થયું છે. અત્યાર સુધીમાં આશરે ૯૦૦ જેટલી મિલકતો અને અન્ય માળખાંને નુકસાન પહોંચ્યું હોવાનું સામે આવ્યું છે અને કુલ આર્થિક નુકસાનનો અંદાજ રૂ. ૮૮૬ કરોડ જેટલો છે. ૨૫૯ રસ્તાઓ બંધ, વાહનવ્યવહાર ખોરવાયોભારે વરસાદના કારણે પહાડો પરથી પથ્થરો અને કાટમાળ ધસી આવતાં રાજ્યના ૨૫૯ જેટલા નાના-મોટા રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ થઈ ગયા છે.

તેમાં મંડી-કુલ્લુ હાઈવે પણ સામેલ છે. મંડી જિલ્લામાં સૌથી વધુ ૧૨૦ રસ્તા બંધ છે, જ્યારે ચંબામાં ૪૨, કુલ્લુમાં ૪૦, શિમલામાં ૩૦ અને અન્ય વિસ્તારોમાં ૨૭ રસ્તાઓ બંધ છે.

તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રસ્તાઓ ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, સતત વરસાદ અને વારંવાર ભૂસ્ખલનને કારણે બચાવ અને માર્ગ પુનઃસ્થાપન કામગીરીમાં મુશ્કેલી ઊભી થઈ રહી છે

.કુલ્લુ-મંડીમાં વીજ પુરવઠો ઠપવરસાદ અને ભૂસ્ખલનની અસર વીજ પુરવઠા પર પણ પડી છે. રાજ્યમાં ૧૬૧ જેટલા પાવર ટ્રાન્સફોર્મર બંધ પડતાં અનેક વિસ્તારોમાં અંધારપટ છવાયો છે.

## કોલંબિયામાં ભૂકંપ બાદ ૧૩૨ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

કોલંબિયા, તા.૧૧

દક્ષિણ અમેરિકાના દેશ કોલંબિયામાં સોમવારે આવેલા તીવ્ર ભૂકંપે ભારે વિનાશ નોતર્યો છે. કોલંબિયાના પશ્ચિમી વિસ્તારમાં આવેલા ૭.૪ની તીવ્રતાના આ ભૂકંપમાં મૃત્યુઆંક વધીને ૧૩૨ પર પહોંચી ગયો છે, જ્યારે ૫૭૦થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાની સત્તાવાર પુષ્ટિ કોલંબિયા સરકારે કરી છે.કુદરતી હોનારતની આ ગંભીર સ્થિતિને પહોંચી વળવા માટે કોલંબિયા સરકારે સોમવારે જ દેશમાં 'રાષ્ટ્રીય આપત્તિ' જાહેર કરી દીધી હતી.કોલંબિયાના પ્રમુખે બોગોટાથી માહિતી આપતા જણાવ્યું હતું કે, આ શક્તિશાળી ભૂકંપને કારણે દેશભરમાં ૧,૫૭૫ મકાનોને ભારે નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત, દેશના ૬ એરપોર્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ નુકસાન થતાં તમામ કોમર્શિયલ ફ્લાઈટ્સનું ઓપરેશન તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવામાં આવ્યું છે.આ ભૂકંપની અસર રાજધાની બોગાટામાં જ નહીં પરંતુ પડોશી વેનેઝુએલા અને ઈક્વાડોરમાં પણ જોવા મળી હતી.કોલંબિયાના નેશનલ યુનિટ ફોર ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ અનુસાર, ભૂકંપનું કેન્દ્ર બોગાટાથી લગભગ ૪૦૦ કિલોમીટર પશ્ચિમમાં સાન જોસ ડેલ પાલ્મર નજીક હતું. ભૂકંપની તીવ્રતા ૬.૬ નોંધાઈ હતી. અધિકારીઓ હાલમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યા છે. પ્રારંભિક અહેવાલો દર્શાવે છે કે ઘણી ઈમારતોને માળખાકીય નુકસાન અને કેટલાક સ્થળોએ લોકોને ઈજાઓ થઈ છે. ચોકોના ગવર્નર નુબિયા કેરોલિના કોર્ડોબા કુરીએ પુષ્ટિ કરી છે કે ભૂકંપને કારણે અનેક લોકો ઘાયલ થયા છે.

પ્રાંતીય રાજધાની ક્વિબ્ડોમાં પણ ઈમારતોને નુકસાન થયું હોવાના અહેવાલ છે.આ ઉપરાંત અધિકારીઓએ લોકોને આફ્ટરશોક અંગે સતર્ક રહેવાની સલાહ આપી છે. સ્થાનિક સત્તાવાળાઓ અને આપત્તિ વ્યવસ્થાપન એજન્સીઓ ભૂકંપ પછી પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે. આ અસરગ્રસ્ત વિસ્તારોમાં ઈમારતો અને માળખાગત સુવિધાઓને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે નિરીક્ષણ ચાલી રહ્યું છે.

# અન્ય સમાચારો

Wednesday 12, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## સાપુતારામાં માત્ર રૂા.૧૦૫૦માં એસી ગાડી, જમવા સાથે ડાંગ દર્શન ટૂર

**સાપુતારા, તા. ૧૧ :** ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત ટૂરિઝમ દ્વારા એક અદ્ભુત અને સુવિધાસભર 'ડાંગ દર્શન ટૂર'નું આયોજન કરવામાં આવ્યું છે. સાપુતારા ખાતે હાલમાં મોન્સૂન ફેસ્ટિવલ ચાલી રહ્યો છે. ત્યારે સાપુતારા હોટલ એસોસિએશનના પ્રમુખ ઉપેન્દ્રભાઈ પટેલ અને સેક્રેટરી તુકારામભાઈના મહત્વપૂર્ણ સૂચન (સજેશન) બાદ ગુજરાત ટૂરિઝમના એમ.ડી. ડૉ વિપિન ગર્ગ દ્વારા પ્રવાસીઓ માટે આ નવુ નજરાણું શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે, જેને પગલે પ્રવાસીઓમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.આ ડાંગ દર્શન ટૂર માત્ર રૂા.૧૦૫૦ના વ્યાજબી દર પર પ્રવાસીઓને ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેમાં પ્રવાસીઓને આરામદાયક એસી અર્બાનિયા (Urbania) ગાડીમાં સફર કરાવવામાં આવશે તેમજ સવારનો નાસ્તો અને બપોરનું સ્વાદિષ્ટ જમવાનું પણ આ જ પેકેજમાં સામેલ રહેશે. આ ટૂર કુલ ૧૧ કલાકની (સવારે ૬:૩૦ થી સાંજે ૫:૩૦) રહેશે, જેનું સ્ટાર્ટિંગ અને એન્ડિંગ પોઈન્ટ "તોરણ હિલ રિસોર્ટ, સાપુતારા" રાખવામાં આવ્યું છે. આ એક દિવસીય પ્રવાસ દરમિયાન પ્રવાસીઓને ડાંગના પ્રાકૃતિક અને આધ્યાત્મિક સ્થળોના દર્શન કરાવવામાં આવશે, જેમાં, સવારે ૦૭:૦૦ થી ૦૮:૦૦ તોરણ હિલ રિસોર્ટ ખાતે નાસ્તો.સવારે ૦૮:૧૫ ડાંગના મનોહર જંગલો અને કુદરતી વાતાવરણ વચ્ચે સફરની શરૂઆત. સવારે ૦૮:૪૫ થી ૧૧:૧૫ પૌરાણિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવતા સ્થળો જેવા કે શબરી ધામ, પંપા સરોવર અને ભગવાન હનુમાનજીનું જન્મસ્થળ ગણાતું અંજની કુંડ. સવારે ૧૧:૨૫થી ૧૨:૧૫ હનુમાન મંદિર અને રામ મંદિરના દર્શન. બપોરે ૧૨:૩૦થી ૦૧:૩૦ રેસ્ટોરન્ટ ખાતે બપોરનું ભોજન. બપોરે ૦૧:૪૫થી ૦૩:૩૦ ગિરમાળ ધોધ / ગિરા ધોધનો નયનરમ્ય નઝારો અને મહાલ ઈકો કેમ્પસાઈટ / ફોરેસ્ટ વ્યુ પોઈન્ટની મુલાકાત.સાંજે ૦૩:૪૫થી ૦૫:૩૦ ટી બ્રેક, ફોટોગ્રાફી તેમજ જંગલો વચ્ચેથી યાદગાર સફર માણી સાંજે ૫ઁ૩૦ વાગ્યે તોરણ હિલ રિસોર્ટ ખાતે ટૂરનું સમાપન.ગુજરાત ટૂરિઝમ અને હોટલ એસોસિએશનના આ સરાહનીય પ્રયાસથી ડાંગના પ્રવાસનને નવો વેગ મળશે અને સાપુતારા આવતા પ્રવાસીઓ ઓછા ખર્ચે ડાંગની પ્રાકૃતિક સુંદરતાનો પૂરો આનંદ માણી શકશે.

## નાનાપોંઢામાં ૩૧ દુકાનદારો પાસેથી રૂા. ૬૨૦૦નો દંડ વસુલાયો



**વલસાડ, તા.૧૧ :** સરકારના રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કલેકટર વલસાડના અધ્યક્ષતામાં વલસાડ જિલ્લા તમાકુ કે તમાકુની બનાવટનું બિન અધિકૃત રીતે વેચાણ અને આનુસંગિક નિયમ માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલી છે.

વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ અને ડ્રગ વિભાગ સાથે મળી સ્ટીયરીંગ કમિટી દ્વારા નાનાપોંઢા તાલુકામાં મોટાપોંઢા, નાનાપોંઢા અને બાલચોંડી વિસ્તારમાં ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વેચતા નાના મોટા પાનના ગલ્લા અને પાર્લરના કુલ ૩૧દુકાનદારો પાસેથી રૂ. ૬૨૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

તદઉપરાંત કલમ-૪ જાહેરમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ તથા કલમ-૬ (અ) ૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે. તથા કલમ-૬(બ) શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની વેચાણ પર પ્રતિબંધ છે તેવી ચેતવણી આજુબાજુનાં પાનના ગલ્લાવાલા વાળાઓને આપવામાં આવી હતી. તેઓને તમાકુથી કેન્સર થાય છે અને ૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે. આવી આરોગ્ય વિષયક સમજ પણ આપી હતી.

આ કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે. સિંહ, એપેડેમિક મેડીકલ ઓફિસર ડો. મનોજ પટેલની સુચના અને માર્ગદર્શન હેઠળ ડીસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગમાંથી પી.સી. વાય.બી. રાઉત અને ડબલ્યુ.એચ.સી.અરુણા ડી., ડ્રગ વિભાગમાંથી પી.એન. માંગુકીયા અને જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલમાંથી કાઉન્સેલર સુમિત્રાબેન બાગુલ અને સોશિયલ વર્કર એ.એ.પટેલ તથા ટી.એમ.પી.એચ.એસ. ભાવેશ ચૌહાણ હાજર રહી સફળતાપૂર્વક કામગીરી કરવામાં આવી હતી.

## વલસાડમાં લીલાપોર સરોણ રોડ વાહન વ્યવહાર માટે બંધ

**વલસાડ, તા.૧૧ :** વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી દ્વારા જાહેર જનતાની સુરક્ષા અને ટ્રાફિક નિયમન માટે એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. વલસાડ જિલ્લાના લીલાપોર સરોણ રોડની ચે.૧/૨થી ૧/૪ પર આવેલ ડુબાઉ સ્ટ્રકચર તોડી પાડવામાં આવ્યું છે અને નવા સ્ટ્રક્ચરની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. ચોમાસાની ઋતુમાં ભારે વરસાદને કારણે આ માર્ગ પર પાણી ભરાઈ જવાથી કોઈ અકસ્માત ન સર્જાય તથા આમ જનતાના જાન-માલને કોઈ નુકશાન ન થાય તે માટે તકેદારીના ભાગરૂપે વાહન વ્યવહાર બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કે.એસ. ડાભી દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) હેઠળ મળેલી સત્તાની રૂએ હુકમની તારીખથી તા. ૩૦/૦૯/૨૦૨૬ સુધી લીલાપોર સરોણ રોડ તમામ પ્રકારના વાહનોની અવરજવર માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે.

લોકોની સુવિધા માટે વાહન વ્યવહારને વૈકલ્પિક માર્ગો (ડાયવર્ઝન રૂટ) પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. લીલાપોર ને.હા.નં.૪૮ તરફના વાહન વ્યવહાર માટે ને.હા.નં.૪૮ તથા સરોધી ગામથી ને.હા.નં.૪૮થી પાલણ વિલેજ રોડનો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ, લીલાપોર વિલેજ બાજુના વાહન વ્યવહાર માટે વલસાડ લીલાપોર રોડ તથા સરોધી ગામથી ને.હા.નં.૪૮થી પાલણ વિલેજ રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ દિશા દર્શાવતા બોર્ડ લગાવવાની જવાબદારી કાર્યપાલક ઈજનેર પંચાયત (માર્ગ અને મકાન) વિભાગ વલસાડની રહેશે. આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમનો ભંગ થવા પર વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ નોંધવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

## રાજ્યની મનપા - પાલિકાઓને વિકાસ કામો માટે રૂા.૩૮૫૦ કરોડના ચેક અર્પણનો સમારોહ સંપન્ન

### ૧૭ મહાનગરપાલિકાઓને ૨૯૯૨ કરોડ, ૧૫૨ નગરપાલિકાઓને ૮૫૮ કરોડની ફાળવણી કરાઈ

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૧૧ :** મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે, શહેરી વિકાસ અને નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબહેન વાઘેલા અને નાયબ દંડક જગદીશભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને સર્વાંગી વિકાસ કામો માટે કુલ ૩૮૫૦ કરોડની રકમના ચેક અર્પણ કર્યા હતા. તેમણે, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૧૭ મહાનગરપાલિકાઓને ૨૯૯૨ કરોડ અને ૧૫૨ નગરપાલિકાઓને ૮૫૮ કરોડની રકમ વિકાસ કામો માટે આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીના હસ્તે ૬૨૦ વર્ષ શહેરી વિકાસના તથા અનંત અનાદિ વડનગર વારસાથી વિકાસની ગૌરવ ગાથા કોફી ટેબલ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, નવી બનતી ટી.પી. સ્કીમમાં એક ટકા જેટલી જમીન વૃક્ષારોપણ માટે ફરજિયાત અનામત રાખવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. તેનો પણ લોકોની સુખાકારી માટે બાગ-બગીચા, ઓક્સિજન પાર્ક વગેરેના નિર્માણ ઉપરાંત અમલ થાય તે જરૂરી છે. નવા કામોના આયોજન સાથે જૂના અને પૂર્ણ થયેલા કામોની સ્થિતિની પણ કાળજી લેવાય, જેટલા કામો થાય તે ગુણવત્તાયુક્ત થાય તે માટે પદાધિકારીઓ-અધિકારીઓ કામોની સાઈટ વિઝીટ સાથે મળીને કરે. શહેરોમાં નવા નિર્માણ થનારા રસ્તાઓ આર.સી.સી.ના જ બને. સ્વચ્છતા પ્રત્યે વિશેષ કાળજી લેવાય તે જરૂરી છે. સ્વચ્છતા અંગેના દુર્લક્ષ સામે કડક પગલાં લેવા આવશ્યક છે.

તેમણે, નગરો, મહાનગરોમાં સુખાકારી અને સેવા-સુવિધાઓ, સિટીઝન સેન્ટ્રિક, ટ્રાન્સપરેન્ટ, એકાઉન્ટેબલ અને ટેકનોલોજી ડ્રિવન બનાવવાનું પ્રેરક આહવાન કર્યું છે. સુદ્રઢ નાણાં વ્યવસ્થાપનને પરિણામે નગરો-મહાનગરોમાં જન સુખાકારીના કામો માટે હવે નાણાંની કોઈ તંગી નથી રહી. લોકહિતના જે કામો થાય છે તે લોકો જુએ છે અને ઈઝ ઓફ લિવિંગને પરિણામે વધુ નવા કામો માટેની લોકોની અપેક્ષાઓ જાગી છે. મહાનગરપાલિકા - નગરપાલિકાના પદાધિકારીઓ, કમિશનરો અને ચીફ ઓફિસરોને નગર સુખાકારીના વધુને વધુ ગુણવત્તાયુક્ત પ્રજાકીય કામોમાં નાણાનો સદુપયોગ થાય તે જરૂરી છે.

## આજે પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં ઓરેન્જ એલર્ટ

**અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૧ :** ગુજરાતભરમાં ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે. રાજ્યમાં એકસાથે ચાર વરસાદી સિસ્ટમ સક્રિય હોવાના કારણે અનેક વિસ્તારોમાં મેઘમહેર જોવા મળી રહી છે. અમદાવાદ શહેર સહિત મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. જેમાં આજે પંચમહાલના શહેરામાં સાંજે સુધીમાં ૫.૩૫ ઇંચ વરસાદ પડ્યો હતો. આવતીકાલે પણ પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં ઓરેન્જ એલર્ટ અલબત્ત અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે અરવલ્લી, ખેડા, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપીમાં ભારે વરસાદની આગાહી છે. જ્યારે ૧૩ ઓગસ્ટે છોટાઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપીમાં ભારે વરસાદ સાથે યલો એલર્ટ આપવામાં આવી છે.

---

**માનનીય મુખ્ય જિલ્લા ન્યાયાધીશની કોર્ટમાં દાદરા અને નગર હવેલી**
**મુ. સેલવાસ**
**ગાર્ડિયન વોર્ડસ અરજી નં. ૨/૨૦૨૫**

**અરજદાર :** ૧. જશવંત સિંહ રાજપૂત તે ધનસિંહ રાજપૂતનો (સગીર) દીકરો
૨. દીપિકા રાઠોડ (સગીર) તે જશવંત સિંહ રાજપૂતના દીકરી
૩. તમન્ના રાઠોડ (સગીર) તે જશવંત સિંહ રાજપૂતના દીકરી
૪. દિવ્યાંશુ સિંહ રાઠોડ (સગીર) તે જશવંત સિંહ રાજપૂતનો (સગીર) દીકરો
તેના કુદરતી વાલી, જશવંત સિંહ રાજપૂત દ્વારા
તમામ રહે - ૧૦૩ વ્રજ દર્શન કોમ્પ્લેક્સ,
ઓપ., જૈન મંદિર, દાદરા, સેલવાસ

**વર્સસ**

**સામાવાળા :** કોઈ પક્ષ નહીં

**નોટિસ**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત નામના અરજદારોએ હિન્દુ માયનોરીટી તથા ગાર્ડિયનશીપ અધિનિયમ ૧૯૫૬ની કલમ ૮ સાથે વંચાણે ગાર્ડિયન અને વોર્ડસ અધિનિયમ ૧૮૯૦ની કલમ ૨૯ હેઠળ દાદરા અને નગર હવેલીના માનનીય મુખ્ય જિલ્લા ન્યાયાધીશની કોર્ટમાં ઉપર મુજબની અરજી દાખલ કરેલ છે.

જે અરજી મુજબ મોજે દાદરા ગામમાં વ્રજ દર્શન કોમ્પ્લેક્સના પહેલા માળે આવેલ ફલેટ નંબર - ૧૦૩ જેનું ક્ષેત્રફળ ૫૧.૦૦ ચો. મીટર સુપર બિલ્ટ અપ એરિયા જેની કુલ કિંમત ૮,૦૦,૦૦૦/- રૂપિયા આઠ લાખમાં આવેલ છે, જે બિનખેતી જમીન સર્વે નં. ૧૬૦/૨, આર.એ. એરિયા, ગામ-દાદરા, દાદરા અને નગર હવેલીમાં બાંધવામાં આવેલ છે.

જે સદર મિલકત દસ્તાવેજ કર્યા બાદ ખરીદી કરવામાં આવેલ છે. જેનો દસ્તાવેજ સંગીતા જશવંત સિંહ રાજપૂત તથા કેયુર ઉત્તમભાઈ મેહવાલના નામે સબ-રજિસ્ટ્રાર, સિલવાસા, દાદરા અને નગર હવેલીમાં તા.૧૭/૪/૨૦૧૩ના દિવસે રજિસ્ટર કરવામાં આવેલ છે.

સદર ખરીદનારમાથી સ્વ. સંગીતા જશવંત સિંહ રાજપૂત તા. ૧૨/૦૪/૨૦૨૦ના રોજ શ્રી વિનોબા ભાવે સિવિલ હોસ્પિટલ સેલવાસમાં મરણ પામેલ છે. જેથી સ્વ. સંગીતા જશવંત સિંહ રાજપૂતના સીધી લીટીના વારસદાર તરીકે સદર ફલેટમાં અરજદાર નં. સ્વ. સંગીતા જશવંત સિંહ રાજપૂત તથા જશવંત સિંહ રાજપૂત, દીપિકા રાઠોડ, તમન્ના રાઠોડ, દિવ્યાંશુ સિંહ રાઠોડનો હિસ્સો રહેલ છે.

અરજદાર સગીર સૌભાગ્ય મહેતા અને તેમના માતા ઉપરોક્ત ફલેટ વેચવા ઈચ્છે છે. જેથી તેઓએ ઉપરોક્ત અરજી ઉપરોક્ત કોર્ટમાં દાખલ કરેલ છે.

જો ઉપરોક્ત ફલેટ/મિલકતના વેચાણ માટે કોઈ વ્યક્તિને કોઈ પણ પ્રકારનો વાંધો કે વિરોધ હોય તો તેઓએ ૩૦ દિવસના અંદર લેખિતમાં વાંધા અરજી માનનીય મુખ્ય જિલ્લા ન્યાયાધીશ, સિલવાસા, દાદરા અને નગર હવેલી કોર્ટમાં આપવાની રહેશે.

જો કોઈ પણ વ્યક્તિ તરફથી કોઈપણ વાંધો કે વિરોધ નહીં આવે તો તેવી પરિસ્થિતિમાં કોર્ટ દ્વારા ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૪/૧૨/૨૦૨૫ના દિવસે સહી સિક્કા સહિત જાહેર કરવામાં આવ્યું.

તૈયાર કરનાર સહી/- બેન્ચ કલર્ક
મુકાબલ કરનાર સહી/-
હુકમથી સહી/- મુખ્ય જીલ્લા ન્યાયાધીશની કોર્ટમાં, સેલવાસ, દાદરા અને નગર હવેલી

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**
**જ.મ.પ.નં. રજી.નં.૧૪૭૬/૨૦૨૬**

**અરજદાર : પટેલ કાંતિલાલ રામણભાઈ,**
**રહે.** ઉતાર ફળિયા પ્રાથમિક શાળા ફલધરા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ફલધરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ કાંતિલાલ રામણભાઈ,** રહે.ઉતાર ફળિયા પ્રાથમિક શાળા ફલધરા, તા.જી.વલસાડએ તેમના દાદા **દુર્લભભાઈ જેરીયાભાઈ પટેલનું** મરણ તા.૧૮-૦૯-૨૦૦૯ના રોજ મોજે. ફલધરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૭૬/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**
**જ.મ.પ.નં. રજી.નં.૧૪૭૪/૨૦૨૬**

**અરજદાર : પટેલ કાંતિલાલ રામણભાઈ,**
**રહે.** ઉતાર ફળિયા પ્રાથમિક શાળા ફલધરા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ફલધરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ કાંતિલાલ રામણભાઈ,** રહે.ઉતાર ફળિયા પ્રાથમિક શાળા ફલધરા, તા.જી.વલસાડએ તેમના પરદાદી **માંદીબેન છનાભાઈ પટેલનું** મરણ તા.૧૭-૦૪-૧૯૮૦ના રોજ મોજે. ફલધરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૭૪/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**
**જ.મ.પ.નં. રજી.નં.૧૪૭૫/૨૦૨૬**

**અરજદાર : પટેલ કાંતિલાલ રામણભાઈ,**
**રહે.** ઉતાર ફળિયા પ્રાથમિક શાળા ફલધરા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ફલધરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ કાંતિલાલ રામણભાઈ,** રહે.ઉતાર ફળિયા પ્રાથમિક શાળા ફલધરા, તા.જી.વલસાડએ તેમના પરદાદા **છનાભાઈ જેરીયાભાઈ પટેલનું** મરણ તા.૦૮-૦૬-૧૯૮૭ના રોજ મોજે. ફલધરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૭૫/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**
**જ.મ.પ.અ.નં.૧૪૭૮/૨૦૨૬**

**અરજદાર : પટેલ કાંતિલાલ રામણભાઈ,**
**રહે.** ઉતાર ફળિયા પ્રાથમિક શાળા ફલધરા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ફલધરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ કાંતિલાલ રામણભાઈ,** રહે.ઉતાર ફળિયા પ્રાથમિક શાળા ફલધરા, તા.જી.વલસાડએ તેમના દાદી **ગૌરીબેન દુર્લભભાઈ પટેલનું** મરણ તા.૦૨-૦૭-૧૯૯૧ના રોજ મોજે. ફલધરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૪૭૮/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

पावरग्रिड POWERGRID

**નોટિસ**

૧. ૨૦૨૪-૨૯ માટે ટ્રાન્સમિશન ટેરિફ નક્કી કરવા માટેની અરજી : **એસેટ-૧ :** સતના ખાતે ૨૨૦ kV સતના-મૈહર લાઈનના LILO માટે સતના ખાતે ૨૨૦ kV લાઈન બેઝની સંખ્યા અને એસેટ-૨ : પશ્ચિમ પ્રદેશ વિસ્તરણ યોજના XXXIII (ભાગ-D) હેઠળ સતના (PG)S/s ખાતે 1x500 MVA, 400/220 kV ICT(4×) અને સંલગ્ન ICT બેઝનું સ્થાપન, જે વીજળી અધિનિયમ, ૨૦૦૩ ની કલમ ૬૨ સાથે વાંચવામાં આવે છે, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (કન્ડક્ટ ઓફ બિઝનેસ) રેગ્યુલેશન્સ, ૨૦૨૩ અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ટેરિફની શરતો અને નિયમો) રેગ્યુલેશન્સ, ૨૦૨૪ ની કલમ ૬૨ અને રેગ્યુલેશન ૨૩ હેઠળ પશ્ચિમ ક્ષેત્રમાં પશ્ચિમ પ્રદેશ વિસ્તરણ યોજના XXXIII (ભાગ-D) હેઠળ.

૨. ઉપર દર્શાવેલ ટ્રાન્સમીશન સિસ્ટમના લાભાર્થીઓ : (૧) MPPMCL, જબલપુર (૨) MSEDCL, મુંબઈ (૩) GUVNL, વડોદરા (૪) વીજળી વિભાગ, ગોવા સરકાર, પણજી, (૫) DNHDDPCL, સિલવાસા (૬) CSPDCL, રાયપુર (૭) CTUIL (૮) મધ્યપ્રદેશ પાવર ટ્રાન્સમિશન કંપની લિમિટેડ, જબલપુર.

૩. દરોની વિગતો :
પ્રોજેક્ટનો એસસીઓડી : ૨૭.૦૫.૨૦૨૪
એફઆર પ્રોજેક્ટ માટે મંજૂર ખર્ચ : ૬૦૫૭.૦૦ લાખ
અંદાજિત પૂર્ણ ખર્ચ : ૬૯૩૬.૩૫ લાખ

**૨૦૨૪-૨૯ના ટેરિફ બ્લોક માટે ટ્રાન્સમીશન દરો** — રૂા. લાખમાં

| એસેટ નં. | એસેટનું નામ અને સ્થળ | સીઓડી | ૨૦૨૪-૨૫ | ૨૦૨૫-૨૬ | ૨૦૨૬-૨૭ | ૨૦૨૭-૨૮ | ૨૦૨૮-૨૯ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સતના (PG) ખાતે ૨૨૦kV સતના-મૈહર લાઇનના LILO માટે સતના ખાતે ૨૨૦kV લાઇન બેઝની ૦૨ સંખ્યા | ૨૩.૧૨.૨૦૨૫ (પ્રસ્તાવિત) | લાગુ નથી | ૪૪.૬૦ | ૧૭૫.૭૨ | ૨૧૨.૮૨ | ૨૩૯.૦૭ |
| ૨. | સતના (પીજી) એસ/એસ ખાતે 1x500 MVA, ૪૦૦/૨૨૦ kV ICT(4th) અને સંકળાયેલ ICT ખાડીઓનું સ્થાપન | ૦૭.૦૫.૨૦૨૬ | લાગુ નથી | લાગુ નથી | ૮૦૫.૫૪ | ૯૮૫.૨૯ | ૧૦૩૪.૬૧ |

૪. દરો નિર્ધારીત કરવા માટે કરાયેલી અરજીની નકલ અરજદારની વેબસાઈટ www.powergrid.in પર મુકવામાં આવી છે.

૫. જો દરો નિર્ધારીત કરવાની દરખાસ્ત માટેની અરજી અંગે લાભાર્થીઓ સહિત કોઈપણ વ્યક્તિને જો કોઈ સૂચનો કે વાંધો હોય તો એ સેક્રેટરી, સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન, છઠ્ઠો, સાતમો, અને આઠમો માળ, ટાવર-બી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નૌરોજી નગર, નવી દિલ્હી -૧૦૦૨૯(અથવા કમિશનની કચેરી જ્યાં સ્થિત હોય એ અન્ય સરનામે) અરજદારને એની એક નલક સાથે તેની કોર્પોરેટ ઓફિસના સરનામે આ નોટિસના પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસમાં મોકલી અરજી કરી શકે છે.

**સ્થળ: ગુરગાંવ**
**તારીખ: ૧૨.૦૮.૨૦૨૬**

**સહી/-**
**ડેપ્યુટી જનરલ મેનેજર (કોમર્શિયલ)**

**પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લીમીટેડ**
(ભારત સરકારનું સાહસ)
**કોર્પો. ઓફિસ:** ''સૌદામિની'' પ્લોટ નં.૨, સેક્ટર-૨૯, ગુરગ્રામ, ૧૨૨૦૦૧ (હરિયાણા)
**રજી.ઓફિસ:** બી-૯, કુતુબ ઈન્સ્ટીટ્યુશનલ એરીયા, કટવારીયા સરઈ, નવી દિલ્હી- ૧૧૦૦૧૬ ટેલી ૦૧૧-૨૬૫૬૦૧૧૨, ૨૬૫૬૦૧૨૧
www.powergrid.in સીઆઈએન: L40101DL1989GOI038121
**એક મહારત્ન પીએસયુ**

PG/CC/Notice-46/Advt-63/2026-27/SPAN

---

TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઇનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૪/૦૮/૨૦૨૬ શુક્રવાર | દાદરા | ૧૧ કેવી દાદરા ઈન્ડ.૩ | દામોદર ગલી, પ્રમુખ આઈ.ઈ., આલોક માસ્ટરબેચ, શ્વેબ ઈન્ડ., વલસાડ ફલિયામાં બધા ઈન્ડ., સ્પાઈરલ ઈન્ડ. પંકજ શાહ |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.** (ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

---


**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ / લોફર શુઝ / સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેકશન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner

ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

Wednesday 12, August 2026

# દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



## વલસાડમાં દશામાની મૂર્તિ ખરીદી માટે ભીડ ઉમટી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૧ :** આવતીકાલથી દશામાના નોરતા નો પ્રારંભ થવા જઈ રહ્યો છે, ત્યારે વલસાડ શહેરમાં આજે શ્રદ્ધા અને ભક્તિનો અનોખો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. આવતીકાલે ઘરે-ઘરે અને વિવિધ પંડાલોમાં માતાજીની શાસ્ત્રોક્ત વિધિથી સ્થાપના કરવામાં આવનાર હોવાથી આજે વલસાડના મુખ્ય બજારોમાં માતાજીની મૂર્તિઓનું ભવ્ય આગમન થયું હતું. મૂર્તિઓના આગમનની સાથે જ સમગ્ર વલસાડ શહેર જાણે દશામામયઁ બની ગયું હતું.

વલસાડના વિવિધ વિસ્તારો તેમજ મૂર્તિકારોના પંડાલોમાં આજે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ મૂર્તિઓની ખરીદી માટે ઉમટી પડ્યા હતા. માતાજીને પૂર્ણ આસ્થા અને પ્રેમપૂર્વક પોતાના ઘરે પધરાવવા માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ વર્ષે બજારમાં સાંઢણી (ઊંટ) પર બિરાજમાન માતાજીની વિવિધ કદની અને મનમોહક શણગારવાળી મૂર્તિઓ ખાસ આકર્ષણનું કેન્દ્ર બની હતી. મૂર્તિ ખરીદીને ઢોલ-નગારા અને જયકારો સાથે ઘરે લઈ જતા ભક્તોના કારણે શહેરમાં સવારથી જ ઉત્સવનો માહોલ સર્જાયો હતો. આવતીકાલથી શરૂ થતા આ પવિત્ર વ્રતને લઈને વલસાડવાસીઓ માતાજીની આરાધના અને ભક્તિમાં લીન થવા માટે પૂરેપૂરા સજ્જ જોવા મળી રહ્યા છે.

## વાપીમાં કોન્ટ્રાક્ટરના બાઈકની ડીકીમાંથી રૂા.૨.૫૦ લાખની ચોરી

**પ્રાઈમ હોટલ પાસે જલારામ ફલોર સામે ચા પીવા ગયા ત્યારે બાઈકના ડીકીનું લોક તોડીને કોઈ તફડાવી ગયું, પોલીસમાં ફરિયાદ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૧ :** વાપીમાં મજૂરોને પગાર આપવા માટે બેંકમાંથી ઉપાડેલા ૨.૫૦ લાખ રૂપિયાની બાઈકની ડીકીમાંથી ચોરી થવાની ઘટના સામે આવી છે. આ મામલે વાપીના સુદામા બાકેલાલ યાદવે ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી સુદામા યાદવ રહે સરસ્વતીનગર વાપી કે જે સુદામા કન્સ્ટ્રકશનના નામે છીરી, વલ્લભનગર અને ડુંગરી ફળિયા ખાતે કામ કરે છે. તા. ૧૦/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૮ વાગ્યે તેઓ અને તેમનો દીકરો વિજય સાઈટ પર હતા. સાડા દસ વાગ્યે સુદામાએ વિજયને પંજાબ નેશનલ બેંક, ગુંજન બ્રાન્ચનો ચેક આપીને મજૂરોના પગાર માટે રૂ. ૨,૫૦,૦૦૦ ઉપાડી લાવવાનું કહ્યું.

ચેકના આધારે વિજયે રકમ ઉપાડીને જી-૧૫ ઈએ-૯૪૧૭ સ્વિફ્ટ ગાડીમાં સાઈટ પર આપી હતી. ત્યારબાદ સુદામાએ રૂ. ૨,૫૦,૦૦૦ રોકડા તેમની લાલ કલરની સુપર સ્પ્લેન્ડર જી-૧૫ ઝસ ૭૧૨૯ બાઈકની ડીકીમાં રેનકોટ સાથે મૂકીને લોક કરી દીધું. તેઓ ઘરે જવા માટે નીકળ્યા અને સી ટાઈપ ચાર રસ્તા થઈને -ઈમ હોટેલ પાસે આવેલ જલારામ ફલોર ખાતે સવારે સાડા અગિયાર વાગ્યે પહોંચ્યા.

બાઈક બહાર પાર્ક કરીને તેઓ મિત્ર સંજયભાઈ ભાવસાર સાથે ચા પીવા ગયા. લગભગ ૧૫ મિનિટ બાદ પરત આવીને જોયું તો બાઈકની ડીકીનું લોક તૂટેલી હાલતમાં હતું. ડીકી ખોલીને જોતા તેમાં રાખેલા મજૂરોના પગારના રૂ. ૨,૫૦,૦૦૦ અને રેનકોટ ગાયબ હતા. કોઈ અજાણ્યા ચોર ઈસમે સાધનથી લોક તોડીને રકમની ચોરી કરી હોવાની આશંકા છે. સુદામા અને તેમના દીકરાએ તરત જલારામ ફલોરની આજુબાજુના CCTV ફૂટેજ ચેક કર્યા પરંતુ કંઈ મળ્યું નહીં. બનાવ અંગે પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દમણમાં ઈ-ચલણના નામે સાયબર છેતરપિંડી કરનાર ઝારખંડથી ઝડપાયો

**નકલી APK ફાઈલ મોકલીને મોબાઈલ ફોન હેક કરતા હતા અને બેંક ખાતામાંથી પૈસા ઉપાડતા હતા : દમણ પોલીસે આરોપી પાસેથી આઈફોન જપ્ત કર્યો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા. ૧૧ :** મણ પોલીસે RTO ઈ-ચલણના નામે વોટ્સએપ દ્વારા નકલી APK ફાઈલો મોકલીને ઓનલાઈન છેતરપિંડીમાં સંડોવાયેલા ગેંગના સભ્યની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ મોહમ્મદ સગીર અંસારી તરીકે થઈ છે, જે ઝારખંડના ગિરિડીહ જિલ્લાના બ્લોક ગાંડે, ભેમલ ગામનો રહેવાસી છે. પોલીસે આરોપી પાસેથી એક આઈફોન જપ્ત કર્યો છે.



પોલીસના જણાવ્યા અનુસાર, ૨૭ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ કોસ્ટલ પોલીસ સ્ટેશન, કડૈયામાં ફરિયાદ મળી હતી. RTO ઈ-ચલણના નામે એક APK ફાઈલ ફરિયાદીના વોટ્સએપ નંબર પર અજાણ્યા મોબાઈલ નંબર પરથી મોકલવામાં આવી હતી. ફાઈલ ઈન્સ્ટોલ કર્યા પછી, મોબાઈલ ફોન હેક કરવામાં આવ્યો હતો અને બેંક ખાતામાંથી પૈસા ઉપાડવામાં આવ્યા હતા. ફરિયાદના આધારે, પોલીસે IPC ની કલમ ૩૧૮(૪), ૩૩૬(૩), અને ૩૪૦(૨) હેઠળ કેસ નોંધ્યો અને તપાસ શરૂ કરી.તપાસ દરમિયાન, ફરિયાદીના મોબાઈલ ફોન પર મોકલવામાં આવેલી APK ફાઈલનું ટેકનિકલ વિશ્લેષણ કરવામાં આવ્યું. મહત્વપૂર્ણ સંકેતોના આધારે, પોલીસે ઝારખંડના ગિરિડીહના રહેવાસી મોહમ્મદ સગીર અંસારીનો સંડોવણી ઓળખી કાઢી. દમણના પોલીસ અધિક્ષકની સૂચના પર, દરિયાકાંઠાના પોલીસ સ્ટેશન, કડૌયાની એક ખાસ ટીમ બનાવવામાં આવી હતી અને તેને ઝારખંડ મોકલવામાં આવી હતી. ચારથી પાંચ દિવસની સતત દેખરેખ અને ટેકનિકલ તપાસ પછી, ટીમે આરોપીની ધરપકડ કરી. પૂછપરછ દરમિયાન, આરોપીએ ખુલાસો કર્યો હતો કે તે RTO ઈ-ચલણ તરીકે નકલી APK ફાઈલો, વોટ્સએપ દ્વારા લોકોના મોબાઈલ નંબર પર મોકલતો હતો. APK ઈન્સ્ટોલ કરનાર વ્યક્તિના મોબાઈલ ફોનમાં અનધિકૃત ઍક્સેસ મેળવીને, તેમના બેંક ખાતાઓમાંથી પૈસા ઉપાડી લેવામાં આવતા હતા. એટલું જ નહીં, તે જ મોબાઈલ પરથી ચેપગ્રસ્ત મોબાઈલની સંપર્ક સૂચિમાં અન્ય નંબરો પર નકલી APK મોકલવામાં આવ્યા હતા. આ રીતે, પીડિતના પરિચિતોને પણ છેતરપિંડીમાં ફસાવવામાં આવ્યા હતા. આરોપીને ગિરિડીહ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવવામાં આવ્યો હતો, ત્યારબાદ તેને દમણ લાવવામાં આવ્યો હતો. તેને દમણ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે, અને કેસમાં આગળની કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. દમણ પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ RTO ઈ-ચલણ, ટ્રાફિક ચલણ અથવા અન્ય કોઈપણ સરકારી સેવાના નામે વોટ્સએપ અથવા SMS દ્વારા પ્રાપ્ત થતી કોઈપણ અજાણી APK ફાઈલો ઈન્સ્ટોલ ન કરે. કોઈપણ શંકાસ્પદ લિંક અથવા ફાઈલ ખોલતા પહેલા તેની સત્યતા ચકાસો અને તાત્કાલિક પોલીસને સાયબર છેતરપિંડીની જાણ કરો.

## આજે ગટર અમાસ, દમણના બિયર બારમાં ભીડ જોવા મળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૧ :** હિંદુ કેલેન્ડર મુજબ આજે બુધવારે અષાઢ અમાસ એટલે કે ગટર અમાસ છે. ગુરુવારથી પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ રહી છે ત્યારે શરાબ અને નોનવેજથી દૂર રહેનારા લોકો આજના દિવસે છેલ્લી જયાફત માણે છે. આ પરંપરાના કારણે આજે દમણ પંથકના બિયર બાર, વાઈન શોપ અને રેસ્ટોરન્ટમાં ખાસો ધસારો જોવા મળી રહ્યો છે.

દમણ-વાપી સહિત ગુજરાત-મહારાષ્ટ્ર બોર્ડરના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો આજે દમણ આવે છે. શ્રાવણ મહિનામાં એક મહિના સુધી માંસાહાર અને દારૂથી દૂર રહેવાની માન્યતા હોવાથી લોકો આજે મિત્રો અને પરિવાર સાથે પાર્ટી કરીને શ્રાવણનું સ્વાગત કરે છે. બપોર બાદથી જ દમણના કચીગામ, ડાભેલ સહિત સમગ્ર દમણના બિયર બાર અને હોટલોમાં ભારે ધસારો જોવા મળશે. બાર સંચાલકોએ પણ આજના દિવસ માટે ખાસ મેનુ અને ઓફર રાખી છે. ગટર અમાસના દિવસે દર વર્ષે વેપારમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો નોંધાય છે. આજે રાત્રે ૧૨ વાગ્યા બાદ શ્રાવણ માસ શરૂ થતા જ બીજા દિવસથી બાર અને હોટલોમાં ગ્રાહકોમાં ઘટાડો જોવા મળશે.

## વાપીમાં જાહેર માર્ગ પર આડેધડ પાર્ક કરનારા સામે લાલ આંખ

**લોક કરેલા વાહનો છોડાવવા પોલીસ સ્ટેશનમાં જઈ મેમો ભરાવો પડશે, જોખમી રીતે પાર્ક વાહન ચાલકો સામે ગુનો દાખલ કરવામાં આવશે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૧ :** વાપી શહેરમાં હાઈવે સર્વિસ રોડ અને મુખ્ય માર્ગો પર આડેધડ પાર્ક કરાતા વાહનોથી સર્જાતી ટ્રાફિક સમસ્યા અને અકસ્માતના ભયને પગલે ટ્રાફિક પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. હવે નિયમનો ભંગ કરી રોડ પર વાહન પાર્ક કરનારા વાહન ચાલકોના વાહનોને પોલીસે લોક કરવાનું શરૂ કર્યું છે. ટ્રાફિક પોલીસ સ્ટેશનના PI કાનાણીએ જણાવ્યું કે છેલ્લા કેટલાક સમયથી વાપીના મુખ્ય માર્ગો, હાઈવે સર્વિસ રોડ અને બજાર વિસ્તારમાં વાહન ચાલકો દ્વારા રોડની બંને બાજુ વાહનો પાર્ક કરી દેવામાં આવે છે. જેના કારણે પિક અવરમાં ભારે ટ્રાફિક જામ થાય છે અને કટોકટીના સમયે એમ્બ્યુલન્સ, ફાયર સહિતના વાહનોને પણ પસાર થવામાં મુશ્કેલી પડે છે.




આ સમસ્યાને ડામવા માટે ટ્રાફિક પોલીસની ટીમો દ્વારા હવે નો પાર્કિંગ ઝોનમાં પાર્ક કરેલા વાહનોને લોક કરવામાં આવી રહ્યા છે.

વાહન છોડાવવા માટે વાહન ચાલકે ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે જઈને મેમો ભરવો પડશે અને દંડની રકમ ભર્યા બાદ જ વાહન પરત મળશે. PI કાનાણીએ વધુમાં ચીમકી આપતા કહ્યું કે માત્ર લોક કરવા સિવાય હવે હાઈવે સર્વિસ રોડ કે મુખ્ય માર્ગ પર ટ્રાફિકને અડચણરૂપ અને જોખમી રીતે વાહન પાર્ક કરનારા ચાલકો સામે સીધો ગુનો પણ નોંધવામાં આવશે. નાગરિકોને અપીલ છે કે તેઓ વાહન નિયત પાર્કિંગ સ્થળે જ પાર્ક કરે અને ટ્રાફિક નિયમોનું પાલન કરે જેથી શહેરની ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે.

## તોરણવેરાથી ૭ ટન ખેરના લાકડા સાથે બે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૧૧ :** ચીખલી વન વિભાગે બાતમી આધારે ખેરગામ તાલુકાના તોરણવેરા ગામેથી છોલેલો તૈયાર ખેરનો જથ્થો આશરે ૭ ટન જેટલો જથ્થો જેની કિંમત આશરે રૂપિયા ચાર લાખ થવા પામે છે જે ઝડપી પાડી બે વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચીખલી વન વિભાગના આરએફઓ ચંદ્રિકાબેન તેમજ ખેરગામ બીટના નિકિતાબેન પટેલે સોમવારે સાંજે બાતમી આધારે ખેરગામ તાલુકાના તોરણવેરા ગામે રિતેશ ઈશ્વર જગન પટેલની વાડીમાંથી તૈયાર છોલેલો આશરે ૭ ટન જેટલો ખેરનો જથ્થો જેની કિંમત રૂપિયા ૪ લાખ થવા પામે છે જે કબજે કરી વધુ તપાસ આદરતા ઉપરોક્ત ખેરનો જથ્થો ખેરગામ તાલુકાના નડગધરી ગામે રહેતા શૈલેષ શંકર પટેલનો ખેરનો જથ્થો હોવાનું બહાર આવવા પામ્યું હતું આ ખેરનો જથ્થો ક્યાં લઈ જવામાં આવી રહ્યો હતો તે બાબતની તપાસ વન વિભાગના અધિકારીઓએ હાથ ધરી છે.

## વાપીમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગથી ગટરો જામ થાય છે

**સિંગલ યુઝ પ્લાસ્ટિકની થેલીઓ ગમે ત્યાં ફેંકી દેતાં હોય વરસાદી પાણીના નિકાલ કરતી ગટર લાઈનમાં અવરોધ થઈ રહ્યો છે**

**વાપી, તારીખ ૧૧**
વાપી શહેરમાં પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ હજુ પણ બેફામ રીતે થઈ રહ્યો હોવાના કારણે ચોમાસા દરમિયાન ગટરજામ અને વરસાદી પાણીના નિકાલની સમસ્યા વધુ ગંભીર બનવાની શક્યતા છે. શાકભાજી માર્કેટ, વિવિધ દુકાનો તેમજ વાપી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર આવેલા ખાણીપીણીના સ્ટોલોમાંથી ગ્રાહકોને ખુલ્લેઆમ પ્લાસ્ટિકની ઝભલા થેલીઓ આપવામાં આવી રહી હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પ્લાસ્ટિકના ઉપયોગને નિયંત્રિત કરવા માટેના નિયમો અમલમાં હોવા છતાં વાપી પંથકમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના વેચાણ અને ઉપયોગ સામે પૂરતી કાર્યવાહી થતી ન હોવાની ચર્ચા છે. ખાસ કરીને શાકભાજી માર્કેટમાં ખરીદી કરવા આવતા લોકોને પ્લાસ્ટિકની થેલીઓ આપવામાં આવે છે. આ ઉપરાંત શહેરની અનેક દુકાનોમાં પણ આવી થેલીઓનો ઉપયોગ થતો જોવા મળે છે.

ઉપયોગ બાદ આ પ્લાસ્ટિકની થેલીઓ રસ્તાઓ, ગટર અને ખુલ્લી જગ્યાઓ પર ફેંકી દેવામાં આવે છે. વરસાદ પડતા આ પ્લાસ્ટિક નો કચરો વરસાદી પાણી સાથે મહાનગરપાલિકાની તેમજ સોસાયટીની અને રેલવેની ગટરમાં પહોંચતા ગટર લાઈન જામ થવાની સમસ્યા ઊભી થઈ રહી છે. પરિણામે અનેક વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલમાં અવરોધ ઊભો થઈ પાણી ભરાવાની સમસ્યા ઉભી થઈ રહી છે.

તેવી જ રીતે વાપી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર આવેલા ખાણીપીણીના સ્ટોલોમાં પણ સિંગલ યુઝ પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ થતો હોવાના આક્ષેપો વચ્ચે સંબંધિત તંત્ર દ્વારા તપાસ જરૂરી બની છે.

વાપી શહેરમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાવાની સમસ્યાને જોતા વાપી મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર સિંગલ યુઝ પ્લાસ્ટિકના વેચાણ અને ઉપયોગ સામે તાત્કાલિક તપાસ કરી નિયમ મુજબ કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે. સાથે જ પશ્ચિમ રેલવે, મુંબઈના સંબંધિત અધિકારીઓ દ્વારા પણ વાપી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર આવેલા સ્ટોલોની તપાસ કરવામાં આવે તો પ્લાસ્ટિકના બેફામ ઉપયોગ પર નિયંત્રણ લાવી શકાય તેમ છે.

સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ પર અસરકારક નિયંત્રણ સાથે નિયમિત ચેકિંગ અને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે તો પ્લાસ્ટિક કચરાને કારણે ગટર ચોક થવાના બનાવોમાં ઘટાડો થઈ શકે અને ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલની સમસ્યા હળવી થવાની શક્યતા છે.

## ડાંગના યુવકે માઉન્ટ યુનમના ૬,૧૧૧ મીટર ઊંચા શિખરે તિરંગો લહેરાવ્યો

**ડાંગ, તા.૧૧ :** ડાંગ જિલ્લાના સાહસિક પર્વતારોહક યુવક શ્રી ભોવાનભાઈ રાઠોડે ફરી એકવાર સાહસ અને સંકલ્પનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં હિમાલયના લાહોલ વિસ્તારમાં આવેલા માઉન્ટ યુનમ ના ૬,૧૧૧ મીટર (આશરે ૨૦,૩૦૦ ફૂટ) ઊંચા શિખરને સફળતાપૂર્વક સર કરી તેની ટોચ પર ભારતનો તિરંગો લહેરાવ્યો છે. આ સિદ્ધિ સાથે તેમણે ડાંગ તેમજ સમગ્ર ગુજરાતનું નામ ગૌરવપૂર્વક રોશન કર્યું છે.

માઉન્ટ યુનમનું આ પર્વતારોહણ અત્યંત મુશ્કેલ અને પડકારજનક રહ્યું હતું. આ અભિયાનમાં કુલ ૧૦ પર્વતારોહકો જોડાયા હતા, જેમાંથી માત્ર ૪ પર્વતારોહકો જ સફળતાપૂર્વક શિખરની ટોચ સુધી પહોંચી શક્યા હતા. પ્રતિકૂળ હવામાન, કાતિલ ઠંડી, ઊંચાઈ અને કઠિન પર્વતીય પરિસ્થિતિઓ વચ્ચે ભોવાન રાઠોડે અડગ મનોબળ અને સાહસ સાથે આ સફળતા હાંસલ કરી હતી.

શિખરની ટોચ તરફના ચઢાણ દરમિયાન હવામાન ખૂબ જ ખરાબ રહ્યું હોવા છતાં ભોવાન રાઠોડે હિંમત હારી નહોતી. તમામ પડકારોનો સામનો કરીને તેઓ માઉન્ટ યુનમની ટોચ પર પહોંચ્યા અને ત્યાં ભારતનો તિરંગો લહેરાવી દેશપ્રેમ અને સાહસની અનોખી મિશાલ સ્થાપિત કરી છે.

માઉન્ટ યુનમ સર કરવાની આ સિદ્ધિ સાથે ભોવાન રાઠોડે પોતાના



સાહસિક પર્વતારોહણ ક્ષેત્રે સાતમો રેકોર્ડ પોતાના નામે નોંધાવ્યો હોવાનું જણાવાયું છે.

તેમની આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત ગૌરવની બાબત નથી, પરંતુ ડાંગ જેવા આદિવાસી અને પર્વતીય જિલ્લાની યુવા શક્તિમાં રહેલી સાહસિકતા, પ્રતિભા અને અદમ્ય સંકલ્પનું પણ પ્રતિબિંબ છે.

ભોવાન રાઠોડની આ સિદ્ધિથી ડાંગ જિલ્લાના સાહસપ્રેમીઓ અને રમતવીરોમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. તેમની સિદ્ધિ યુવાનોને પડકારોને સ્વીકારીને પોતાના લક્ષ્ય તરફ સતત આગળ વધવા માટે પ્રેરણા પૂરી પાડે છે.

માઉન્ટ યુનમ સર કર્યા બાદ ભોવાન રાઠોડનું આગામી લક્ષ્ય વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટને સર કરવાનું છે. વિશેષરૂપે, તેઓ આગામી સમયમાં એવરેસ્ટની ટોચ સુધી દેશનો સૌથી મોટો તિરંગો લઈ જઈ તેને લહેરાવવાનો સંકલ્પ ધરાવે છે.

ડાંગની ધરતી પરથી હિમાલયના શિખરો સુધી તિરંગો પહોંચાડતા ભોવાન રાઠોડની આ સાહસગાથા સમગ્ર ડાંગ અને ગુજરાત માટે ગૌરવની બાબત બની છે. તેમના આગામી એવરેસ્ટ અભિયાન માટે પણ સમગ્ર ડાંગવાસીઓ અને ગુજરાત તરફથી શુભેચ્છાઓ પાઠવાઈ રહી છે.

આ સાહસિક અને ગૌરવપૂર્ણ પર્વતારોહણ અભિયાનને સફળ બનાવવા માટે વિજયભાઈ પટેલ (નાયબ મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા તથા ધારાસભ્ય, ડાંગ), રાજેશભાઈ ગામીત (પ્રમુખ, જિલ્લા પંચાયત, ડાંગ), સ્નેહલ ઠાકરે (ડાંગ જિલ્લા પંચાયત સદસ્ય), મંગળભાઈ ગાવિત (પૂર્વ ધારાસભ્ય, ડાંગ), રાજુભાઈ આહીર (યુનિટી કન્સ્ટ્રકશન) અભિષેક ભાલેરાવ (સામાજિક કાર્યકર, કોટમદર), હરિરામભાઈ સાવંત (સરપંચ, આહવા), તથા જશોદા મહેન્દ્રસિંહ અમલી (પૂર્વ મ્યુનિસિપલ કો-ઓપરેટર, અમદાવાદ) દ્વારા સહયોગ અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમના આર્થિક તથા નૈતિક સહયોગ બદલ પર્વતારોહક ભોવાનભાઈ જયરામભાઈ રાઠોડે સર્વનો આભાર વ્યક્ત કર્યો હતો.

## શ્રીડીમાં લોકશાહી વિકેન્દ્રીકરણ અને વધુ અધિકારો માટે સાંસદની માંગ

**દમણ, તા.૧૧ :** દાદરા-નગર હવેલી અને દમણ-દીવમાં વહીવટી અને વિકાસલક્ષી નિર્ણયોમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની ભાગીદારી વધારવાના મુદ્દે દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે લોકસભામાં અવાજ ઉઠાવ્યો હતો. ટેરિટોરિયલ કાઉન્સિલની માંગ પ્રદેશમાં વિકાસ કાર્યો અને વહીવટી નિર્ણયો માટે સાંસદો, જિલ્લા પંચાયતો અને નગરપાલિકાઓના સભ્યોને સમાવતી 'ડેવલપમેન્ટ/એડવાઈઝરી ટેરિટોરિયલ કાઉન્સિલ'ની રચના કરવા તેમજ અન્ય કેન્દ્રશાસિત પ્રદેશોની જેમ દાદરા-નગર હવેલી અને દમણ-દીવને રાજ્યસભામાં પ્રતિનિધિત્વ અને વધુ લોકશાહી સ્વશાસન આપવા અંગે નીતિ ઘડવા માંગ કરી હતી. ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, પંચાયત અને નગરપાલિકા સ્થાનિક સ્તરે કાર્યરત છે, પરંતુ સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશના મહત્વના નીતિવિષયક નિર્ણયો માટે ઉચ્ચસ્તરીય મંચની જરૂરિયાત છે.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**